અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

29 JUNE-2026 MONDAY | Vol. : 17 | Issue : 357 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રી: પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

4

વૈશ્વિક જળ સંઘર્ષ ભવિષ્યના યુદ્ધ સ્વચ્છ પાણી માટે થશે

5

રસ્તાઓ પર ચપ્પુ લઈને ફરતા યુવાનો: લિંબાયતમાં પોલીસ પેટ્રોલિંગ સમયે જંગલશા બાવાની દરગાહ પાસેથી....

6

બોક્સ ઓફિસ પર પિતા સૈફ અને પુત્રી સારા વચ્ચે ટક્કર થશે

7

સોનું ફરી ઉછળી રૂ.દોઢ લાખ નજીક ચાંદીમાં પણ આગેકૂચ: ક્રૂડમાં વધુ ઘટાડો

# સોનમ વાંગચુકે જંતર-મંતર પર ભૂખ હડતાળ શરૂ કરી

## NEET પેપર લીક પર ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગ, કોકરોચ પાર્ટીના આંદોલનનો 9મો દિવસ

**નવી દિલ્હી, તા.28**



લદ્દાખના સોશિયલ એક્ટિવિસ્ટ સોનમ વાંગચુકે રવિવારે જંતર-મંતર પર ભૂખ હડતાળ શરૂ કરી. NEET પેપર લીક અને CBSEની ગડબડીઓના વિરોધમાં જંતર-મંતર પર કોકરોચ જનતા પાર્ટીના પ્રદર્શનનો આજે 9મો દિવસ છે.

CJP 20 જૂનથી કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગણી સાથે પ્રદર્શન કરી રહી છે. ભૂખ હડતાળ શરૂ થતાં જ જંતર-મંતર પર પ્રદર્શનકારીઓ અને વિદ્યાર્થીઓ એકઠા થવા લાગ્યા.

પ્રદર્શનમાં ઘણા ખેડૂત નેતાઓ પણ જોડાયા. ભૂખ હડતાળ શરૂ કરતા પહેલા સોનમ વાંગચુકે અને પાર્ટીના ફાઉન્ડર અભિજીત દીપકે રાજઘાટ જઈને મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ આપી.

આ પહેલા પાર્ટીના ફાઉન્ડર અભિજીત દીપકે કહ્યું હતું કે શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા સુધી અમારું આંદોલન ચાલુ રહેશે.

લદ્દાખને પૂર્ણ રાજ્યનો દરજ્જો અપાવવા માટે આંદોલન કરી રહેલા સોનમ વાંગચુક 170 દિવસથી જોધપુર જેલમાં હતા. સોનમના ઉપવાસ દરમિયાન 24 સપ્ટેમ્બર 2025ના રોજ લેહમાં હિંસા થઈ હતી. આ પ્રદર્શનોમાં 4 લોકોના મોત થયા હતા. 90 લોકો ઘાયલ થયા હતા. સરકારનો આરોપ છે કે વાંગચુકે આ હિંસા ભડકાવી હતી.

બે દિવસ પછી 26 સપ્ટેમ્બરે રાષ્ટ્રીય સુરક્ષા અધિનિયમ (NSA) હેઠળ વાંગચુકની અટકાયત કરવામાં આવી હતી. આ પછી તેમને તરત જ જોધપુર ખસેડવામાં આવ્યા હતા.

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને 23 જૂને NDTV ને આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું કે જેમને લોકશાહીમાં નકારી કાઢવામાં આવ્યા હતા, તેઓ વેશ બદલીને આવ્યા છે અને હવે સિસ્ટમની પાછળ પડ્યા છે. તેઓ એવા લોકો માટે નારા લગાવે છે, જેઓ દેશને વિભાજીત કરવા માંગે છે. તેમની ઓળખ થઈ ગઈ છે.

પ્રધાને એમ પણ કહ્યું કે કેટલાક લોકો જાણી જોઈને શિક્ષણને પાટા પરથી ઉતારવાનો પ્રયાસ કરી રહ્યા છે. પછી ભલે તે કોચિંગ સેન્ટરવાળા હોય કે શિક્ષણ માફિયા હોય, તેમના પર નજર રાખવામાં આવી રહી છે. અમે તેમને ઘૂંટણિયે પાડીશું, નહીં તો આપણે દેશના બાળકોના ભવિષ્યને સુરક્ષિત કરી શકીશું નહીં.

દીપકેએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર તેના જવાબમાં કહ્યું- અમે કરદાતા છીએ, અમારા માતા-પિતા કરદાતા છે. અમને આતંકવાદી કહેવામાં આવી રહ્યા છે. શું આ શરમજનક નથી?

તેમણે ભૂતકાળમાં ખેડૂતો અને ડોકટરોને પણ આતંકવાદી કહેવામાં આવ્યા હોવાના આરોપોનો ઉલ્લેખ કરતા સરકાર પર નિશાન સાધ્યું અને પૂછ્યું કે આખરે હવે કોણ બાકી છે જેને આવું કહેવામાં આવ્યું નથી. અભિજીતે કહ્યું- જ્યારે દરેક વસ્તુને ગોપનીય ગણાવવામાં આવી રહી છે, તો પછી NEET પેપરને ગોપનીય કેમ રાખી શકાયું નહીં. તેમણે કહ્યું કે જો પેપર લીક ન થયું હોત તો ઘણા વિદ્યાર્થીઓનો જીવ ન ગયો હોત.

આ પહેલા X પર એક અન્ય પોસ્ટમાં દીપકે લખ્યું હતું- 'ધર્મેન્દ્ર પ્રધાન અમને આતંકવાદી કહે છે. વિડંબના એ છે કે તેમના હાથ 17થી વધુ વિદ્યાર્થીઓના લોહીથી રંગાયેલા છે.'

કોકરોચ જનતા પાર્ટી (CJP) ની શરૂઆત ચીફ જસ્ટિસ સૂર્યકાંતની એક ટિપ્પણી પછી થઈ. 15 મેના રોજ એક કેસની સુનાવણી દરમિયાન તેમણે કહ્યું હતું કે કેટલાક બેરોજગાર યુવાનો કોકરોચ જેવા હોય છે, જેઓ પછીથી મીડિયા, સોશિયલ મીડિયા અથવા RTI એક્ટિવિસ્ટ બનીને સિસ્ટમ પર હુમલો કરે છે.


આ ટિપ્પણીના બીજા દિવસે, 16 મેના રોજ અમેરિકામાં રહેતા અભિજીત દીપકે CJP ની શરૂઆત કરી અને સોશિયલ મીડિયા પર પાર્ટીના એકાઉન્ટ બનાવ્યા. 22 મેના રોજ તેમણે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગણી સાથે એક ઓનલાઈન અરજી શરૂ કરી, જેને 8 લાખથી વધુ લોકોનું સમર્થન મળવાનો દાવો કરવામાં આવ્યો.

10 જૂન સુધી CJP ના ઈન્સ્ટાગ્રામ પર 2.27 કરોડ ફોલોઅર્સ હતા. હવે તેમાં બે લાખનો ઘટાડો થયો છે. તેમ છતાં આ સંખ્યા ભાજપના 94 લાખ અને કોંગ્રેસના 1.37 કરોડ ફોલોઅર્સ કરતાં વધુ છે. X પર CJP ના 2.79 લાખ ફોલોઅર્સ છે.

30 વર્ષના અભિજીત મહારાષ્ટ્રના સંભાજી નગરના રહેવાસી ડિજિટલ મીડિયા સ્ટ્રેટેજિસ્ટ છે. અભિજીતે પુણેથી પત્રકારત્વનો અભ્યાસ કર્યો છે. હાલમાં, તેઓ અમેરિકાની બોસ્ટન યુનિવર્સિટીમાં પબ્લિક રિલેશન્સમાં માસ્ટર્સનો અભ્યાસ કરી રહ્યા છે.

## મોદીએ કહ્યું- સમુદ્રથી આકાશ સુધી ભારત સુરક્ષિત: દેશમાં 40થી વધુ C-295 વિમાનો બનાવવામાં આવી રહ્યા છે, ભારતે યોગમાં 114 મેડલ જીત્યા

**નવી દિલ્હી, તા.28**



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મન કી બાત ના 135મા એપિસોડમાં કહ્યું- સમુદ્રથી લઈને આકાશ સુધી ભારત સુરક્ષિત છે. પીએમએ તાજેતરમાં પરીક્ષણ કરાયેલી જમીનથી હવામાં હુમલો કરતી મિસાઈલોનો ઉલ્લેખ કર્યો.

તેમણે કહ્યું- જૂન મહિનામાં જ દેશે ઉડ્ડયન ક્ષેત્રે વધુ એક મોટી સફળતા હાંસલ કરી છે. મેડ ઈન ઈન્ડિયા અભિયાન હેઠળ તૈયાર કરાયેલા C-295 વિમાને તેની પ્રથમ સફળ ઉડાન પૂર્ણ કરી લીધી છે. હાલમાં આવા 40 વિમાન ભારતમાં જ બનાવવામાં આવી રહ્યા છે.

તેમણે કહ્યું કે હાલમાં મને કોલકાતામાં નૌકાદળ સંબંધિત એક કાર્યક્રમમાં સામેલ થવાનો અવસર મળ્યો. ત્યાં INS દૂનાગિરી, INS સંશોધક અને INS અગ્રયને ભારતીય નૌકાદળના કાફલામાં સામેલ કરવામાં આવ્યા. આ શિપની ડિઝાઈન અને મેન્યુફેક્ચરિંગ સુધી બધું જ સ્વદેશી છે.

પીએમએ કહ્યું કે આ વખતે દુનિયાના 2500થી વધુ સ્થળોએ યોગના અનેક કાર્યક્રમો થયા. અમદાવાદમાં આયોજિત 'વિશ્વ યોગાસન ચેમ્પિયનશિપ'ની પણ ઘણી ચર્ચા થઈ. આ ચેમ્પિયનશિપમાં ભારતે શાનદાર પ્રદર્શન કરતા કુલ 114 મેડલ જીત્યા છે, જેમાં 102 ગોલ્ડ મેડલ પણ સામેલ છે. ભારત મેડલ ટેબલમાં પ્રથમ સ્થાને રહ્યું છે.

પીએમએ ઉલ્લેખ કર્યો કે મહારાષ્ટ્રના નાંદેડના બહાદુરપુરા ગામના પેઠકર પરિવારે તેમના પરિવારમાં લગ્ન પ્રસંગે આશરે 3,500 ગ્રામજનો માટે અકસ્માત વીમાની વ્યવસ્થા કરી હતી. દરેક વ્યક્તિને એક લાખ રૂપિયાનું વીમા કવચ પૂરું પાડવામાં આવ્યું હતું.

પીએમ મોદીએ જણાવ્યું હતું કે નાગાલેન્ડમાં બે લીગ છે જે દરેકને પ્રેરણા આપી શકે છે. તેમાંથી એક નાગાલેન્ડ બેબી લીગ છે. આ 5 થી 12 વર્ષના નાના બાળકો માટે એક અસાધારણ લીગ છે, જે તેમની ગતિ અને પ્રતિભાને પ્રોત્સાહન આપે છે. આ લીગ પહેલાથી જ ત્રણ વર્ષ પૂર્ણ કરી ચૂકી છે.

નાગાલેન્ડ મહિલા ફૂટસલ લીગ: ફૂટસલ સામાન્ય રીતે ઈન્ડોર ફૂટબોલ તરીકે ઓળખાય છે. તેમાં પાંચ ખેલાડીઓનો સમાવેશ થાય છે અને તે પ્રમાણભૂત ફૂટબોલ કરતા નાના કોર્ટ પર રમાય છે. ઝડપી નિર્ણય લેવા પડે છે.

પીએમ મોદીએ આસામમાં જોવા મળતા 'હરગીલા' નામના પક્ષીનો ઉલ્લેખ કર્યો. 'હરગીલા' એક દુર્લભ પક્ષી છે જે પ્રકૃતિને સ્વચ્છ રાખવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. જો કે, લાંબા સમય સુધી, આસામના કેટલાક ભાગોમાં તેને અશુભ માનવામાં આવતું હતું.

લોકોને તેમની આસપાસ તેમને જોવાનું ગમતું ન હતું. ઘણીવાર, હરગીલા માળાઓ બનાવતા હતા તે વૃક્ષો પણ કાપી નાખવામાં આવતા હતા. આ સમય દરમિયાન જીવવિજ્ઞાની પૂર્ણિમા દેવી બર્મને આ પરિસ્થિતિ જોઈ હતી. તેમણે લોકોના મનમાં ગાઢ રીતે જડેલી ગેરમાન્યતાઓને બદલવાનો સંકલ્પ કર્યો.

તેમણે મહિલાઓ સાથે વાત કરી અને વૈજ્ઞાનિક તથ્યોના આધારે બાબતો સમજાવી. ધીમે ધીમે, મહિલાઓ આ અભિયાનમાં જોડાવા લાગી. પછી, એક મોટું પરિવર્તન શરૂ થયું. જે પક્ષી એક સમયે દુર્ભાગ્યના સંકેત તરીકે ભગાડવામાં આવતું હતું તે જ ગામડાઓની ઓળખ બનવા લાગ્યું.

'હરગીલા'ને બચાવવા માટે હજારો ગ્રામીણ મહિલાઓ આગળ આવી. આજે, તેઓ 'હરગીલા આર્મી' તરીકે ઓળખાય છે. આ મહિલાઓને સામાજિક પ્રતિકારનો પણ સામનો કરવો પડ્યો; તેમણે સમુદાયને સમજાવવા માટે અથાક મહેનત કરી અને આખરે અંધશ્રદ્ધાઓ પર કાબુ મેળવ્યો. તેમણે દર્શાવ્યું છે કે જ્યારે યોગ્ય માહિતી પહોંચાડવામાં આવે છે, ત્યારે લાંબા સમયથી ચાલતી માનસિકતા પણ બદલાઈ શકે છે.

પીએમ મોદીએ કહ્યું કે નાલંદા યુનિવર્સિટીએ શાસ્ત્રાર્થની આપણી આપણી પ્રાચીન પરંપરાને પુનર્જીવિત કરી છે. શાસ્ત્રાર્થ ફક્ત પોતાના વિચારો વ્યક્ત કરવાનું માધ્યમ નથી. તે સંવાદ, ચર્ચા અને મંથનની એક શિસ્તબદ્ધ પ્રક્રિયા છે.

તેમણે જણાવ્યું હતું કે આ પ્રક્રિયામાં, તર્ક અને તથ્યો દ્વારા સમર્થિત પોતાના વિચારો વ્યક્ત કરવા અને વિષય પર નિપુણતા મેળવવી ખૂબ જ મહત્વપૂર્ણ છે.

## રાજનાથ સિંહ સંસદમાં ખોટું બોલ્યા?: કોંગ્રેસે કહ્યું, સરકારે ઓપરેશન સિંદૂરના શહીદોની જાણકારી છુપાવી

**નવી દિલ્હી, તા.28**



ઓપરેશન સિંદૂરમાં ભારતના 6 શહીદ જવાનોના નામ જાહેર કર્યા બાદ વિવાદ થયો છે. કોંગ્રેસે સરકાર પર શહીદોના નામ છુપાવવાનો આરોપ લગાવ્યો. કોંગ્રેસ નેતા પવન ખેડાએ કહ્યું, 'સરકારે આ જવાનોની શહાદત એક વર્ષ સુધી જાહેર કરી ન હતી. તેમને તે સન્માન મળ્યું ન હતું, જેના તેઓ હકદાર હતા.' તેમણે રક્ષા મંત્રી રાજનાથ સિંહના સંસદમાં આપેલા એક નિવેદનનો વીડિયો X પર શેર કર્યો. તેમાં રાજનાથ સિંહે એક પ્રશ્નના જવાબમાં કહ્યું હતું કે ઓપરેશન સિંદૂરમાં કોઈને નુકસાન થયું નથી. ખેડાએ કહ્યું, 'બે જ શક્યતાઓ છે. કાં તો રક્ષા મંત્રીને તે સમયે છ જવાનોની શહાદતની જાણકારી ન હતી અથવા તેમણે સંસદને ગેરમાર્ગે દોરી. બંને પરિસ્થિતિઓ ગંભીર છે.' બીજી તરફ, રક્ષા મંત્રાલયે કહ્યું કે રાજનાથના સંસદમાં આપેલા નિવેદનને ખોટી રીતે રજૂ કરવામાં આવી રહ્યું છે. આ અંગે રક્ષા મંત્રાલયે કહ્યું કે આ દાવો ખોટો છે કે શહીદોને પહેલીવાર સન્માન મળ્યું. રક્ષા મંત્રી રાજનાથ સિંહના નિવેદનને ખોટી રીતે રજૂ કરવામાં આવ્યું. રક્ષા મંત્રાલયે નિવેદન જારી કરીને કહ્યું કે કેટલાક મીડિયા રિપોર્ટ્સ અને સોશિયલ મીડિયા પોસ્ટ્સમાં એવો ખોટો દાવો કરવામાં આવી રહ્યો છે કે છ શહીદોને પહેલીવાર હવે જાહેર સન્માન મળ્યું છે. આ દાવો તથ્યાત્મક રીતે ખોટો છે. મંત્રાલયના જણાવ્યા અનુસાર, 11 મે 2025 ના રોજ યોજાયેલી સત્તાવાર પ્રેસ કોન્ફરન્સમાં તત્કાલીન સૈન્ય અભિયાન મહાનિર્દેશક (DGMO) એ આ છ જવાનોને શ્રદ્ધાંજલિ આપી હતી.

આ પછી 14 ઓગસ્ટ 2025 ની પ્રેસ વિજ્ઞપ્તિમાં તેમને વીરતા પુરસ્કાર આપવામાં આવ્યા હોવાની માહિતી પણ જાહેર કરવામાં આવી હતી. ભારતીય સેનાના સત્તાવાર સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પણ શહીદોને તરત જ શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

## મોદીને સેશેલ્સનું સર્વોચ્ચ નાગરિક સન્માન મળ્યું: PMએ કહ્યું- હિન્દ મહાસાગરને અવસરોનો મહાસાગર બનાવીએ, અત્યાર સુધીમાં 33 દેશોએ પીએમનું સન્માન કર્યું

**વિક્ટોરિયા, તા.28**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને રવિવારે સેશેલ્સનો સર્વોચ્ચ નાગરિક સન્માન 'ગાર્ડિયન ઓફ બ્લુ હોરાઈઝન' મળ્યો છે. આ સાથે હવે વડાપ્રધાન મોદીને કુલ 33 દેશોનો સર્વોચ્ચ નાગરિક સન્માન મળ્યો છે.

વડાપ્રધાન મોદીએ સન્માનિત થવા બદલ સેશેલ્સની જનતા, સરકાર અને રાષ્ટ્રપતિ પેટ્રિક હર્મિનીનો આભાર વ્યક્ત કર્યો. આ સાથે તેમણે કહ્યું કે બંને દેશોએ મળીને હિન્દ મહાસાગરને અવસરોનો મહાસાગર બનાવવામાં યોગદાન આપવું જોઈએ.

વડાપ્રધાન મોદી અને રાષ્ટ્રપતિ પેટ્રિક હર્મિની વચ્ચે દ્વિપક્ષીય બેઠક મળી હતી. આ દરમિયાન બંને દેશો વચ્ચે દરિયાઈ સુરક્ષા અને સંરક્ષણ સહયોગ, કોસ્ટ ગાર્ડ અને દરિયાઈ દેખરેખ સહિત અનેક કરારો થઈ શકે છે. મોદી ભારતીય સમુદાયના કાર્યક્રમમાં પણ ભાગ લેશે. તેઓ આજે સેશેલ્સની નેશનલ એસેમ્બલીને સંબોધન કરશે. આ સાથે તેઓ વિશ્વના પ્રથમ એવા ભારતીય વડાપ્રધાન બની જશે, જેમણે 20 દેશોની સંસદ અથવા નેશનલ એસેમ્બલીને સંબોધન કર્યુ છે. મોદી શનિવારે ત્રણ દિવસની રાજકીય યાત્રા પર સેશેલ્સ પહોંચ્યા હતા. રાજધાની વિક્ટોરિયામાં રાષ્ટ્રપતિ પેટ્રિક હર્મિનીએ તેમનું સ્વાગત કર્યું. બંને નેતાઓએ નેશનલ બોટનિકલ ગાર્ડનની મુલાકાત લીધી અને યાદગીરી રૂપે એક છોડ રોપ્યો હતો. પોર્ટુગીઝ નાવિક વાસ્કો દ ગામાએ સૌપ્રથમ 1502માં સેશેલ્સની શોધ કરી હતી. ત્યારે



અહીં લોકોની કોઈ કાયમી વસાહત નહોતી. ત્યારબાદ ઘણી સદીઓ સુધી અરબી અને યુરોપિયન જહાજો અહીં રોકાતા રહ્યા, પરંતુ કોઈ કાયમી વસતિ બની નહીં.

સૌપ્રથમ 1770માં ફ્રાન્સે પહેલી કાયમી વસાહત સ્થાપી. આ જ દળમાં 15 ફ્રેન્ચ વસાહતીઓ, 7 આફ્રિકન ગુલામો અને 5 ભારતીયો સામેલ હતા. તેમને સેશેલ્સના પ્રથમ કાયમી નિવાસી માનવામાં આવે છે. ત્યારબાદ 19મી સદીમાં બ્રિટિશ શાસન દરમિયાન બિહારના ભોજપુરી ભાષી વિસ્તારોમાંથી પણ લોકો અહીં આવીને વસવા લાગ્યા. 20મી સદીથી તમિલનાડુ અને ગુજરાતમાંથી પણ મોટી સંખ્યામાં ભારતીય વેપારીઓ, મજૂરો અને બાંધકામ કાર્ય સાથે સંકળાયેલા લોકો સેશેલ્સ પહોંચ્યા.

આજે લગભગ 1.20 લાખની વસતિ ધરાવતા આ દેશમાં ભારતીય મૂળના લોકો લગભગ 8% છે. ભારતીય મૂળના લોકોમાં બિહારી સમુદાય ત્રીજો સૌથી મોટો સમુદાય માનવામાં આવે છે. વર્ષ 2020માં રાષ્ટ્રપતિ બનેલા વેવેલ રામકલાવનના મૂળ પણ બિહાર સાથે જોડાયેલા છે.

રામકલાવનના પરદાદા લગભગ 138 વર્ષ પહેલાં બિહારના ગોપાલગંજ જિલ્લાના પરસૌની ગામથી કોલકાતા પહોંચ્યા હતા. ત્યાંથી તેમને શેરડીના ખેતરોમાં કામ કરવા માટે મોરેશિયસ મોકલ્યા. પાછળથી તેમનો પરિવાર સેશેલ્સમાં સ્થાયી થયો. વર્ષ 2018માં, જ્યારે રામકલાવન વિપક્ષના સાંસદ હતા, ત્યારે તેમણે તેમના પૂર્વજોના ગામ પરસૌનીની મુલાકાત પણ લીધી હતી. દુનિયામાં કાચબાઓની 360થી વધુ પ્રજાતિઓ છે. તેમાંથી સેશેલ્સમાં જોવા મળતો અલ્ડાબ્રા જાયન્ટ કાચબો સૌથી પ્રખ્યાત પ્રજાતિઓમાંનો એક છે. આ પ્રજાતિ તેની અત્યંત લાંબી ઉંમર (સરેરાશ ઉંમર 150 વર્ષ) માટે જાણીતી છે.



# અમિત શાહે લોકોને કહ્યું- 'એક પત્ર લખજો, કામ થઈ જશે'

## સાબરમતી વિધાનસભાના લોકો સાથે લોકદરબાર યોજી પ્રશ્નો જાણ્યા, અમદાવાદમાં 101 ઓક્સિજન પાર્ક ખુલ્લા મૂકાશે

**અમદાવાદ, તા.28**

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ બે દિવસ ગુજરાતની મુલાકાતે આવ્યા છે ત્યારે 27 જૂનના રોજ રાત્રે રાણીપમાં સ્વામિનારાયણ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે સાબરમતી, રાણીપ, નવાવાડજ અને ડિ કેબીન વિસ્તારની સોસાયટીઓના ચેરમેન અને સેક્રેટરીઓ સાથેના લોકદરબાર કાર્યક્રમમાં પહોંચ્યા હતા. લોકદરબાર કાર્યક્રમમાં સોસાયટીના ચેરમેન અને સેક્રેટરીઓએ ટ્રાફિકની સમસ્યા, મોટા રોડ બનાવવા, ઓડીટોરિયમ હોલ અને કોમ્યુનિટી હોલ બનાવવા તેમજ જે કામો ચાલી રહ્યા છે તેને જલ્દી પૂરા કરવા માટે રજૂઆત કરી હતી. કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે અમદાવાદના સાયન્સ સિટી રોડ પર આવેલા તેમના કાર્યાલયનું સરનામું બે વખત બોલ્યા હતા અને કહ્યું હતું કે કાર્યાલય પર એક નનામો પત્ર પણ લખશો તો નિશ્ચિત તમારી નોંધ લેવાઈ જશે અને કામ થશે.

કેન્દ્રીય ગૃહ મંત્રીએ સોસાયટીના ચેરમેન સેક્રેટરી સહિતના નાગરિકો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે 1997થી 2027 એટલે કે 30 વર્ષ થયાં છે. 3 પેઢી બદલાઈ છે પણ રાણીપવાળા બદલાયા નથી. ભલભલાને સ્વીકારે એવા નથી. રાણીપની જનતાએ ભાજપને પકડી રાખ્યો છે જેના માટે સૌ નેતાઓ વતી આભાર માનું છું. વિકાસના કામો સતત ચાલતી પ્રક્રિયા છે. અમુક કામ ગમે તેટલી ઈચ્છા હોય છતાં થતાં નથી. સાબરમતી ચંદ્રભાગા નાળા સાબરમતી 2003માં વચન આપ્યું અને 2023 થયું છતાં રસ્તો નીકળ્યો નહોતો. ફરિયાદ કરી નથી. ધીરજપૂર્વક મે કામ કર્યું અને હવે કામ થઈ ગયું. ખૂબ સુંદર આયોજન થવાનું છે. પશ્ચિમનું સૌથી આકર્ષણનું કેન્દ્ર રાણીપ બનશે.

લોક દરબાર કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યો છું અને તમારા પ્રશ્નો અને સમસ્યા સાંભળવા આવ્યો છું પરંતુ તમે સમસ્યા ઓછી કરી આભાર વધારે કર્યો છે. મારું કાર્યાલય સતત ચાલે છે. અમદાવાદમાં સાયન્સ સિટી રોડ ઉપર કાર્યાલય આવેલું છે જે કાર્યાલય પર એક નનામો પત્ર પણ લખશો તો નિશ્ચિત નોંધ લેવાઈ જશે અને કામ થશે. નાગરિકોની સમસ્યાના પત્રો જાતે હું પત્ર વાંચું છું. વધુ 10 દિવસમાં સૂચનાઓ જે તે વિભાગ સુધી પહોંચાડી દઉં છું.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં અનેકવિધ કામો કહ્યા છે અને એમને યાદ કરાવવા પડ્યા નથી. મ્યુનિસિપલ કોર્પોરેશનનો ખૂબ જ આભાર માનું છું. તળાવો તૈયાર કરવા, ઓક્સિજન બનાવવા, રેલવે સાથે કરાવવું દરેક બ્રિજ નીચે મૂકવાનો નહીં રમવા માટેની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. સીધી જવાબદારી કોર્પોરેશન નથી એવા તમામ કામો મ્યુનિસિપલ કોર્પોરેશને કર્યા છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયર અને તેમની ટીમનો આભાર માનું છું.

હિમાંશુ પ્રજાપતિ, સોમેશ્વર સોસાયટી:રોડ પર પાર્કિંગની સમસ્યા વધારે થઈ રહી છે. જેના કારણે અમને તકલીફ પડી રહી છે જેથી તેનો કોઈ ઉકેલ લાવો. નવો RCC રોડ બન્યો છે. પેવર બ્લોક અને વરસાદી પાણી ભરાવવાની સમસ્યાનો ઉકેલ આવ્યો છે.



અલકા ઠાકોર કાસિંદ્રા સોસાયટી, ડી કેબીન:સાબરમતી અને ડી કેબીનને જોડતો રેલવે કોલોની રોડ અત્યારે હાલમાં સિંગલ પટ્ટી રોડ છે. જે રોડ પાંચ વર્ષ પહેલા બનાવ્યો હતો પણ હવે તેને મોટો કરવાની જરૂર છે જેથી આ રોડને મોટો કરી ટુ લેન કરો એવી અમારી માંગ છે.

હરીશ ઉપાધ્યાય, સામર્થ્ય રેસીડેન્સી ડી કેબીન:ડી કેબિન વિસ્તારમાં એક કોમ્યુનિટી હોલ આવેલો છે પરંતુ આ હોલ ખૂબ જ જૂનો છે જેથી અમારી માંગ છે કોમ્યુનિટી હોલ બનાવો જેથી સારા ખરાબ પ્રસંગ ત્યાં કરી શકે.

ગિરીશ, રત્નસાગર હાઈટ્સ:શહેરમાં અલગ અલગ જગ્યાએ ઓડિટોરિયમ મોલ છે પરંતુ રાણીપ અને સાબરમતીમાં કોઈ ઓડિટોરિયમ હોલ નથી જેથી ઓડીટોરિયમ હોલ નવો હોવો જોઈએ તો લોકોને લાભ થાય

સુનિલ ભંડારી, સાબરમતી:સાબરમતી રેલવે સ્ટેશન બહાર ટ્રાફિકની સમસ્યા બહુ થાય છે અને રીક્ષામાં 8-10 જણા બેસાડીને લઈ જાય છે એમાં ધ્યાન આપો.

પ્રશાંત બારડ, સાબરમતી: મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તપોવન સર્કલથી વિસત સર્કલ પર આઈકોનિક રોડનું કામ ચાલી રહ્યું છે જેના જલ્દી કરાવડાવો ધીમું બહુ ચાલે છે. કિરણ ભાવસાર, સાબરમતી: જુના અચેર સ્મશાન ગૃહનું કામ જલ્દી શરૂ કરવામાં આવે એવી વિનંતી છે.

લોકસભામાં ચૂંટાયો ત્યારે કહ્યું હતું કે, સૌથી વિકસિત લોકસભા બનશે જે ગુજરાત સરકારના સહયોગ વિના શક્ય નથી. ઘણી યોજનાઓ કહેવા અંગે સંકોચ થાય પરંતુ એના નિરાકરણ કરવાનું કામ ભુપેન્દ્રભાઈએ કર્યું છે. જે કામો તમે ગણાવ્યા છે તે તમામ કામો 2029 સુધીમાં પૂરા થઈ જશે. ઓડિટોરિયમ હોલ, બગીચા, ઓક્સિજન પાર્ક, નવા તળાવો બનાવવા, આઈકોનિક રોડ બનાવવા અને આર્થિક ગતિવિધિ વધે એવા કામો કરવામાં આપણે સૌથી આગળ રહ્યા છીએ.

એક જમાનામાં ફેરિયાઓ અને લારીવાળાઓને ડર રહેતો હતો કે હમણાં હપ્તો લઈ જશે કે લારી લઈ જશે પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લારીઓવાળાને 10 હજાર રૂપિયાની લોન તેમના આપી છે. હજારો લારીવાળાઓને લોન આપવામાં આવેલી છે અને તેમનું જીવન સારી રીતે જીવી શકે એવો પ્રયાસ કર્યો છે. અનેક કામો થયાં છે. લાઈબ્રેરીમાં જવાવાળા લોકોમાં 34 ટકાનો વધારો થયો છે. મેં નક્કી કર્યું છે એક પણ ગામ એવું કે જ્યાં લાઈબ્રેરી ન હોય. 161 ગામમાં લાઈબ્રેરી બનાવવાની તૈયારી થઈ રહી છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે આજનો કાર્યક્રમ વિશિષ્ટ કાર્યક્રમ છે. લોક પ્રતિનિધિ મળે એમાં નવી વાત નથી. દેશનું સુકાન સંભાળે અને પ્રજા વચ્ચે આવી વાત કરે અને ઉકેલ લાવે એવું પ્રતિનિધિત્વ આપણને મળ્યું છે. કોર્પોરેશનમાં કોર્પોરેટર પાસે કામ ના થાય તો ધારાસભ્ય જોડે કામ થઈ જતું હોય છે પરંતુ જો ધારાસભ્ય જોડે કામ ના થાય ત્યારે અમિત ભાઈ જોડે વાત જાય એટલે કામ થઈ જ જાય. કેન્દ્રીય ગૃહ મંત્રી પાસેથી ઘણું શીખવાનું છે. આજના લોક દરબારમાં કોર્પોરેશન અને સરકાર બન્ને છે એટલે નાગરિકોના તમામ પ્રશ્નોનો ઉકેલ આવશે.

કેન્દ્રીય ગૃહ અને સહકારીતા મંત્રી અમિત શાહે કહ્યું હતું કે વૃક્ષારોપણને લઈને કહ્યું હતું કે, સૌ સોસાયટીના ચેરમેન અને સેક્રેટરીઓને હું વિનંતી કરું છું કે ત્રીજી પેઢી કેવી રીતે જીવે એની ચિંતા કરવાની છે.ગરમી 48 ડિગ્રી થઈ છે ત્યારે જો 52 થશે તો જીવવા જેવું નહીં રહે. બાળકો કેવી રીતે રહી શકશે ? વૃક્ષારોપણ અને સોલાર રુફટોપ એકમાત્ર રસ્તો છે. અમે તમામ સોસાયટીના ચેરમેન અને સેક્રેટરીઓને પત્રો લખ્યા છે. વૃક્ષો વાવી અને તેને વધારીએ એ કામ આપણે કરવાનું છે. યુવાનોને આ કામગીરી સોંપવી જોઈએ. ગ્રીન ગાંધીનગર લોકસભાનું અભિયાન ઉપાડવું જોઈએ. હું દરેક સોસાયટીએ પરકોરેટિંગ વેલ બનાવી જોઈએ.આજે મેં મ્યુનિસિપલ કોર્પોરેશનને સૂચના આપી છે કે જેટલા પરકોલેટિંગ કુવા બન્યા છે તેની સફાઈ કરવાનું કહ્યું છે. ચોમાસુ આવ્યું પણ વરસાદ આવ્યો નથી. જેથી તાત્કાલિક સફાઈ કરવા માટે મેં કહ્યું છે.

ગાંધીનગર લોકસભા વિસ્તારને દેશની સર્વશ્રેષ્ઠ અને મોડલ 'હરિયાળી લોકસભા' બનાવવા અને આગામી પેઢીને સ્વચ્છ પર્યાવરણ આપવાના ઉમદા ઉદ્દેશ્ય સાથે વર્ષ 2026-27 દરમિયાન વિશાળ સ્તરે વૃક્ષારોપણ મહાઅભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે. આ સંદર્ભે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહના અધ્યક્ષસ્થાને અમદાવાદ ખાતે ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠક યોજાઈ હતી.

આ મહાઅભિયાન અંતર્ગત આગામી તા. 12 જુલાઈ, 2026ના રોજ તંત્ર અને લોકભાગીદારીના સહયોગથી ગાંધીનગર લોકસભા મતવિસ્તારની કુલ 308 નિયત જગ્યાઓ પર મોટા પાયે વિશેષ વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાશે.

આ અંતર્ગત વન વિભાગ દ્વારા 60 લાખથી વધુ વૃક્ષો વાવીને 82 વન કવચ બનાવવાનું સુદ્દઢ આયોજન કરાયું છે. એએમસી દ્વારા (ગાંધીનગર લોકસભાના વિસ્તારમાં) 31.43 લાખ, અમદાવાદ જિલ્લામાં નવ લાખ, જીએમસી દ્વારા 6.27 લાખ, ગાંધીનગર જિલ્લા દ્વારા 12.5 લાખ, ઔડા દ્વારા ચાર લાખ, ગુડા દ્વારા 1.67 લાખ, GIDC દ્વારા એક લાખ, વગેરે મળીને કુલ એક કરોડ 26 લાખથી વધારે વૃક્ષો વાવવાનો લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવ્યો છે, જે ગત વર્ષ કરતાં બે ગણો વધારે છે. આ અંતર્ગત 121 જેટલી સામાજિક -સ્વૈચ્છિક સંસ્થાઓ, બેન્કો, ઔદ્યોગિક સંસ્થાઓ દ્વારા 28.50 લાખ જેટલા વૃક્ષો વાવવા-ઉછેરવાની જવાબદારી સ્વીકારવામાં આવી છે. આ મહાઅભિયાનમાં 2.33 લાખથી વધારે વોલેન્ટિયર્સ સહભાગી થશે.

બેઠકમાં એક મહત્ત્વપૂર્ણ નિર્ણય અંતર્ગત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરીજનો માટે ટૂંક સમયમાં 101 જેટલા ઓક્સિજન પાર્ક ખુલ્લા મૂકવામાં આવશે. કેન્દ્રીય ગૃહ મંત્રીએ આ તમામ ઓક્સિજન પાર્કની વિગતો, ફોટો, વીડિયો અને જીપીએસ લોકેશન સાથે વેબસાઈટ ઉપર લિંક કરવા સૂચન કર્યું છે, જેથી નાગરિકોને માત્ર એક ક્લિક પર ઓનલાઈન ઈન્ડેક્સ દ્વારા તમામ માહિતી મળી શકે. આ ઓક્સિજન પાર્કમાં વોકિંગ ટ્રેક, લાઈટ, સાઈનેજીસ, પાર્કિંગ અને બાળકોના રમવાના વિસ્તારનું આધુનિક આયોજન કરવામાં આવ્યું છે, જેનો ત્વરિત અમલ કરવામાં આવશે.

અભિયાનને વધુ વ્યાપક બનાવવા વહીવટી તંત્રે કરેલા માઈક્રો-પ્લાનિંગ મુજબ, 50થી વધુ વૃક્ષો વાવી શકાય તેવી રહેણાક સોસાયટીઓ અને તમામ GIDC વિસ્તારોમાં પ્રદૂષણમુક્ત વાતાવરણ આપવા સઘન વાવેતર કરાશે. આ ઉપરાંત, રસ્તાના મીડિયન, ડમ્પ સાઈટ્સ, ખાલી સરકારી પ્લોટ્સ અને રેલ્વે ટ્રેકની આસપાસ ખુલ્લી જગ્યાઓમાં વાવેતર કરીને ગ્રીન કવર વધારવામાં આવશે. આ ઝુંબેશમાં મિયાવાકી પદ્ધતિ, ડેન્સ પ્લાન્ટેશન જેવી અધતન વૈજ્ઞાનિક પદ્ધતિઓનો ઉપયોગ થશે અને વન વિભાગ દ્વારા 60 લાખ રોપાઓ વાવી 83 'વન કવચ' બનાવાશે.

# સાણંદ કન્યા છાત્રાલયમાંથી સગીરાના અપહરણ અને દુષ્કર્મ કેસમાં ઐતિહાસિક ચુકાદો: બે આરોપીઓને 20 વર્ષની સખત કેદ, ફરાર આરોપી સામે ધરપકડ વોરંટ

**અમદાવાદ, તા.28**



અમદાવાદ જિલ્લાના સાણંદ વિસ્તારમાં આવેલી કન્યા છાત્રાલયમાંથી સગીર બાળાનું અપહરણ કરી તેના પર ગુજારવામાં આવેલા ભયંકર દુષ્કર્મના કેસમાં અદાલતે સીમાચિહ્નરૂપ ચુકાદો આપ્યો છે. અમદાવાદ ગ્રામ્ય સ્પેશિયલ પોક્સો (POCSO) કોર્ટના જજ બી.એસ. મહેતાએ આ ગુનાને અત્યંત ગંભીર ગણાવી મુખ્ય આરોપીઓ સાહીલકુમાર લક્ષ્મણભાઈ મકવાણા અને સુલતાન ઉર્ફે મનોજકુમાર હારૂનને કસૂરવાર ઠરાવીને 20 વર્ષની સખ્ત કેદની સજા ફટકારી છે. આ કેસમાં ટ્રાયલ દરમિયાન આરોપી સુલતાન ફરાર થઈ ગયો હોવાથી કોર્ટે તેની સામે ધરપકડ વોરંટ જારી કરી અલગથી કાર્યવાહી કરવા આદેશ કર્યો છે.

કેસની વિગત અનુસાર, 1 માર્ચ 2024ના રોજ આરોપી સાહીલકુમાર મકવાણા અને સુલતાન ઉર્ફે મનોજકુમાર હારૂન સાણંદ નળ સરોવર રોડ પર આવેલી 'ભગિની કન્યા છાત્રાલય' ખાતે પહોંચ્યા હતા. ત્યાં તેમણે હોસ્ટેલ પ્રશાસન સમક્ષ પોતાને 14 વર્ષીય સગીરાના કાકા તરીકે ઓળખાવી ખોટી ઓળખ આપી હતી. ત્યારબાદ આ બંને નરાધમો બાળાનું અપહરણ કરી રિક્ષામાં બેસાડી અલગ-અલગ સ્થળોએ લઈ ગયા હતા, જ્યાં તેના પર અમાનુષી દુષ્કર્મ ગુજારવામાં આવ્યું હતું. દીકરી ગુમ થતાં પરિવારજનોએ શોધખોળ બાદ સાણંદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી, જેના આધારે પોલીસે તપાસ કરી બંનેને ઝડપી પાડી કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી.

અદાલતમાં સુનાવણી દરમિયાન સરકારી વકીલ ભરતસિંહ સી. રાઠોડે પૂરતા સાક્ષીઓ અને મજબૂત દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરીને ધારદાર દલીલો કરી હતી. તેમણે કોર્ટને જણાવ્યું હતું કે, 'આ સામાજિક રીતે અત્યંત ગંભીર પ્રકારનો ગુનો છે. ભોગ બનનાર માસૂમ સગીર હોવાનું મેડિકલ અને શૈક્ષણિક રેકોર્ડ પર નિર્વિવાદ સાબિત થાય છે. ભોગ બનનારે નરાધમોને કોર્ટમાં ઓળખી બતાવ્યા છે. સમાજમાં જ્યારે આવા વિકૃત કિસ્સાઓ વધી રહ્યા છે ત્યારે ગુનેગારોમાં કાયદાનો કડક ભય રહે તે હેતુથી ન્યાયના હિતમાં મહત્તમમાં મહત્તમ સજા થવી અનિવાર્ય છે.'

નામદાર કોર્ટે સરકારી વકીલની દલીલો અને પુરાવાઓને ગ્રાહ્ય રાખતા ચુકાદામાં સ્પષ્ટ નોંધ્યું હતું કે, જ્યારે ભોગ બનનાર સગીરાની ઉંમર 16 વર્ષથી નાની હોય ત્યારે કાયદામાં 20 વર્ષથી ઓછી નહીં તેટલી સજા કરવાની સ્પષ્ટ જોગવાઈ છે. આ સમગ્ર કેસ પ્રિઝમ્પશન અને પુરાવાઓના આધારે નિ:શંકપણે પુરવાર થાય છે, જેથી આરોપીઓને કડક સજા કરવી સર્વથા ન્યાયોચિત છે.

કોર્ટે બંનેને 20 વર્ષની જેલની સજા ફટકારી સાહીલકુમારને જેલ ભેગો કર્યો છે, જ્યારે જામીન મુક્ત થયા બાદ ટ્રાયલ દરમિયાન પલાયન થઈ ગયેલા સુલતાન સામે કોર્ટે કડક વલણ અપનાવી તાત્કાલિક ધરપકડ કરવા માટે બિનજામીનપાત્ર વોરંટ જારી કરવાનો પોલીસને હુકમ કર્યો છે.

# અમદાવાદમાં યુથ કોંગ્રેસની આક્રોશ કેન્ડલ માર્ચ: પેપર લીક મામલે 'છાત્ર ગુંજ' કાર્યક્રમ હેઠળ રસ્તા પર ઉતર્યા કાર્યકર્તાઓ

**અમદાવાદ, તા.28**

દેશભરમાં અવારનવાર પેપર લીકની ઘટનાઓ સામે આવી રહી છે. જેના કારણે લાખો વિદ્યાર્થીઓને નુકસાન થઈ રહ્યું છે. જે મુદ્દે કોંગ્રેસ દ્વારા છેલ્લા ઘણા દિવસથી આંદોલનાત્મક કાર્યક્રમ કરવામાં આવી રહ્યા છે. તેમજ છાત્ર ગુંજ કાર્યક્રમ હેઠળ અમદાવાદમાં યુથ કોંગ્રેસ દ્વારા કેન્ડલ માર્ચ નીકળવામાં આવી હતી. જેમાં નેતાઓથી લઈને મોટી સંખ્યામાં યુથ કોંગ્રેસના કાર્યકર્તાઓ જોડાયા હતા.



તેમજ તમામ પરીક્ષાઓ પારદર્શક રીતે લેવામાં આવે તેમજ પેપર લીકની ઘટનાઓને લઈને શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું લેવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

ગુજરાત યુથ કોંગ્રેસ દ્વારા રાજીવ ગાંધી ભવનથી ટાઉન હોલ સુધી કેન્ડલ માર્ચ નીકાળી હતી. ટાઉન હોલ ખાતે સ્વામી વિવેકાનંદજીની પ્રતિમા સુધી છાત્રો કી ગુંજ અંતર્ગત કેન્ડલ માર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓના પ્રશ્નો. તેમના હકો અને સુરક્ષિત ભવિષ્યના મુદ્દે આયોજિત કેન્ડલ માર્ચમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને યુથ કોંગ્રેસના આગેવાનો જોડાયા હતા. દેશમાં વારંવાર બનતી પેપર લીકની ઘટનાઓ તેમજ NEET સહિતની વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સામે આવેલી ગેરરીતિઓને કારણે વિદ્યાર્થીઓમાં નિરાશા ફેલાઈ હોવાનો દાવો કરવામાં આવ્યો હતો.

પોસ્ટર સાથે કેન્ડલ માર્ચ યોજી પારદર્શક અને વિશ્વસનીય પરીક્ષા પ્રણાલીની માંગ કરી હતી. સાથે જ પેપર લીક જેવા ગંભીર ગુનાઓમાં સંડોવાયેલા લોકો સામે કડક કાનૂની કાર્યવાહી કરવાની પણ માંગ કરવામાં આવી હતી. કેન્ડલ માર્ચ દરમિયાન ગુજરાતના વિદ્યાર્થી કહાન પ્રશાંતભાઈ પટેલને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી અને તેમના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરવામાં આવી હતી. ઓલ ઈન્ડિયા કોંગ્રેસ સમિતિના રાષ્ટ્રીય સચિવ રામકિશન ઓઝા સહિતના આગેવાનો હાજર રહ્યા હતા. તેમજ પેપર લીક જેવી ગંભીર ઘટનાઓને લઈને શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું લેવામાં આવે તેવી પણ માંગ કરવામાં આવી હતી.

# અમદાવાદમાં ભાજપના ખેસવાળી કારમાંથી ₹50 લાખની ઉઠાંતરી....

- **ADC બેંક સામે એક બાઈક ચાલકે ધ્યાન ભટકાવ્યું ને બીજા બે ગઠિયા બેગ લઈ છૂમંતર, આંગડિયા પેઢીમાંથી નીકળ્યા હતા**

**અમદાવાદ, તા.28**

અમદાવાદના કૃષ્ણનગર વિસ્તારમાં મારુતિ પ્લાઝા એડીસી બેંકની સામે ગાડીમાંથી નજર ચૂકવી અને રૂપિયા 50 લાખની ઉઠાંતરીનો બનાવ સામે આવ્યો છે. બાઈક સવાર હેલમેટ પહેલા બે શખસ રૂપિયાની બેગ લઈ છૂમંતર થઈ ગયા હતા. ઘટનાની જાણ કૃષ્ણનગર પોલીસને થતા કાફલો ઘટના સ્થળ ઉપર પહોંચ્યો હતો.

જે કારમાંથી 50 લાખ રુપિયાની ઉઠાંતરી કરવામાં આવી તેમાંથી ભાજપનો ખેસ અને ખોડલધામ અમદાવાદ લખેલો ખેસ મળી આવ્યો હતો. ફરિયાદી છે એમણે બાપુનગરમાં આંગડિયા પેઢીમાંથી 50 લાખ લીધેલા હતા અને આ રુપિયા લઈને એ લોકો કોઠિયા હોસ્પિટલ તરફ જઈ રહ્યા હતા, એ દરમિયાન રસ્તામાં બનાવ બન્યો હતો.



એક બાઈક ચાલકે ગાડીની પાછળ અથડાવી એટલે કારચાલક ગાડી નીચે ઉતર્યો હતો. અને તેની સાથે બોલાચાલી કરી હતી. આ સમયે નજર ચૂકવી બીજા બાઈક ઉપર આવેલા બે અજાણ્યા હેલમેટ પહેરેલા વ્યક્તિઓએ ગાડીનો કાચ તોડી અને ગાડીમાં પડેલા રૂપિયા 50 લાખ ઉઠાવી ફરાર થઈ ગયા હતા. પોલીસ દ્વારા સીસીટીવી ફૂટેજના આધારે તપાસ શરૂ કરી છે.

એસીપી કૃણાલ દેસાઈએ જણાવ્યું હતું કે, આજે 27 જૂનના રોજ સવારના સમયે કૃષ્ણનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં જે મારુતિ પ્લાઝા કોમ્પ્લેક્સ છે એની પાસે જે ADC બેંક આવેલી છે, ત્યાં જે ફરિયાદી છે એ પોતાની ગાડી લઈને જે ગાડીમાં એક થેલામાં 50 લાખ હતા. જે બાપુનગર વિસ્તારમાં આંગડિયા પેઢીમાંથી ઉપાડીને એ લોકો જઈ રહ્યા હતા.

એ દરમિયાન ત્યાં આગળ બાઈક ચાલકોએ એની જોડે બાઈક, ગાડી સાથે ટક્કર મારીને, ટક્કર માર્યા બાદ એ લોકો જોડે ઝઘડો કર્યો અને ઝઘડો કર્યા બાદ એ લોકોની ગાડીમાંથી 50 લાખ લૂંટીને ફરાર થઈ ગયેલા હતા. તે આધારે હાલમાં ફરિયાદ લેવાની કાર્યવાહી ચાલુ છે. તેમજ પોલીસની અલગ-અલગ ટીમો તેમજ હ્યુમન ઈન્ટેલિજન્સ અને ટેકનિકલ સર્વેલન્સના આધારે અલગ-અલગ ટીમો બનાવીને આરોપી પકડવા માટેની તજવીજ ચાલુ છે.

વધુમાં કૃણાલ દેસાઈ જણાવ્યું હતું કે, હાલમાં અમારી જોડે જે પણ ડેટા હોય છે એ ડેટાના આધારે આરોપી આઈડેન્ટિફાય કરવા માટે પણ પ્રયત્ન ચાલુ છે. અમારી અલગ-અલગ ટીમો પણ ફિલ્ડમાં લાગેલી છે અને એને ટૂંક જ સમયમાં ડિટેક્ટ કરવામાં આવશે.

# 30 દિવસમાં કબજો સોંપવા 68 દુકાનોને નોટિસ: કાલુપુરમાં બે રોડ ખોલવા રથયાત્રા પછી રેવડીબજાર, જુમાની બજારની દુકાનો પર AMCનું બુલડોઝર ફરશે

**અમદાવાદ, તા.28**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ના એસ્ટેટ વિભાગ દ્વારા કાલુપુર રેલવે સ્ટેશનના રીડેવલપમેન્ટ અને બુલેટ ટ્રેન પ્રોજેક્ટને ધ્યાનમાં રાખીને ટ્રાફિકની સમસ્યા નિવારવા માટે એક બહુ મોટી કવાયત હાથ ધરવામાં આવી છે. પાંચકુવા દરવાજાથી કાલુપુર દરવાજા સુધીના વ્યસ્ત માર્ગોને 9 મીટર અને 12 મીટર સુધી પહોળા કરવા માટે મધ્ય ઝોન દ્વારા કાલુપુરના ઐતિહાસિક રેવડી બજાર અને જુમાની બજારની કુલ ૫૨૩ દુકાનો તોડી પાડવા (ડિમોલિશન કરવા) નો નિર્ણય લેવાયો છે. કોર્પોરેશને મકાનો અને દુકાનોનો પ્રત્યક્ષ કબજો મેળવવા માટે 30 દિવસની અલ્ટીમેટમ નોટિસ ફટકારવાનું શરૂ કરી દીધું છે અને આગામી અષાઢી બીજની રથયાત્રા સંપન્ન થયા બાદ આ પ્લોટો પર બુલડોઝર ફેરવી દેવામાં આવશે.




મળતી સત્તાવાર માહિતી મુજબ પાંચકુવા દરવાજા ફાયરબ્રિગેડ નજીકથી કાલુપુર દરવાજા સુધીના વિસ્તારમાં આવેલા ત્રણ ફાઈનલ પ્લોટ (FP- 101, 103 અને 107) માં કુલ 7654 ચો.મી. વિસ્તારને ટ્રાફિક મુક્ત અને ખુલ્લો કરવા માટે આ મેગા ઓપરેશન હાથ ધરાશે. આ જગ્યાઓ અગાઉ લાયસન્સથી ફાળવવામાં આવી હતી. લાયસન્સની શરત-12 અનુસાર જ્યારે પણ કોર્પોરેશનને જરૂર પડે ત્યારે 30 દિવસમાં જગ્યાનો ખુલ્લો અને પ્રત્યક્ષ કબજો સોંપવાનો રહે છે. આ અંતર્ગત જુમાની બજારની 68 દુકાનોને નોટિસ આપી દેવાઈ છે, જ્યારે રેવડી બજારની ૪૫૫ દુકાનોને પણ ટૂંક સમયમાં નોટિસ ફટકારાશે.

આ સમગ્ર મામલે મધ્ય ઝોનના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર રમ્ય ભટ્ટે જણાવ્યું હતું કે, 'અમે અત્યાર સુધીમાં જુમાની બજારની 68 જેટલી દુકાનોને સત્તાવાર નોટિસ આપી દીધી છે અને રેવડી બજારની દુકાનોને પણ હવે નોટિસ આપવામાં આવશે. સંબંધિત એસોસિએશન દ્વારા જમીનની મુદ્દલ રકમ ભરી દેવામાં આવી છે પરંતુ વ્યાજની મોટી રકમ હજી સુધી ભરવામાં આવી નથી. અમે નોટિસ ફટકારીને પ્લોટનો પ્રત્યક્ષ કબજો ખાલી કરવા માટે ૩૦ દિવસનો સમય આપ્યો છે.'

કાલુપુર વિસ્તારમાં હાલ જંત્રીનો ભાવ ચોરસ મીટર દીઠ અંદાજે 80,000 જેટલો અધધ છે. ડિમોલિશન બાદ AMC દ્વારા પ્લોટનો કબજો મેળવી મહાજન-એસોસિએશનને નવી માર્કેટ બનાવવા માટે સોંપવામાં આવશે. પરંતુ પ્લોટ સોંપણી સમયે જંત્રી મુજબની કરોડો રૂપિયાની રકમ કોણ ચૂકવશે તે અંગે હાલ મોટો યક્ષપ્રશ્ન અને મડાગાંઠ સર્જાઈ છે.

ભારત-પાકિસ્તાનના ભાગલા વખતે આવેલા નિરાશ્રિતોને રેવડી બજારમાં 455 જગ્યાઓ ફાળવવામાં આવી હતી. જોકે, સમય જતાં 50 ટકાથી વધુ મૂળ માલિકો બદલાઈ ગયા છે અને કેટલીક દુકાનોમાં પાવર ઓફ એટર્ની મારફતે 4થી 5 પેટા ભાડુઆતો હોવાનું પણ બહાર આવ્યું છે. હવે નવી બિલ્ડિંગના આયોજનમાં મોટી મુશ્કેલી એ છે કે, કુલ 7500 ચો.મી.ના પ્લોટમાં ગ્રાઉન્ડ ફ્લોર પર માત્ર 210 દુકાનો જ બની શકે તેમ છે, જ્યારે કુલ હકદારો 455 છે. બાકીના વેપારીઓને પહેલા અને બીજા માળે દુકાનો આપવી પડે તેમ છે, પરંતુ ગ્રાઉન્ડ ફ્લોર છોડવાથી ધંધો ગુમાવવો પડશે તેવા ડરથી કોઈ વેપારી ઉપર જવા તૈયાર નથી.

આ બાબતને લઈને દુકાનદારો અને રેવડી બજાર એસોસિએશન (સરદાર વલ્લભભાઈ પટેલ સિંધી ક્લોથ માર્કેટ કો. ઓ. સોસા. લી.) ના સંચાલકો વચ્ચે ઉગ્ર ઝઘડા અને વિવાદ શરૂ થયા છે. વેપારીઓનો આક્ષેપ છે કે એસોસિએશન મનસ્વી નિર્ણયો અને મનમાની કરી રહ્યું છે.

બીજી તરફ, રેવડી બજારના એસોસિએશને અગમ્ય કારણોસર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને વ્યાજ પેટે ચૂકવવાની થતી અંદાજે 11 કરોડ 29 લાખથી વધુની રકમ લાંબા સમયથી ચૂકવી નથી. સામાન્ય રીતે ટેક્સની નજીવી રકમ ન ભરનારા સામાન્ય નાગરિકોની મિલકત ટાંચમાં લેતી કે હરાજી કરતી AMC એ છેલ્લા દોઢ વર્ષથી આ ક્લોથ માર્કેટ સામે કોઈ કડક પગલાં કેમ નહોતા લીધા, તે અંગે પણ શહેરીજનોમાં વ્યાપક ચર્ચા જાગી છે. જોકે, હવે આ કાનૂની અને આર્થિક ગૂંચવણો વચ્ચે પણ રથયાત્રા બાદ કાલુપુર પંથકનો નકશો બદલવા કોર્પોરેશનનું બુલડોઝર ગર્જશે તે નક્કી છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨



શ્રી નરેન્દ્ર મોદી
માનનીય વડાપ્રધાન

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

Vibrant GUJARAT REGIONAL CONFERENCES
Regional Aspirations, Global Ambitions

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર





# મધ્ય ગુજરાત

# 29th | 30th JUNE 2026

# ક્ષેત્રીય આકાંક્ષાઓ, વૈશ્વિક મહત્ત્વાકાંક્ષાઓ

## કેન્દ્રિત ક્ષેત્રો

- સેમિકંડક્ટર અને ઇલેક્ટ્રોનિક્સ
- કેમિકલ્સ અને પેટ્રોકેમિકલ્સ
- ગ્રીન એનર્જી ઇકોસિસ્ટમ
- ઑટો અને ઑટો કોમ્પોનન્ટ્સ
- કૃષિ અને ફૂડ પ્રોસેસિંગ
- એરોસ્પેસ અને ડિફેન્સ
- ટુરિઝમ અને કલ્ચર
- સ્ટાર્ટઅપ્સ અને MSMEs
- IT અને ITeS
- બાયોટેક
- ફાર્માસ્યુટિકલ્સ
- ફિનટેક
- કૌશલ્ય વિકાસ
- એજ્યુકેશન

## કૉન્ફરન્સની વિશેષતાઓ

- ઉદ્ઘાટન સમારોહ
- પેનલ ચર્ચાઓ
- B2B/B2G મીટિંગ્સ
- સેક્ટર-સ્પેસિફિક સેમિનાર
- રાઉન્ડ ટેબલ કૉન્ફરન્સ
- વિશેષ પ્રવાસ/ઔદ્યોગિક ક્ષેત્રોની મુલાકાત
- રાષ્ટ્રવ્યાપી સેમિનાર
- રિવર્સ બાયર-સેલર મીટ
- વિક્રેતા વિકાસ કાર્યક્રમ
- પ્રાદેશિક પુરસ્કારો (MSMEs/કારીગર-કસબી)
- ઉદ્યમી મેળો
- સમાપન સત્ર
- પ્રાદેશિક MSME કૉન્ક્લેવ
- ટ્રેડ શો/પ્રદર્શન

ભવ્ય ઉદ્ઘાટન
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

## શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના

વરદ હસ્તે

ગરિમામયી ઉપસ્થિતિ

## શ્રી મનોહર લાલ

માનનીય કેન્દ્રીય મંત્રી, વિદ્યુત, આવાસ અને શહેરી બાબતો, ભારત સરકાર

## શ્રી હર્ષ સંઘવી

માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

**29 જૂન 2026, સોમવાર　સવારે 10:30 વાગે**
**GSFC યુનિવર્સિટી, વડોદરા, ગુજરાત**

**''વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કૉન્ફરન્સથી ગુજરાતના ઔદ્યોગિક ઉત્કર્ષની નવી દિશા ખુલશે.''**
**- હર્ષ સંઘવી, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત**

**વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ એક્ઝિબિશન　29 જૂનથી 3 જુલાઈ, 2026 | સવારે 10:00 થી સાંજે 6:00 વાગ્યા સુધી**

વેબસાઈટ પર પહોંચવા માટે સ્કેન કરો

ભાગીદાર દેશ: Japan, Rwanda, UAE, Ukraine

ભાગીદાર સંસ્થાઓ: JETRO, US-India, AmCham India, FEBI, IICCI, FINCHAM INDIA, Finland Chamber of Commerce in India, kotra, icbc Indo Canadian Business Chamber, U.S.-India Business Council, UIBC, ACMA

લોકેશન પર પહોંચવા માટે સ્કેન કરો

લાઈવ પ્રસારણ: CMOGuj　CMOGuj　CMOGujarat　CMOGujarat　vibrantgujarat　vibrantgujarat　vibrant_gujarat　vibrantgujarat

## તંત્રી લેખ

# મોદી સરકારના નવા મંત્રી મંડળમાં કેવા ફેરફાર થશે?

જો બીજું કોઈ વિઘ્ન નહીં આવે તો આવનાર બે - ત્રણ દિવસમાં કેન્દ્રીય મંત્રીમંડળમાં ફેરફાર થઈ શકે છે. મહારાષ્ટ્રમાં સફળ થયેલા 'ઓપરેશન ટાઈગર'ની અસર મંત્રીમંડળના ફેરફારમાં પણ જોવા મળશે. ઉદ્ધવ ઠાકરેના ૬ સાંસદો એકનાથ શિંદે સાથે જોડાતા શિવસેનાની તાકાત વધી ગઈ છે. ચર્ચા એવી છે કે, એક કેબિનેટ મંત્રીપદ શિવસેનાને પણ મળી શકે છે. મંત્રીપદ માટે શિંદેના પુત્ર ડો. શ્રીકાંત શિંદેની સાથે ધારાશિવના સાંસદ ઓમ રાજે લિબાલકરનું નામ પણ ચાલી રહ્યું છે. જો આમ થશે તો એનસીપી (સુનેત્રા પવાર) માંથી પણ કોઈ મંત્રી બની શકે છે. જ્યારે નરેન્દ્ર મોદીએ સોગંદ લીધા હતા ત્યારે પ્રફુલ્લ પટેલનું નામ મંત્રી તરીકે ચર્ચામાં હતું. જોકે એમને રાજ્ય મંત્રીનું પદ ઓફર થયું હોવાની વાત અટકી ગઈ હતી.

ભારતીય પાસપોર્ટ બાબતે દેશભરમાં વિવાદ ચાલી રહ્યો છે. વિદેશ મંત્રાલયના એક અધિકારીએ પાસપોર્ટને નાગરીકતા માટેનો પુરાવો નહી ગણતા ચર્ચા ચાલુ થઈ છે. હવે ચૂંટણી કમિશનએ પણ આ વિવાદમાં ઝંપલાવ્યું છે. કમિશને કહ્યું હતું કે વોટર લિસ્ટમાં પોતાનું નામ દાખલ કરાવવા કે ચાલુ રખાવવા માટે ભારતીય પાસપોર્ટ આજે પણ સંપૂર્ણ રીતે માન્ય છે. વોટર લીસ્ટમાં પોતાનું નામ દાખલ કરાવવા કે ચાલુ રખાવવા માટે જે ૧૨ જરૂરી દસ્તાવેજો છે એમાંથી પાસપોર્ટ પણ એક છે. ચૂંટણી કમિશનના એક અધિકારીના કહેવા પ્રમાણે પહેલા પણ પાસપોર્ટ ઓળખ સાબિત કરવા માટે માન્ય હતો અને આજે પણ છે. આ નિયમમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. બિહાર અને આસામમાં હમણા જ થયેલા એસઆઈઆર અભિયાન વખતે પાસપોર્ટને માન્ય દસ્તાવેજ તરીકે ગણવામાં આવ્યો હતો. કેન્દ્ર સરકારે ઈન્ટેલિજન્સ બ્યુરો (આઈબી)ના નવા ચીફ તરીકે સિનિયર આઈપીએસ અધિકારી મહેશ દિક્ષીતના નામને મંજૂરી આપી દીધી છે. તેલંગાણા કેડર અને ૧૯૯૩ બેંચના આઈપીએસ અધિકારી પાસે જાસુસી કામગીરી અને ઈન્ટરનલ સિક્યુરીટીનો બહોળો અનુભવ છે. એમની સૌથી મહત્વપૂર્ણ નિમણૂક જમ્મુ-કાશ્મીર અને લેહ વખતની છે. એમણે શ્રીનગરની આઈબી ઓફિસમાં ઈન્ટેલિજન્સ બ્યુરો ચીફ તરીકે કામગીરી કરી હતી. કેન્દ્ર સરકારે જ્યારે જમ્મુ-કાશ્મીરમાં કલમ ૩૭૦ દુર કરી હતી ત્યારે પરિસ્થિતિને કાબુમાં રાખવા મહેશ દિક્ષીત ત્યા હતાં. એમ મનાય છે કે ગ્રાઉન્ડ લેવલ પર તેમજ આતંકવાદ વિરોધી અભિયાનોનો દિક્ષીતને મોટો અનુભવ છે. સામ્યવાદી ઉગ્રવાદ અને સરહદની પેલી બાજુથી થતી ઘૂસણખોરી પર એમણે ઘણું કામ કર્યું છે. દેશની આંતરીક સુરક્ષાનો એમને ઘણો અનુભવ છે. તૃણમુલ કોંગ્રેસના રાષ્ટ્રીય મહામંત્રી તેમજ સાંસદ અભિષેક બેનર્જીના પ્રાઈવેટ આસીસ્ટન્ટ (પીએ) સુમિત રોય સામે કરોડો રૂપિયાની સરકારી જમીન ગોટાળાનો કેસ થયો છે. આ કેસ બાબતે કલકત્તા હાઈકોર્ટે એમને કોઈ રાહત આપી નથી. સુમિત રોયએ આગોતરા જામીન માટે અરજી કરી હતી જે ફગાવી દેવામાં આવી છે. હવે સુમિત રોયની ધરપકડનો રસ્તો ખુલી ગયો છે. કેસની સુનાવણી કરતા જસ્ટીસ જય સેનગુપ્તાએ કડક ટીપ્પણી કરીને કહ્યું હતું કે, પ્રથમ દ્રષ્ટિએ તમારી સામે છેતરપીંડી અને પૈસા લેવા માટે ગુનો કર્યો હોવાના પુરતા પુરાવા છે. કોર્ટે કડકાઈથી કહ્યું હતું કે આ કોઈ સામાન્ય ઘટના નથી, પરંતુ સરકારની લગભગ ૩૦૦ એકર જમીન બોગસ દસ્તાવેજો બનાવીને વેચવાનું સંગઠીત રેકેટ છે. નિતિશકુમારના ડ્રીમ પ્રોજેક્ટ જીવીકા માટે નવા એડિશનલ સીઈઓની નિમણૂક થઈ ગઈ છે. ૨૦૧૯ બેંચના આઈએએસ ઓફિસર અનન્યા સિંહ આ જવાબદારી સંભાળશે. જીવીકાએ સોશ્યલ મીડિયા એક્સ પર લખ્યું હતું કે, 'જીવીકા પરિવાર શ્રીમતી અનન્યા સિંહ, આઈએએસને જીવીકાના એડિશનલ સીઈઓ બનવા બદલ અભિનંદન આપે છે.' અનન્યા સિંહની આટલી ચર્ચા શા માટે થઈ રહી છે? પ્રયાગરાજના રહેવાસી અનન્યાએ ૧૦મી અને ૧૨મીની બોર્ડ પરીક્ષાઓમાં અગ્રક્રમ મેળવ્યો હતો. તેમણે ફક્ત ૨૨ વર્ષની ઉંમરે સીએસઈની પરીક્ષા પસાર કરી હતી. અનન્યા સિંહે દિલ્હીની શ્રીરામ કોલેજ ઓફ કોર્મસમાંથી ઈકોનોમીક્સની ડિગ્રી મેળવી હતી.

**વર્ષ ૨૦૦૦માં પાણી માટે દુનિયાભમાં સંઘર્ષ શરૂ થયા હતા. તે સમયે સામાન્ય ઘટનાઓ થતી હતી. ૨૦૨૨ની વાત કરીએ તો પાણી માટે ૨૩૧ જેટલા મોટા સંઘર્ષ નોંધાયા હતા. ૨૦૨૩માં આ આંકડો વધીને ૩૪૭ પહોંચી ગયો હતો. જાણકારોના મતે છેલ્લાં એક દાયકામાં જે જળ સંઘર્ષ થયા તેમાં ૧૪૭૭ ટકાનો ભયાનક વધારો નોંધાયો છે : દેશના જળાશયોમાં હાલમાં જે જળ ભંડાર છે તે ૭૧.૦૮૨ અબજ ઘન મીટર(બીસીએમ) છે જેમની કુલ ક્ષમતાના માત્ર ૩૮.૭૨ ટકા થાય છે**

# વૈશ્વિક જળ સંઘર્ષ : ભવિષ્યના યુદ્ધ સ્વચ્છ પાણી માટે થશે

## દુનિયાભરમાં પીવાના સ્વચ્છ પાણીના સ્રોત ઘટી રહ્યા છે અને કરોડો લોકો વલખાં મારે છે, દર વર્ષે ૧૪ લાખ લોકોનાં મોત સ્વચ્છ પાણીના અભાવમાં થાય છે



આ અહેવાલ એપ્રિલ મહિનાની ૩૦ તારીખે રજૂ થયો હતો. તેની પહેલાં ૯ એપ્રિલના અહેવાલમાં આ જ પ્રમાણ ૪૪.૭૧ ટકા જણાવાયું હતું. તેનો સીધો અર્થ એ હતો કે, માત્ર વીસ જ દિવસમાં આ ક્ષમતા ૬ ટકા ઘટી ગઈ હતી : યુએનના અહેવાલો સુચવે છે કે, ૨૦૧૯થી ૨૦૨૧ વચ્ચે ભારતમાં જે હત્યાના કેસ નોંધાયા તેમાંથી અંદાજે ૨૦ ટકા કેસ પાણીના સંઘર્ષ હતા. તેનો અર્થ એ થયો કે, દર પાંચમાંથી એક હત્યા પાણી માટે કરવામાં આવી હતી.

સંયુક્ત રાષ્ટ્રના પૂર્વ મહાસચિવ બુતરસ ઘાલીએ લગભગ ત્રણ દાયકા પહેલાં જણાવ્યું હતું કે, દુનિયામાં જે રીતે પાણીનો વેડફાટ થઈ રહ્યો છે, પાણીમાં પ્રદુષણ ફેલાઈ રહ્યું છે કે, પછી જે રીતે સ્વચ્છ પાણીના સ્રોત ઘટી રહ્યા છે ભવિષ્યની સ્થિતિ અત્યંત ખરાબ આવશે. ભવિષ્યમાં જો ત્રીજું વિશ્વ યુદ્ધ થયું તો તે માત્ર પાણી માટે જ થશે. હાલમાં જોઈએ તો દુનિયાભરના વિચારકો, માનવાધિકાર જાણકારો, પર્યાવરણ બચાવવા મથતા લોકો અને વિવિધ દેશોની સરકારો દ્વારા પણ પાણી બચાવવા અને સ્વચ્છ પાણી મેળવવા માટે જ વાટાઘાટો અને પ્રયાસો કરાઈ રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે, પાણીની સમસ્યા અને તેમાંય સ્વચ્છ અને પીવા તથા ઉપયોગમાં લઈ શકાય તેવા પાણીની અછત વિશ્વભરમાં વકરી રહી છે. દુનિયાભરના તમામ દેશો આ માટે નાની-મોટી સમસ્યાઓ ચાલી જ રહી છે. જે-તે સમયે જાણકારો દ્વારા પાણીની અછત વિશે ચેતવણી આપવામાં આવી હતી ત્યારે દુનિયા અંધાધૂંધ વિકાસના રસ્તે દોડી રહી હતી અને ત્યારે પાણીની કિંમત સમજાઈ નહોતી. હવે જે સ્થિતિ થઈ છે તેણે દુનિયાની ઉંઘ ઉડાડી દીધી છે. દુનિયાભરમાં પાણીની વ્યાપક અછત છે. તેના કારણે દર વર્ષે અંદાજે લાખો લોકો હિજરત કરે છે. તે ઉપરાંત ચોખ્ખા પાણીના અભાવમાં દર વર્ષે ૧૪ લાખ લોકોનાં મોત થાય છે. પીવાના ચોખ્ખા પાણીના અભાવમાં તેઓ ગમે તેવું પાણી પી જાય છે અથવા તો ઉપયોગમાં લે છે અને તેના કારણે જીવલેણ બીમારીઓનો ભોગ બનીને જીવ ગુમાવી દે છે.

જાણકારો માને છે કે, સંયુક્ત રાષ્ટ્ર દ્વારા ત્રણ દાયકા પહેલાં જે ચેતવણી ઉચ્ચારવામાં આવી હતી તેના ઉપર હવે તાકીદે વિચાર કરવાનો, આકરો અમલ કરવાનો સમય પાકી ગયો છે. જો ભાવિ પેઢીનું ભવિષ્ય ખરેખર સુરક્ષિત રાખવું હશે તો અત્યારથી જળ સંસાધનોના સંરક્ષણ મુદ્દે કામ કરવું પડશે. તે ઉપરાંત દુનિયાભરના લોકો સુધી સ્વચ્છ પાણીનો પુરવઠો પહોંચી શકે તેવી દરેક દેશમાં વ્યવસ્થા કરવી પડશે. પાણીની જાળવણી અને વહેંચણી યોગ્ય રીતે નહીં થાય તો નાગરિકોને નુકસાન થવાની સાથે સાથે દુનિયાભરના અર્થતંત્રોને પણ વ્યાપક નુકસાન થશે.

વાસ્તવિકતા એવી છે કે, હાલમાં મોટા દેશોમાં, મોટા શહેરોમાં પાણીનો બેફામ સપ્લાય થાય છે, વ્યય પણ થાય છે. દરરોજ કરોડો લિટર પાણી માત્ર બેદરકારીના લીધે ગટરમાં જતું રહે છે જે લાખો લોકોની તરસ છીપાવી શકે છે. સૌથી પહેલાં તો પાણીના સપ્લાય અને તેના ઉપયોગની જવાબદારી નક્કી કરવી પડશે. પાણીની જાળવણી નહીં કરનાર સામે આકરા પગલાં લેવા પડશે. દેશોએ સામાન્ય લોકો સુધી સ્વચ્છ પાણી પહોંચાડવાની વ્યવસ્થા કરવી પડશે. તેના દ્વારા જ માનવ સંસાધનની સુરક્ષા થશે. લોકો સ્વસ્થ હશે તો બિમારીઓ પાછળ તેમનો ખર્ચ ઘટશે અને ઉત્પાદકતા વધશે. જો માત્ર ખર્ચ જ વધ્યા કરશે તો અર્થતંત્ર ઉપર ભાર વધશે. તેને અટકાવવું પડશે.

જાણકારોના મતે દુનિયાભરના મોટા દેશો, જાગૃત દેશોએ પાણીના સંરક્ષણ માટે આગળ આવવું પડશે અને આકરા પગલા લેવા પડશે. થોડા સમય પહેલાં વર્લ્ડ બેન્કે પણ પોતાના એક અભ્યાસમાં પાણીના વેડફાટ અને સંરક્ષણમાં છીંડા અંગે ચેતવણી ઉચ્ચારી હતી. વર્લ્ડ બેન્કના અભ્યાસે જણાવ્યું હતું કે, ગ્લોબલ વોર્મિંગની અસરને પગલે છેલ્લાં કેટલાક વર્ષોથી વરસાદની સ્થિતિ પલટાઈ ગઈ છે. દુકાળ અને ઓછા વરસાદના કારણે પૂરતા પ્રમાણમાં ચોખ્ખું પાણી મળતું નથી અને તેનો સંગ્રહ પણ થતો નથી. વિશ્વ બેંકે જણાવ્યું હતું કે, દુકાળ અને પાણીના વેડફાટ તથા વરસાદની અનિશ્ચિતતાઓના કારણે ૨૦૩૦ સુધીમાં દુનિયાભરના અંદાજે ૭ કરોડથી વધારે લોકો વિસ્થાપિત થઈ જશે. તે સિવાય દુનિયાભરન જળાશયોમાં પાણી સંગ્રહ ક્ષમતા ઘટી ગઈ છે અને અન્ય વ્યવસ્થાઓ પણ ખસ્તાહાલ છે. તે સંજોગોમાં ભવિષ્ય માટે પણ યોગ્ય પાણીનો સંગ્રહ થઈ શકવાનો નથી જેનો માર પણ સહન કરવાનો આવશે.

ભારતની જ વાત કરીએ તો ભારતમાં તો સ્થિતિ અત્યંત કફોડી છે. ભારતના મોટાભાગના તમામ મોટા જળાશયોમાં પાણીના સંગ્રહની વ્યવસ્થા ખોટકાયેલી છે. સરકારની ઉદાસિનતાને પગલે સ્થિતિ વધારે ખરાબ થઈ રહી છે. દેશના જળ મંત્રાલયના જ આંકડા જણાવે છે કે, દેશના તમામ ૧૬૬ જળાશયોની પાણી સંગ્રહની ક્ષમતા ૪૦ ટકાથી ઓછી થઈ ગઈ છે. બીજી તરફ દેશની તમામ ૨૦ નદીઓના બેસીનમાં પણ પાણીનું સ્તર સતત ઘટી રહ્યું છે. અસમ, ગોવા, કર્ણાટક, મધ્ય પ્રદેશ, કેરળ, તમિલાનાડુ, ત્રિપુરા, પશ્ચિમ બંગાળ જેવા રાજ્યોમાં જળાશયોનું જળ સ્તર ગત વર્ષની સરખામણીએ ઘણું ઓછું થઈ ગયું છે. તાજેતરના વર્ષે જ એપ્રિલમાં જ જળસ્તર ઘટવાની આકરી ચેતવણી ઉચ્ચારવામાં આવી હતી. જો કે, તેના સુધારા અંગે કોઈ કામ કરવામાં આવતા નથી.

જાણકારોના મતે ભારત જ નહીં દુનિયાભરના દેશોમાં પાણીની અછત છે. તેના કારણે ભયાનક જળ સંઘર્ષ થઈ રહ્યા છે. પાણી માટે યુદ્ધ થાય નહીં પણ જે દિવસે યુદ્ધ શરૂ થશે તે દિવસે ભારતમાં પણ ગૃહયુદ્ધ અને બાહ્ય યુદ્ધની સ્થિતિ ઊભી થાય તો નવાઈ પામવા જેવું નથી. વૈશ્વિક સ્તરે પાણીના સંઘર્ષોના આંકડા ઘણા મોટા અને ભયાનક છે. પેસિફિક ઈન્સ્ટિટ્યૂટના અહેવાલો પ્રમાણે વર્ષ ૨૦૦૦માં પાણી માટે દુનિયાભમાં સંઘર્ષ શરૂ થયા હતા. તે સમયે સામાન્ય ઘટનાઓ થતી હતી. ૨૦૨૨ની વાત કરીએ તો પાણી માટે ૨૩૧ જેટલા મોટા સંઘર્ષ નોંધાયા હતા. ૨૦૨૩માં આ આંકડો વધીને ૩૪૭ પહોંચી ગયો હતો. ૨૦૨૩માં આ સંઘર્ષમાં નાટકિય રીતે મોટો ઉછાળો આવ્યો હતો. જાણકારોના મતે તેની પહેલાના દાયકા કરતા આ આંકડો ઘણો મોટો હતો. છેલ્લાં એક દાયકામાં જે જળ સંઘર્ષ થયા તેમાં ૧૪૭૭ ટકાનો ભયાનક વધારો નોંધાયો છે.

અહેવાલો જણાવે છે કે, હાલના દાયકાના પહેલા ચાર વર્ષમાં જ પાણી માટે ૭૮૫ જેટલા સંઘર્ષો નોંધાયા છે. આ સંઘર્ષો પણ તેની આગળના દાયકાની સરખામણીએ ઘણા વધારે છે. પાણી મુદ્દે ૨૦૨૪માં જ વૈશ્વિક સ્તરે ૪૨૦ ઘટનાઓ બની હતી. આ તમામ ઘટનાઓ મિડલ ઈસ્ટ, યુક્રેન, ભારત, ઈરાન અને મેક્સિકોમાં થઈ હતી. સૌથી આંચકા જનક બાબત એ હતી કે, યુએનના અહેવાલો સુચવે છે કે, ૨૦૧૯થી ૨૦૨૧ વચ્ચે ભારતમાં જે હત્યાના કેસ નોંધાયા તેમાંથી અંદાજે ૨૦ ટકા કેસ પાણીના સંઘર્ષ હતા. તેનો અર્થ એ થયો કે, દર પાંચમાંથી એક હત્યા પાણી માટે કરવામાં આવી હતી. આ ખરેખર ભારત માટે અત્યંત ગંભીર સ્થિતિ છે. તાજેતરમાં દેહરાદૂનમાં એક ગામમાં પાણી મુદ્દે જ બે પક્ષો વચ્ચે હિંસક અથડામણ થઈ હતી. તેમાં એકનું મોત થયું અને ઘણા લોકોને ઈજા પહોંચી હતી. આ ઘટનાના વૈશ્વિક સ્તરે પડઘા પડયા હતા.

બીજી તરફ આફ્રિકન દેશ ચાડમાં પણ એપ્રિલ ૨૦૨૬માં પાણી માટે મોટો ખૂની સંઘર્ષ થયો હતો. અહેવાલો પ્રમાણે ચાડમાં એક સ્થળના જળ સ્ત્રોત ઉપર કબજો કરવા માટે બે જૂથ વચ્ચે હિંસક અથડામણ થઈ હતી. આ અથડામણમાં ૪૨ લોકોનાં મોત થયા હતા. જ્યાં સુધી વ્યક્તિ પોતે, સમાજ પોતે, શહેર, રાજ્યો કે દેશ દ્વારા જળ સંચય, જળ સંગ્રહ અને જળ સંરક્ષણ અંગે પોતાની જવાબદારી નક્કી કરવામાં નહીં આવે ત્યાં સુધી આ સ્થિતિનો ઉકેલ આવશે નહીં. પાણીનો સદુપયોગ કરવો અને બિનજરૂરી વપરાશ ન કરવો કે તેનો વેડફાટ ન કરવો તેની નૈતિકતા માણસોમાં વિકસે અને સરકારો પણ જળ સંગ્રહ અને સંચય માટે પૂરતા પ્રયાસ કરે તે ખૂબ જ જરૂરી છે બાકી તો પાણી માટે થઈને દુનિયા ભડકે બળશે તે દિવસો હવે દૂર નથી. જળમંત્રાલયના અહેવાલોએ જણાવ્યું હતું કે, આ જળાશયોમાં હાલમાં જે જળ ભંડાર છે તે ૭૧.૦૮૨ અબજ ઘન મીટર(બીસીએમ) છે જેમની કુલ ક્ષમતાના માત્ર ૩૮.૭૨ ટકા થાય છે. આ અહેવાલ એપ્રિલ મહિનાની ૩૦ તારીખે રજૂ થયો હતો. તેની પહેલાં ૯ એપ્રિલના અહેવાલમાં આ જ પ્રમાણ ૪૪.૭૧ ટકા જણાવાયું હતું. તેનો સીધો અર્થ એ હતો કે, માત્ર વીસ જ દિવસમાં આ ક્ષમતા ૬ ટકા ઘટી ગઈ હતી. હવે જો જુલાઈમાં તેની તપાસ કરવામાં આવે તો તેમાં તોતિંગ ઘટાડો નોંધાશે. ચિંતાજનક બાબત એ છે કે, ૧૧ જૂનના રોજ જળ આયોગ દ્વારા જે આંકડા આપવામાં આવ્યા તે પણ આંચકા આપે તેવા છે. આ અહેવાલમાં જણાવાયુ કે, દેશના ૧૬૬ જળાશયોમાં માત્ર ૫૧.૯૨ બીસીએમ પાણી વધેલું છે. દેશના તમામ જળાશયોની કુલ સક્રિય જળ સંચય ક્ષમતા ૧૮૩.૫૬ બીસીએમ છે. આ ક્ષમતા દેશની અંદાજિત કુલ ક્ષમતા ૨૫૭.૮૧ બીસીએમના ૭૧.૨૦ ટકા જેટલી થાય છે. વાસ્તવિકતા એવી છે કે, દેશના જળાશયોમાં હાલમાં જે પાણી છે તેના કુલ સંચય ક્ષમતાનું માત્ર ૨૮ ટકા જ પાણી છે. પાણીનું આ સ્તર ખરેખર કટોકટીના સંકેત આપે છે. દેશમાં હજી વરસાદી સિસ્ટમ જોઈએ તે રીતે સક્રિય થઈ નથી. ઘણા રાજ્યોમાં હજી વરસાદ પડયો નથી. જૂન આખો કોરો ગયો છે. અલ નિનોની અસરને પગલે આગામી સમયમાં વરસાદની સ્થિતિ વધુ ખરાબ થાય તેવા વરતારા છે તે સંજોગોમાં આ જળાશયો ભરાશે નહીં તો પાણીની આકરી તંગી ઊભી થાય તેમ છે.

# પતિવ્રતા ધર્મની પરાકાષ્ઠા-વટ સાવિત્રીનો મહિમા જ્યાં શ્રધ્ધા બને સંજીવની,ત્યાં યમ ઝુકાવે શિશ



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

- **યમ સાથે લડી જીતી પતિને પામી,પ્રેમની અમર સાક્ષી વટ-સાવિત્રી**

આજે સંવત ૨૦૮૨ ત.૨૯/૦૬/૨૦૨૬ને સોમવાર બીજા જેઠ માસની પૂનમ જે વટસાવિત્રી પૂનમ તરીકે ઉજવવામાં આવે છે ત્યારે આજના લેખમાં આપણે જોઈએ તો પ્રેમનો અખંડ સંકલ્પ એટલે વટસાવિત્રી વટવૃક્ષ જેમ પોતાના વિસ્તરતા મૂળથી અનેક જીવોને આશરો આપે છે,તેમ સાવિત્રીનો પ્રેમ અને સંકલ્પ પતિ સત્યવાન ના જીવનને નવો આશરો આપનારો બન્યો.જેઠ સુદ પૂર્ણિમાએ માત્ર વ્રતનો દિવસ નથી, તે ધૈર્ય, ભક્તિ અને પ્રેમના ત્રિવેણી સંગમનું પર્વ છે. જ્યારે એક સ્ત્રીનું અડગ મન યમરાજના નિયમને પણ બદલી શકે છે, ત્યારે સમજવું કે શ્રદ્ધાની તાકાત મૃત્યુથી પણ મોટી છે. વટસાવિત્રી વ્રત એટલે દરેક સ્ત્રીના હૃદયમાં વસેલી સાવિત્રીને જગાડવાનું પર્વ.

*વટસાવિત્રી વ્રત:શ્રદ્ધા,સમર્પણ અને સંકલ્પની ત્રિવેણી ભારતીય સંસ્કૃતિમાં વ્રત અને તહેવારો માત્ર પરંપરા નથી, તે જીવન જીવવાની કળા છે. વટસાવિત્રી વ્રત એમાંનું એક એવું પર્વ છે જ્યાં પ્રેમ મૃત્યુને પડકારે છે અને શ્રદ્ધા ભાગ્યને બદલી નાખે છે. આ વર્ષે ૨૯ જૂન ૨૦૨૬, સોમવારે જેઠ સુદ પૂર્ણિમાએ આ પાવન વ્રત આવે છે.

*વ્રતનો ઉદ્દેશ:અખંડ સૌભાગ્ય ની કામના આ વ્રત મુખ્યત્વે સૌભાગ્યવતી સ્ત્રીઓ પોતાના પતિના દીર્ઘ આયુષ્ય, આરોગ્ય અને યશ માટે કરે છે. પરંતુ તેનો અર્થ માત્ર પતિની ઉંમર વધારવી એટલો સીમિત નથી. તે પતિ-પત્નીના સંબંધમાં રહેલા પ્રેમ, વિશ્વાસ અને સમર્પણને વધુ દૃઢ કરવાનો સંકલ્પ છે. સાવિત્રીની જેમ દરેક સ્ત્રી પોતાના સંસારને અખંડ રાખવા માંગે છે. આ વ્રત તે સંકલ્પનું પ્રતીક છે.

*સાવિત્રી:ધૈર્ય અને પતિભક્તિનું મૂર્તિમંત સ્વરૂપ સાવિત્રી રાજા અશ્વપતિની પુત્રી હતી. તેણે જાણી જોઈને અલ્પાયુ સત્યવાન સાથે લગ્ન કર્યા. નારદજીએ કહ્યું કે સત્યવાન એક વર્ષમાં મૃત્યુ પામશે, છતાં સાવિત્રી ડગી નહીં. જે દિવસે સત્યવાનનું મૃત્યુ નિશ્ચિત હતું, તે દિવસે તે પતિ સાથે વનમાં ગઈ. યમરાજ જ્યારે સત્યવાનના પ્રાણ લઈ જવા લાગ્યા, ત્યારે સાવિત્રીએ હાર માની નહીં. તેણે યમરાજની પાછળ ચાલવાનું શરૂ કર્યું.

તેના જ્ઞાન, ધર્મનિષ્ઠા અને પતિ પ્રેમથી પ્રસન્ન થઈ યમરાજે ત્રણ વરદાન આપ્યા.સાવિત્રીએ ચતુરાઈથી સસરાનું રાજપાટ, તેમની દૃષ્ટિ અને પોતાને સો પુત્રોનું વરદાન માંગી લીધું. સો પુત્રો માટે પતિ જીવિત રહેવો જરૂરી હતો. આ રીતે તેના ધૈર્ય અને બુદ્ધિચાતુર્યે મૃત્યુને પણ હરાવી દીધું. વટસાવિત્રી વ્રત આ જ અજેય સંકલ્પની યાદ અપાવે છે.

*શાસ્ત્રોમાં વ્રતનો મહિમા

સ્કંદ પુરાણ અને ભવિષ્યોત્તર પુરાણમાં આ વ્રતનો મહિમા ગવાયો છે. શાસ્ત્ર કહે છે કે શ્રદ્ધાપૂર્વક આ વ્રત કરવાથી:

*પતિને: દીર્ઘ આયુષ્ય, ઉત્તમ આરોગ્ય, યશ અને સમૃદ્ધિની પ્રાપ્તિ થાય છે. તેના જીવનમાં આવનારી આફતો ટળે છે.

*સ્ત્રીને: અખંડ સૌભાગ્ય, સંતાનસુખ અને સમગ્ર કુટુંબમાં શાંતિ અને સુખની વૃદ્ધિ થાય છે. ઘરમાં મંગલ કાર્યો સિદ્ધ થાય છે.

વિશેષ વાત એ છે કે આ વ્રત માત્ર દાંપત્ય સુખ માટે નથી. એવી માન્યતા છે કે વટસાવિત્રીનું વ્રત કરવાથી પિતૃદોષ, કાલસર્પ દોષ,નાગદોષ જેવા અનેક જન્મો જન્મના દોષોનો નાશ થાય છે. કારણ કે વટવૃક્ષમાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ ત્રણેય દેવોનો વાસ મનાય છે. તેની પૂજા કરવાથી ત્રિદેવની કૃપા સીધી મળે છે.

*વટવૃક્ષ: અખંડતાનું પ્રતીક

સાવિત્રીએ સત્યવાનને વટવૃક્ષ નીચે જ પુનર્જીવિત કર્યા હતા. વટવૃક્ષ દીર્ઘાયુ, સ્થિરતા અને વિસ્તરણનું પ્રતીક છે. તેના મૂળ જેમ ઊંડા જાય છે, તેમ સંબંધ પણ ઊંડો બને. તેની ડાળીઓ જેમ ચારે બાજુ ફેલાય છે, તેમ કુટુંબની સુખ સમૃદ્ધિ ફેલાય. એટલે જ વટવૃક્ષને દોરો વીંટીને સાત પરિક્રમા કરવાનું વિધાન છે. આ સાત ફેરા સાત જન્મો સુધી પતિનો સાથ માંગવાનું પ્રતીક છે.

*વટસાવિત્રી વ્રતની સરળ વિધિ *સંકલ્પ અને સ્નાન: પૂર્ણિમાના દિવસે સવારે વહેલા ઉઠી સ્નાન કરી શુદ્ધ લાલ કે પીળા વસ્ત્રો ધારણ કરવા. હાથમાં જળ લઈ અખંડ સૌભાગ્ય માટે સંકલ્પ કરવો.

*વટવૃક્ષ પૂજન:વટવૃક્ષ પાસે જઈને હળદર, કંકુ, ચોખા અને ફૂલ ચડાવવા. વૃક્ષના થડને કાચા સૂતરનો દોરો અથવા મોળી વીંટાળીને સાત વાર પરિક્રમા કરવી. દરેક પરિક્રમાએ પતિના લાંબા આયુષ્યની પ્રાર્થના કરવી.

*કથા શ્રવણ:વટવૃક્ષ નીચે બેસી ને સાવિત્રી સત્યવાનની કથા સાંભળવી કે વાંચવી.કથા સાંભળવી એટલે સાવિત્રીના ગુણોને જીવનમાં ઉતારવાનો પ્રયાસ.

*પ્રાર્થના: સાવિત્રી માતા સમક્ષ અખંડ સૌભાગ્ય, સંતાન અને કુટુંબની સુખાકારી માટે હાથ જોડી પ્રાર્થના કરવી.

*ચંદ્ર પૂજન:સંધ્યા સમયે પૂર્ણિમાના ચંદ્રને અર્ધ્ય આપીને પૂજા કરવી અને આરતી ઉતારવી. ચંદ્ર મનનો કારક છે. તેની પૂજા મનને શીતળતા અને સંબંધોમાં મધુરતા લાવે છે. *આધુનિક યુગમાં વટસાવિત્રીનો સંદેશ આજે ઘણી વખત વ્રતને માત્ર અંધશ્રદ્ધાકહીને નકારી દેવા માં આવે છે.પણ વટસાવિત્રી નો સાચો સંદેશ સમજવા જેવો છે. સાવિત્રી રડી નહીં,તેણે યમ સામે દલીલ કરી. તેણે પોતાનું ભાગ્ય જાતે ઘડ્યું.આ વ્રત સ્ત્રીને અબળા નહીં,સબળા બનવાનો સંદેશ આપે છે.

આ વ્રત પતિ માટે ભૂખ્યા રહેવાનો દિવસ નથી,પરંતુ પોતાના પ્રેમને નવેસરથી જીવવાનો દિવસ છે. પતિ પણ આ દિવસે પત્નીની ભાવનાને સમજે, તેના ત્યાગને માન આપે તો આ વ્રત સાચા અર્થમાં સફળ થાય. સંબંધ એકપક્ષીય ન હોય. જેમ સત્યવાન સાવિત્રીના પ્રેમને લાયક હતો, તેમ દરેક પતિએ બનવું પડે.

વટસાવિત્રી એટલે એ શ્રદ્ધા કે પ્રેમ સામે કોઈપણ સંકટ નાનું પડી જાય છે. એ સંકલ્પ કે મારા સાથીના જીવનની દરેક મુશ્કેલીમાં હું યમ સામે પણ લડી લઈશ.આ વ્રતથી ઘરમાં સકારાત્મક ઉર્જા આવે છે. ઉપવાસથી શરીર શુદ્ધ થાય છે અને પ્રાર્થનાથી મન શુદ્ધ થાય છે

આજે જેઠ સુદ પૂર્ણિમાએ જ્યારે તમે વટવૃક્ષ ફરતે દોરો બાંધો, ત્યારે માત્ર દોરો ન બાંધતા, સંકલ્પ બાંધજો. સંકલ્પ કે હું મારા સંબંધને વટવૃક્ષ જેવો અખંડ, દીર્ઘાયુ અને શીતળ બનાવીશ. કારણ કે જ્યાં શ્રદ્ધા હોય ત્યાં યમ પણ નમવું પડે છે. વટસાવિત્રી વ્રતની આપ સૌને મંગલકામનાઓ.

# 'સરકારે એક વર્ષ સુધી જવાનોના બલીદાન પર ઢાંકપીછોડો કર્યો'

એક વર્ષ પહેલા થયેલા ઓપરેશન સિંદુરમાં ભારતના છ જવાનો શહીદ થઈ ગયા હતા. કોઈ અકળ કારણસર કેન્દ્ર સરકારે આ વાત છૂપાવી હતી. હવે જ્યારે નેશનલ વોલ મેમોરીયલ પર શહીદોના નામ લખવા જરૂરી બન્યા ત્યારે એકાએક સરકારે છ શહીદોના નામ જાહેર કર્યા છે. આ બાબતે હવે કોંગ્રેસએ મોકો જોઈને ભાજપ સરકાર પર આકરા પ્રહાર કર્યા છે. કોંગ્રેનું કહેવું છે કે ઓપરેશન સિંદુર દરમિયાન જે જવાનો શહીદ થયા હતા એ વાત એક વર્ષ સુધી છૂપાવીને રાખવામાં આવી. દેશના સુરવીરોનું આ અપમાન છે. કોંગ્રેસના સિનિયર નેતા પવન ખેડાએ સોશ્યલ મીડિયા એક્સ પર લખ્યું હતું કે, જે સરકાર પોતાને રાષ્ટ્રવાદી ગણાવે છે એણે એક વર્ષ સુધી દેશના બહાદુર જવાનોનું સન્માન નહીં કર્યું. દેશ માટે આ શરમની વાત છે.




પશ્ચિમ બંગાળના રાજકારણમાં જાતજાતના વિવાદો ચાલુ જ છે. તૃણમુલ કોંગ્રેસના ફાયરબ્રાન્ડ સાંસદ મહુઆ મોઈત્રાએ રાજ્યની ભાજપ સરકાર પર શાબ્દિક હુમલો કર્યો છે. મહુઆનો આક્ષેપ છે કે સરકાર વિરોધ પક્ષોને કચડી નાખવા અને ડરાવવાની કોશિષ કરે છે. ભાજપનું કહેવું છે કે ટીએમસી નવા અને કડક કાયદાઓથી ડરી ગઈ છે. મહુઆ મોઈત્રા મમતા બેનર્જીના કાલીગઢ ખાતે આવેલા રહેઠાણએ એમને મળવા ગયા હતા. એમનું માનવું છે કે, આખા રાજ્યમાં ટીએમસીના કાર્યકરોને ટાર્ગેટ કરવામાં આવે છે. પોલીસ એમને ખોટા કેસોમાં ફસાવી રહી છે. દેશમાં જ્યારે કટોકટી લાગુ કરવામાં આવી હતી ત્યારે પણ પરિસ્થિતિ આટલી ખરાબ નહોતી. ૨૧ જુલાઈએ વાર્ષિક શહિદ રેલીની તૈયારી કરવામાં આવી છે. રાજ્ય સરકાર 'પશ્ચિમ બંગાળ સાર્વજનિક સુરક્ષા અને અસામાજીક પ્રવૃત્તિ નિયંત્રણ બીલ ૨૦૨૬' લાગુ કરવા જઈ રહી છે. આ બીલની નકલો હાથમાં રાખીને મહુઆએ એને ખતરનાક બીલ ગણાવ્યું હતું. આ બીલ પસાર થશે તો કોઈપણ ટ્રાયલ વગર એક વર્ષ સુધી વ્યક્તિને જેલમાં રાખી શકાશે.

તામિલનાડુના મુખ્યમંત્રી વિજયએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ફરીથી એક વખત પત્ર લખ્યો છે. આ વખતે એમણે કેન્દ્ર સરકારને એનએલસી ઈન્ડિયા લીમીટેડમાં પોતાનો ભાગ ઓછો કરવાના નિર્ણય પર ફરીથી વિચાર કરવાનો આગ્રહ કર્યો છે. એમણે એનએલસીને દેશની એક 'રણનીતિક રાષ્ટ્રીય સંપત્તિ' બતાવી છે. મુખ્યમંત્રીએ પત્રમાં ચિંતા દર્શાવી હતી કે, 'કેન્દ્ર સરકારની આ યોજનામાં પોતાનો ભાગ ઓછો કરવાની તૈયારી ચાલી રહી છે. ઓફર ફોર સેલ દ્વારા ભરપાઈ મૂડીનો ત્રણ ટકા હિસ્સો વેચવાનો પ્રસ્તાવ છે. આ સાર્વજનીક કંપની રાજ્યમાં આર્થિક વિકાસ માટે અગત્યનો હિસ્સો છે.' આ બાબતે એમણે કેન્દ્ર સરકારને ચેતવણી પણ આપી છે. એમણે કહ્યું છે કે આ મુદ્દો તામિલનાડુ માટે લાગણીનો મુદ્દો છે.

પૂણેના યુવાન કેતન અગ્રવાલની હત્યાના કેસમાં દરરોજ નવા ખુલાસા થઈ રહ્યા છે. મહારાષ્ટ્ર સરકારે હવે પ્રોસિક્યુશન વકીલ તરીકે ઉજ્જ્વલ નિકમની નિમણૂક કરી છે. આતંકવાદી અજમલ કસાબને ફાંસી અપાવવા માટે પણ ઉજ્જ્વલ નિકમે ખૂબ મહેનત કરી હતી. ભાજપે ઉજ્જ્વલ નિકમને લોકસભાની ચૂંટણીમાં ટિકિટ પણ આપી હતી, પરંતુ નિકમ જીતી શક્યા નહોતા. ન્યાય માટે કેતન અગ્રવાલનું કુટુંબ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસને મળ્યું હતું. ફડણવીસ જાણે છે કે આ કેસ ખૂબ જ ચર્ચાયો છે. ગુનેગારોને સજા અપાવવા માટે મજબૂત સરકારી વકીલ હોવા જરૂરી છે. કેતન અગ્રવાલના કુટુંબને આશ્વાસન મળે એ માટે મુખ્યમંત્રીએ નિકમને સરકારી વકીલ તરીકે નીમી દીધા છે. ઉજ્જ્વલ નિકમને સરકારી વકીલ બનાવવાની માંગણી કેતન અગ્રવાલના કુટુંબની હતી.

જનસુરાજ પક્ષના સ્થાપક પ્રશાંત કિશોરએ બિહારની બાકીપુર વિધાનસભા પેટા ચૂંટણી લડવાની જાહેરાત કરી છે. એમના કહેવા પ્રમાણે પક્ષ જો સહમત થશે તો બાકીપુરથી ચૂંટણી લડવા તૈયાર છે. બિહારની છેલ્લી વિધાનસભાની ચૂંટણીમાં એમનો પક્ષ લગભગ દરેક બેઠક પરથી ચૂંટણી લડયો હતો, પરંતુ પોતે ચૂંટણી લડયા નહોતા. ચૂંટણીમાં એમનો પક્ષ ખરાબ રીતે હાર્યો હતો. હવે એમને લાગે છે કે પેટા ચૂંટણી મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીના કાર્યકાળની પ્રથમ ચેલેન્જ છે. ચૂંટણી ફક્ત એક વિધાનસભાની બેઠકની નથી, પરંતુ સમ્રાટ ચૌધરીના નેતૃત્વ અને સરકારના કામકાજ બાબતે પણ લોકોનો ચૂકાદો હશે. પ્રશાંત કિશોર માને છે કે બાકીપુરની જનતા સમ્રાટ ચૌધરીને મુખ્યમંત્રી બનાવતા નારાજ છે. લોકો માને છે કે ૨૦૨૫માં બાકીપુરની પ્રજાએ સમ્રાટ ચૌધરીને નહીં, પરંતુ નિતિશકુમારના નામ પર મત આપ્યા હતા. એમણે કહ્યું હતું કે, 'મારા ચૂંટણી લડવાને કારણે ભાજપ જો બાકીપુર જેવી મજબૂત બેઠક હારશે તો હું ચૂંટણી લડવા તૈયાર છું.'

છેલ્લા થોડા સમયથી જમ્મુ-કાશ્મીરની મુલાકાતે સંસદની સ્થાયી સમિતિઓ જઈ રહી છે જેને કારણે પ્રદેશમાં ટુરીઝમનો વિકાસ વધવાની શક્યતા ઉભી થઈ છે. સંસદનું બજેટ સત્ર પુરુ થયું ત્યાર પછી જમ્મુ-કાશ્મીરમાં સંસદીય સમિતિઓની મુલાકાત સતત ચાલુ છે. છેલ્લા બે મહિના દરમિયાન પ્રદેશમાં આઠ સંસદીય સ્થાયી સમિતિ પહોંચી હતી. છેલ્લે પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસની સંસદીય સ્થાયી સમિતિ જમ્મુ-કાશ્મીર જઈને ઉપરાજ્યપાલ મનોજ સિંહાની મુલાકાત કરી હતી. જમ્મુ-કાશ્મીરમાં પેટ્રો પ્રોડક્ટસની જરૂરિયાત અને વેચાણ બાબતે ચર્ચા કરવામાં આવી હતી. એ પહેલા કોંગ્રેસના સાંસદ શશી થરૂરની અધ્યક્ષસતામાં સંસદીય વિદેશ બાબતોની સમિતિએ જમ્મુ-કાશ્મીરની મુલાકાત લીધી હતી. સાંસદ દિગ્વિજય સિંહની અધ્યક્ષતાવાળી શિક્ષા, મહિલા, બાળવિકાસ અને રમત-ગમત સંબંધી સંસદીય સ્થાયી સમિતિની મુલાકાત વખતે જમ્મુ-કાશ્મીરના હીતમાં હોય એવા નિર્ણયો લેવામાં આવ્યા હતા.

# પાંડેસરામાં જ્વેલર્સની દુકાનમાંથી ₹30 લાખની ચોરી: છતનું પતરું કાપી તસ્કરો દુકાનમાં પ્રવેશ્યા

## 15 કિલો દાગીના લઈ રફુચક્કર, આ જ દુકાનને ચાર વર્ષમાં ચોથી વખત નિશાન બનાવાઈ

**સુરત, તા.28**

સુરત શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વણસી રહી હોય તેમ તસ્કરો દિન-પ્રતિદિન બેફામ બની રહ્યા છે. રાત્રિના સમયે બંધ દુકાનો અને મકાનોને ટાર્ગેટ કરતી ગેંગે આ વખતે પાંડેસરા વિસ્તારમાં તરખાટ મચાવ્યો છે. પાંડેસરાના ગીતા નગર ખાતે આવેલી ક્રિષ્ના જ્વેલર્સ નામની દુકાનને નિશાન બનાવી તસ્કરો સોના-ચાંદીના દાગીના મળી અંદાજે 30 લાખથી વધુની ચોરી કરી રફુચક્કર થઈ જતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. મળતી માહિતી મુજબ, આ ચોરીની ઘટના રાત્રિના આશરે 2 વાગ્યાના અરસામાં બની હતી. તસ્કરોએ ચોરી કરવા માટે અનોખો કીમિયો અપનાવ્યો હતો. અવાજ ન થાય તે રીતે તસ્કરોએ જ્વેલર્સની દુકાનની ઉપરની છતનું પતરું કાપ્યું હતું અને ત્યાંથી દુકાનની અંદર પ્રવેશ કર્યો હતો. તસ્કરોએ દુકાનમાં રાખેલા કિંમતી સોના-ચાંદીના દાગીના પર હાથફેરો કર્યો હતો અને 30 લાખથી વધુનો મુદ્દામાલ ચોરીને આસાનીથી ફરાર થઈ ગયા હતા. ચોરીની ઘટનાને લઈ પીઆઈ કે.ડી જાડેજાએ જણાવ્યું હતું કે, પાંડેસરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં તેરેનામ રોડ પર ક્રિષ્ના જ્વેલર્સ નામની ચાંદીના દાગીના અને મૂર્તિઓની એક દુકાન આવેલી છે. આ દુકાનના માલિક મનોજભાઈ સોની છે. મનોજભાઈ સોનીના જણાવ્યા અનુસાર, ગઈકાલ મોડી રાતથી લઈ આજ વહેલી સવારના સમયગાળા દરમિયાન કોઈ અજાણ્યા ચોર ઈસમે આ ચોરીના બનાવને અંજામ આપ્યો છે. ચોરીની આ મોટી ઘટના અંગે વહેલી સવારે જાણ થતાં જ પાંડેસરા પોલીસનો ઉચ્ચ અધિકારીઓ સહિતનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. પોલીસે ગુનો નોંધી પ્રાથમિક તપાસ હાથ ધરી છે. તસ્કરોનું પગેરું મેળવવા માટે પોલીસે દુકાન તેમજ આસપાસના વિસ્તારના અલગ-અલગ સીસીટીવી ફૂટેજ મેળવીને ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

સભોગ બનનારના જણાવ્યા અનુસાર, આ જ્વેલર્સની દુકાનમાં અગાઉ છ મહિના પહેલાં પણ તસ્કરો દ્વારા ચોરી કરવાનો નિષ્ફળ પ્રયાસ કરવામાં આવ્યો હતો. જો કે, તે સમયે માલિક કે જાગૃત નાગરિકો સમયસર ત્યાં પહોંચી જતાં તસ્કરો પોતાનો મનસૂબો પાર પાડી શક્યા ન હતા અને નાસી છૂટ્યા હતા. પરંતુ આ વખતે તસ્કરો પોતાનો પ્લાન પાર પાડવામાં સફળ રહ્યા હતા. પાંડેસરા અને તેની આસપાસના વિસ્તારોમાં ગુનેગારોનો ગ્રાફ સતત વધી રહ્યો છે. સ્થાનિકોના આક્ષેપ મુજબ,



છેલ્લા સાડા છ થી સાત મહિનાના ટૂંકા ગાળામાં જ આ વિસ્તારમાં 7થી 8 જેટલી મોટી ચોરીની ઘટનાઓ સામે આવી ચૂકી છે. વારંવાર બનતી ચોરીની ઘટનાઓને પગલે વેપારીઓ અને સ્થાનિક રહીશોમાં ભારે ફફડાટ અને રોષનો માહોલ જોવા મળી રહ્યો છે, ત્યારે પોલીસ નાઈટ પેટ્રોલિંગ સઘન બનાવે તેવી લોક માંગ ઉઠી છે.

મનોજ ભગવાનદાસ સોની (દુકાનદાર) એ જણાવ્યું હતું કે પાંડેસરા વિસ્તારમાં મેઈન રોડ પર આવેલી દુકાન ધરાવું છું. મારી દુકાનમાં ચોરી થઈ છે, અજાણ્યા ચોરો દ્વારા મારી દુકાનની ઉપરના ભાગે આવેલા પતરાં કાપીને અંદર પ્રવેશ કરવામાં આવ્યો હતો. ચોરો દુકાનમાંથી ચાંદીના દાગીના, વાસણો તેમજ ગ્રાહકો દ્વારા ગીરવે મૂકવામાં આવેલો કિંમતી સામાન ચોરી કરી ગયા છે.

દુકાનમાંથી જેન્ટ્સ અને લેડીઝ બ્રેસલેટ, ચાંદીના વાસણો, ગ્લાસ, મૂર્તિઓ, કંદોરો તેમજ '925 સિલ્વર' ની વિવિધ આઈટમો સહિત અંદાજે 15 કિલો જેટલો સામાન ચોરી થયો છે. આ ઉપરાંત અઢી કિલો જેટલો જૂનો ભંગાર સામાન પણ ચોરો લઈ ગયા છે. આ તમામ ચોરી થયેલા સામાનની અંદાજિત કિંમત આશરે 30 લાખ જેટલી થાય છે.

મારી દુકાનને અગાઉ પણ અવારનવાર નિશાન બનાવવામાં આવી છે. આશરે ૬ મહિના પહેલાં પણ ચોરીનો પ્રયાસ થયો હતો. તે પૂર્વે વર્ષ 2023 કે 2024માં ચોમાસા દરમિયાન દુકાનનું શટર ઊંચું કરીને ચોરી કરવાની કોશિશ કરવામાં આવી હતી. ત્યારબાદ ડિસેમ્બર 2025માં શિયાળાની ઋતુમાં પણ ચોરોએ હાથફેરો કરવાનો પ્રયત્ન કર્યો હતો. આમ, મારી દુકાનમાં ચોરી કરવાનો આ ચોથો પ્રયાસ હતો, જેમાં આ વખતે ચોરો સફળ રહ્યા છે.

આ પૂર્વે જ્યારે દુકાનમાં ચોરીના અસફળ પ્રયાસો થયા હતા, ત્યારે મેં પોલીસનો સંપર્ક કરીને ફરિયાદ આપવાની તજવીજ હાથ ધરી હતી, પરંતુ પતરાંની દુકાન હોવાનું કહીને પોલીસે તે સમયે મારી ફરિયાદ નોંધી ન હતી. હાલમાં બનેલી આ મોટી ચોરીની ઘટના અંગે મેં પોલીસ મથકનો સંપર્ક કર્યો છે અને પોલીસે મારી પાસે ચોરી થયેલા સામાનના બિલ માંગ્યા છે, જે હું ટૂંક સમયમાં રજૂ કરીશ.

આ જે મેઈન રોડ પર ચોરી થઈ છે ત્યાં ૨૪ કલાક વાહનોની અવરજવર રહે છે. જો કે, ત્યાં પોલીસ પેટ્રોલિંગ થાય છે કે નહીં તે અંગે મને ચોક્કસ માહિતી નથી કારણ કે હું રાત્રે ત્યાં હાજર હોતો નથી. પાંડેસરા વિસ્તારની આ જ લાઈનમાં અગાઉ પણ અન્ય ત્રણ વેપારીઓની દુકાનોમાં આ પ્રકારે ચોરીની ઘટનાઓ બની ચૂકી છે. વારંવાર બનતી આવી ઘટનાઓથી વેપારીઓ અસુરક્ષિત છે, તેથી મારી નમ્ર માંગ છે કે આ બાબતે યોગ્ય તપાસ કરીને મને ન્યાય આપવામાં આવે. પીઆઈ કે.ડી જાડેજાએ જણાવ્યું હતું કે, જ્વેલર્સની આ દુકાન પતરાના શેડવાળી હોવાથી, ચોર ઈસમે દુકાનની ઉપરના પતરાને કોઈ કાતર અથવા અન્ય હથિયાર વડે કાપ્યા હતા. ત્યારબાદ તે પતરાં તોડીને દુકાનની અંદર પ્રવેશ્યો હતો અને અંદર રાખેલા ચાંદીના અલગ-અલગ દાગીના તેમજ મૂર્તિઓની ચોરી કરીને ફરાર થઈ ગયો હતો. હાલ આ મામલે પોલીસ ફરિયાદ નોંધવાની તજવીજ ચાલુ છે. દુકાનમાંથી અંદાજે કેટલા રૂપિયાના મુદ્દામાલની ચોરી થઈ છે તેની ચોક્કસ ગણતરી હજી બાકી છે. ફરિયાદીના જણાવ્યા મુજબ, દુકાનમાં કેટલો સ્ટોક હાજર હતો, ગઈકાલ સુધી તેમાંથી કેટલો માલ વેચાયો હતો અને ખરેખર કેટલો સ્ટોક બાકી હતો તેની ગણતરી હાલ ચાલી રહી છે. આ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ જ ખરેખર કેટલા દાગીના અને મૂર્તિઓની ચોરી થઈ છે તેનો ચોક્કસ આંકડો જાણી શકાશે.

દુકાનની અંદર અને બહાર સીસીટીવી કેમેરા લગાવેલા છે, પરંતુ તેનું ડીવીઆર દુકાનની અંદર જ રાખેલું હતું. પ્રાથમિક તપાસ અને ફરિયાદી સાથેની વાતચીત દરમિયાન જાણવા મળ્યું છે કે ચોર ઈસમ પુરાવા નાશ કરવાના આશયથી સીસીટીવી કેમેરાનું ડીવીઆર પણ પોતાની સાથે ચોરીને લઈ ગયો છે. પોલીસ દ્વારા આ મામલે આગળની કાયદેસરની તપાસ પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

## રસ્તાઓ પર ચપ્પુ લઈને ફરતા યુવાનો: લિંબાયતમાં પોલીસ પેટ્રોલિંગ સમયે જંગલશા બાવાની દરગાહ પાસેથી ચપ્પુ સાથે 19 વર્ષનો યુવક ઝડપાયો



**સુરત, તા.28**

સુરત શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે અને નાગરિકો ભયમુક્ત વાતાવરણમાં રહી શકે તે માટે સુરત પોલીસ એક્શન મોડમાં આવી છે. લિંબાયત પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્ટાફે પેટ્રોલિંગ દરમિયાન એક ઈસમને જાહેર રોડ પર તીક્ષ્ણ ચપ્પુ સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, થોડા દિવસો પહેલા પણ એક યુવક ચપ્પુ સાથે ઝડપી પાડવામાં આવ્યો હતો.

લિંબાયત પોલીસ ઈન્સ્પેક્ટર ડી.ડી. ચૌહાણ અને સેકન્ડ પોલીસ ઈન્સ્પેક્ટર ડી.બી. ચાવોડના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ટાફની અલગ-અલગ ટીમો બનાવી વિસ્તારમાં સઘન વાહન ચેકિંગ અને પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું. શંકાસ્પદ લાગતા લોકો પર નજર રાખીને તપાસ પણ કરવામાં આવી રહી હતી.

27 જૂન, 2026ના રોજ લિંબાયત પોલીસ સ્ટેશનનો સર્વેલન્સ સ્ટાફ જ્યારે વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહ્યો હતો, ત્યારે જંગલશા બાવાની દરગાહ પાસે બે પોલીસ હેડ કોન્સ્ટેબલ વિક્રમભાઈ ગોવિંદભાઈ અને અનિરુદ્ધસિંહ પ્રહલાદસિંહને એક શંકાસ્પદ યુવક નજરે પડ્યો હતો. પોલીસે તેની અટકાયત કરીને તલાશી લેતા તેની પાસેથી એક તીક્ષ્ણ ચપ્પુ મળી આવ્યું હતું. જાહેર જગ્યા પર હથિયાર સાથે ફરતા આ યુવકની પોલીસે ઘટનાસ્થળે જ ધરપકડ કરી લીધી હતી.

પોલીસ પૂછપરછમાં પકડાયેલા આરોપીની ઓળખ મુજમીલ મુનવરખાન પઠાણ (ઉં.વ. 19) તરીકે થઈ છે. તે ભેસ્તાન આવાસ (બિલ્ડિંગ નં.એ/69, રૂમ નં. 12), સુરતનો રહેવાસી છે. લિંબાયત પોલીસે આરોપી વિરુદ્ધ ગુજરાત પોલીસ અધિનિયમ 1951ની કલમ-135 (જાહેરનામાનો ભંગ કરીને હથિયાર રાખવા બદલ) હેઠળ ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

## માતા પુત્રીને કચડી મારનાર ઝડપાયા: સુરતમાં ભેસ્તાન બ્રિજ પર ડમ્પરચાલકે અકસ્માત સર્જ્યો હતો, ડમ્પરચાલક અને ડમ્પર માલિકની ધરપકડ

**સુરત, તા.28**

સુરત શહેરમાં ભારે વાહનોની બેરોકટોક અવરજવર વચ્ચે ગોઝારો અકસ્માત સર્જાયો હતો. મોપેડ પર સવાર મહિલા, તેના ભાઈ અને બે માસૂમ બાળકી સાથે પિયરથી સાસરીમાં જતી હતી, ત્યારે ભેસ્તાન બ્રિજ પરથી પસાર થતી વેળા માતેલા સાંઢની જેમ આવતા ડમ્પરે મોપેડને અડફેટે લીધું હતું. અકસ્માત એટલો ગંભીર હતો કે મહિલા અને તેની એક બાળકીનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. પોલીસ દ્વારા ડમ્પરચાલક આશિષ પ્રેમશંકર દુબે (ઉ.વ.32, રહે. ગોડાદરા આસપાસ) અને ડમ્પર માલિક હીરાલાલ પાટિલ સામે ગુનો નોંધી બંને ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર શનિવારે સવારે ભેસ્તાન આવાસમાં રહેતા અઝફલઉદ્દીન શેખની 22 વર્ષીય પત્ની રૂકસાર અને બે વર્ષીય પુત્રી જૈનબ અને ચાર વર્ષીય પુત્રી સાથે મોપેડ પર પોતાના ભાઈ ઈમરાન સાથે ઉનથી ભેસ્તાન આવાસ પોતાના ઘર તરફ જવા માટે નીકળ્યા હતા. દરમિયાન ભેસ્તાન બ્રિજ ચઢતી વખતે બેફામ દોડી રહેલા ડમ્પરે મોપેડને અડફેટે લેતાં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો.



કાળમુખા ડમ્પરના ચાલકે મોપેડને ટક્કર મારતાં રૂકસાર સૈયદ અને પુત્રી જૈનબનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે રૂકસારના ભાઈ સહિત અન્ય એક પુત્રીને સામાન્ય ઈજા પહોંચી હતી. સ્થાનિકોએ 108 એમ્બ્યુલન્સને જાણ કરી હતી. ટીમ સ્થળ પર પહોંચી હતી અને રૂકસાર અને જૈનબને તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબોએ માતા-પુત્રીને મૃત જાહેર કરતાં પરિવારના માથે આભ તૂટી પડ્યું હતું.

બીજી તરફ ઘટનાને પગલે સ્થાનિકો અને પરિવારજનો મોટી સંખ્યામાં સ્થળ પર આવી પહોંચ્યા હતા. તેઓ દ્વારા ડમ્પરચાલક વિરુદ્ધ રોષ ફાટી નીકળ્યો હતો. લોકોએ સ્થાનિક તંત્ર સામે ભારે બળાપો કાઢ્યો હતો. સ્થાનિકો દ્વારા આ રોડ પર બેફામ દોડતા ડમ્પરો સહિત ભારે વાહનો દ્વારા અવારનવાર નાના વાહનોને ટક્કર મારી અકસ્માત સર્જી રહ્યા હોવાના આક્ષેપો કર્યા હતા. ઘટના સ્થળે પહોંચેલી પોલીસ દ્વારા ડમ્પરચાલક આશિષ પ્રેમશંકર દુબે (ઉ.વ.32, રહે. ગોડાદરા આસપાસ) અને ડમ્પર માલિક સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

અકસ્માત બાદ ડમ્પર ચાલક આશિષ પ્રેમશંકર દુબેની ધરપકડ કરી લેવામાં આવી હતી. જ્યારે આજરોજ ડમ્પરના માલિક હીરાલાલ પાટીલની પણ ધરપકડ કરી વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છેકે જાહેરનામાનો ભંગ કર્યો હોવાથી ડમ્પર ચાલકની સાથે ડમ્પર માલિકની સામે પણ ફરિયાદ નોંધ તેને કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે.

## સુરતમાં પાવર બેંક બ્લાસ્ટ થતા યુટ્યુબર શિવાનીના બેડરૂમમાં આગ

### ડાયમંડ-ગોલ્ડન બટન સહિત લાખોનો સામાન બળીને ખાખ, રડતાં-રડતાં કહ્યું, મારી આખી દુનિયા વેરવિખેર થઈ

**સુરત, તા.28**

સોશિયલ મીડિયા પર 'લિટલ ગ્લૅઝ' તરીકે જાણીતી અને લાખો ફોલોઅર્સ ધરાવતી પ્રખ્યાત કન્ટેન્ટ ક્રિએટર, યુટ્યુબર શિવાની કપિલાના સુરતના જહાંગીરપુરા ખાતે આવેલા ઘરમાં એક મોટો અકસ્માત સર્જાયો છે. શિવાનીએ પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ પર એક વીડિયો શેર કરીને આ ચોંકાવનારી ઘટનાની માહિતી આપી છે.

તેના બેડરૂમમાં ચાર્જિંગમાં મુકેલી એક વાયરલેસ પાવર બેંક અચાનક બ્લાસ્ટ થતાં આખા રૂમમાં ભીષણ આગ લાગી ગઈ હતી. આ અકસ્માતમાં સદનસીબે જાનહાનિ ટળી છે, પરંતુ યુટ્યુબ દ્વારા મળેલા પ્રતિષ્ઠિત ડાયમંડ અને ગોલ્ડન પ્લે બટન સહિત લાખો રૂપિયાની કિંમતી સામગ્રી બળીને રાખ થઈ ગઈ છે.

શિવાનીએ વીડિયોમાં ઘટનાની વિગત આપતા જણાવ્યું કે, તેની સાસુને અચાનક તીવ્ર તાવ આવવાને કારણે તે તેમને હોસ્પિટલમાં દાખલ કરવા ગઈ હતી. આ દરમિયાન ઘરમાં તેના પિતા હાજર હતા. શિવાની હોસ્પિટલ પહોંચી જ હતી કે તેના પર ફોન આવ્યો કે તેના રૂમમાં આગ લાગી છે. શરૂઆતમાં તેને લાગ્યું કે નાની-મોટી આગ હશે, પરંતુ જ્યારે તે ઘરે પહોંચી ત્યારે દ્રશ્યો જોઈને તેના પગ નીચેથી



જમીન સરકી ગઈ હતી. પાવર બેંકના પ્રચંડ બ્લાસ્ટને કારણે આખો રૂમ કાળોમેશ થઈ ગયો હતો અને આગની લપેટમાં બધું જ નાશ પામ્યું હતું.

આ ઘટના સમયે શિવાનીનો વ્હાલો પાલતુ કૂતરો 'કોકો' તે જ રૂમમાં બંધ હતો. રૂમમાં એસી ચાલુ હોવાને કારણે તેને ત્યાં રાખવામાં આવ્યો હતો. આગ લાગ્યા બાદ શિવાનીના પિતા અને મેનેજર રાજીવે ત્વરિત પગલાં લીધા હતા અને ડોલ ભરી ભરીને પાણી નાખી આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કર્યો હતો. આ ભયાનક આગ અને ધુમાડાની વચ્ચેથી કોકોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યો હતો. શિવાનીએ જણાવ્યું કે, 'જાકો રાખે સાઈયાં, માર સકે ન કોય' એ કહેવત અહીં સાચી સાબિત થઈ છે. કોકોને માત્ર પાછળના ભાગે થોડા વાળ બળવા સિવાય કોઈ ગંભીર ઈજા થઈ નથી.

આગ એટલી ભયાનક હતી કે રૂમમાં રાખેલું એસી સંપૂર્ણપણે ઓગળી ગયું હતું. આ સિવાય શિવાનીની મોંઘી બેગ્સ, કપડાં, એક્સેસરીઝ, કબાટ અને પુત્રી આધ્યાની બાળપણની યાદગીરી રૂપે બનાવેલું વોલ ડ્રોઈંગ પણ સંપૂર્ણપણે નાશ પામ્યા છે. શિવાનીએ રડતા અવાજે કહ્યું કે, એક મિડલ ક્લાસ પરિવારમાંથી આવીને મેં મારી મહેનતથી આ સપનાનું ઘર બનાવ્યું હતું. મારી ઓળખ સમાન યુટ્યુબના સિલ્વર, ગોલ્ડન અને ડાયમંડ બટન પણ આ આગમાં બળી ગયા છે, જેનું મને સૌથી વધુ દુઃખ છે.

આ વીડિયો દ્વારા શિવાનીએ તેના ચાહકો અને સામાન્ય લોકોને એક મોટી ચેતવણી આપી છે. તેણે અપીલ કરી છે કે ક્યારેય પણ પાવર બેંક કે મોબાઈલ ફોનને બેડ પર અથવા પોતાના માથાની નજીક રાખીને ચાર્જ ન કરવો. આજકાલ તમામ વસ્તુઓ સિન્થેટિક હોવાથી આગ ખૂબ જ ઝડપથી પકડે છે. માત્ર એક મિનિટની બેદરકારી આખા ઘરને બરબાદ કરી શકે છે.

અકસ્માત બાદ રૂમમાં ફેલાયેલા ઝેરી કાર્બન મોનોક્સાઇડ ધુમાડાને કારણે શિવાની, તેના પિતા અને મેનેજરને સતત ઉલ્ટીઓ અને પેટમાં દુખાવાની ફરિયાદ થઈ રહી હોવાનું પણ સામે આવ્યું છે. હાલમાં આખો પરિવાર આ આઘાતમાંથી બહાર આવવાનો પ્રયત્ન કરી રહ્યો છે.

શિવાની કપિલા જણાવ્યું હતું કે, તાજેતરમાં મારી સાથે એક અત્યંત આઘાતજનક અને દુઃખદ અકસ્માત સર્જાયો છે. મેં મારી સખત મહેનત અને લોહી-પરસેવાની કમાણીથી ખૂબ જ હોંશપૂર્વક મારા સપનાનું ઘર તૈયાર કર્યું હતું. પરંતુ એક અણધારી આકસ્મિક ઘટનાને કારણે મારી આખી દુનિયા પલભરમાં વેરવિખેર થઈ ગઈ છે અને આખો રૂમ સળગીને ખાખ થઈ ગયો છે. આગ લાગવાનું મુખ્ય કારણ પાવર બેંકમાં થયેલો બ્લાસ્ટ છે. હું મારા રૂમમાં એક જાણીતી અને પ્રતિષ્ઠિત કંપનીની પાવર બેંક (જેની કિંમત આશરે 4000થી 4500) ચાર્જિંગમાં મૂકીને બહાર ગઈ હતી. ચાર્જિંગ દરમિયાન આ પાવર બેંક પાછળના ભાગથી અચાનક બ્લાસ્ટ થઈ ગઈ હતી, જેને કારણે આખા રૂમમાં ભયાનક આગ પકડી લીધી હતી.

વધુમાં જણાવ્યું કે, આ સમયે હું એટલી હદ સુધી નિરાશ થઈ ગઈ છું કે મને એ પણ સમજાતું નથી કે આમાં આખરે મારી ભૂલ શું હતી. એક સુરક્ષિત ઉપકરણ વાપરવા છતાં આવી દુર્ઘટનાનો ભોગ બનવું પડ્યું છે. આ ભયાનક આગ લાગી તે સમયે કમનસીબે મારો પાલતુ શ્વાન 'કોકો' પણ એ જ રૂમની અંદર બંધ હતો. આ અકસ્માતને કારણે તે ખૂબ જ ગભરાઈ ગયો છે અને ઊંડા આઘાતમાં છે. પરંતુ ભગવાનની અસીમ કૃપાથી તેને કોઈ શારીરિક ઈજા પહોંચી નથી અને તે સંપૂર્ણપણે સુરક્ષિત છે, જે આ મુશ્કેલ સમયમાં મારા માટે મોટી રાહતની વાત છે.

આ આગ એટલી ગંભીર હતી કે રૂમમાં રહેલી તમામ વસ્તુઓ બળીને રાખ થઈ ગઈ છે. રૂમનું એર કંડિશનર, લાઈટ અને પાવરની તમામ સ્વિચો, મારા પહેરવાના કપડાં તેમજ મારી કિંમતી અને મોંઘી બેગ્સ સહિતની તમામ સામગ્રી સંપૂર્ણપણે નાશ પામી છે. પાવર બેંકના એક બ્લાસ્ટે મારા આખા રૂમને રાખના ઢગલામાં ફેરવી દીધો છે.

## સ્મીમેર હોસ્પિટલમાં આઈકાર્ડ મુદ્દે મારામારીથી ભારે હોબાળો: માર્શલે યુનિફોર્મ વગરના વોર્ડ બોયને મેથીપાક ચખાડ્યો

**સુરત, તા.28**

સુરત મહાનગરપાલિકા સંચાલિત સ્મીમેર હોસ્પિટલ ફરી એકવાર વિવાદોના વમળમાં આવી છે. રાત્રે હોસ્પિટલ પરિસરમાં જ સુરક્ષા કર્મચારી માર્શલ અને વોર્ડ બોય વચ્ચે આઈ-કાર્ડ બતાવવા જેવી નજીવી બાબતે ઉગ્ર ઝઘડો થયો હતો. વાત એટલી હદે વણસી ગઈ હતી કે માર્શલે વોર્ડ બોયને ઢોર માર માર્યો હતો, જેને પગલે હોસ્પિટલ કેમ્પસમાં ભારે હોબાળો મચી ગયો હતો. લોહીલુહાણ થયેલા વોર્ડ બોયને તાત્કાલિક સારવાર અર્થે સ્મીમેરના જ ઈમરજન્સી વોર્ડમાં ખસેડવાની ફરજ પડી હતી.

મળતી માહિતી મુજબ, ડિંડોલીના રામી પાર્ક પાસે આવેલી સાંઈ દર્શન સોસાયટીમાં રહેતા 40




વર્ષીય ગોપાલ ગોવિંદરાવ પાટીલ સ્મીમેર હોસ્પિટલમાં વોર્ડ બોય તરીકે ફરજ બજાવે છે. શનિવારે (27 જૂન) રાત્રે તેમની નાઈટ ડ્યુટી હોવાથી તેઓ હોસ્પિટલ આવ્યા હતા. ડ્યુટી પર હાજર થવા માટે તેઓ પોસ્ટમોર્ટમ રૂમ પાસેના ગેટ તરફ પંચિંગ કરવા જઈ રહ્યા હતા. જોકે, આ સમયે ગોપાલે હોસ્પિટલનો ઓફિશિયલ યુનિફોર્મ પહેર્યો ન હતો અને તેઓ સિવિલ ડ્રેસમાં હતા.

ગોપાલ પાટીલ જ્યારે VIP ગેટ પાસેથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે ત્યાં સુરક્ષાની ફરજ પર તૈનાત માર્શલ જયદીપે તેમને અટકાવ્યા હતા. યુનિફોર્મ વગરના ગોપાલને જોઈ માર્શલે સવાલ કર્યો હતો કે, તું કોણ છે? અને તેની પાસે આઈ-કાર્ડ માંગ્યું હતું. આ સાંભળીને વોર્ડ બોય ગોપાલ ગુસ્સામાં જવાબ આપ્યો હતો કે, તું આઈકાર્ડ માંગવાવાળો કોણ? બસ, આટલી વાતમાં બંને વચ્ચે અહમનો ટકરાવ શરૂ થયો હતો અને જોતજોતામાં મામલો ગાળાગાળી પર પહોંચી ગયો હતો.

બોલાચાલી એટલી હિંસક બની ગઈ કે માર્શલ જયદીપે આપા ખોઈ બેસીને વોર્ડ બોય ગોપાલ પર હુમલો કરી દીધો હતો. માર્શલે ગોપાલને ઢીકાપાટુનો નિર્મમ માર મારવાનું શરૂ કરતા હોસ્પિટલ પરિસરમાં દોડધામ મચી ગઈ હતી અને મોટી સંખ્યામાં લોકોના ટોળા એકત્ર થઈ ગયા હતા. આ મારામારીમાં ગોપાલને મોઢાના ભાગે, છાતીમાં તેમજ ડાબા કાન પર ગંભીર ઈજાઓ પહોંચી હતી.

ઈજાગ્રસ્ત વોર્ડ બોયને લોહીલુહાણ હાલતમાં તાત્કાલિક સ્મીમેર હોસ્પિટલના જ ઈમરજન્સી વોર્ડમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યો છે. હોસ્પિટલની અંદર જ સ્ટાફ અને સિક્યોરિટી વચ્ચે થયેલી આ લડાઈની ઘટના વાયુવેગે સ્મીમેરના ઉચ્ચ અધિકારીઓ સુધી પહોંચી ગઈ છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, હોસ્પિટલ પ્રશાસને આ ઘટનાને ગંભીરતાથી લઈ સમગ્ર મામલે આંતરિક તપાસ શરૂ કરી છે.

## મહિલા PSI વતી 10 હજારની લાંચ લેતા ASI ઝડપાયો: માંજલપુર પોલીસ સ્ટેશન નજીક ACBની સફળ ટ્રેપ, ફરિયાદીને હેરાન નહીં કરવા બદલ લાંચ માગી હતી

**વડોદરા, તા.28**

વડોદરાના માંજલપુર પોલીસ સ્ટેશન સાથે સંકળાયેલા ભ્રષ્ટાચારના કેસમાં એન્ટી કરપ્શન બ્યુરોને મોટી સફળતા મળી છે. વિશ્વામિત્રી પોલીસ ચોકીના PSI મલ્લિકાબેન ખીમજીભાઈ પરમાર વતી માંજલપુર પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્ક્વોડના ASI જયકિશન સોમાજી ગામેતીને રૂ.10 હજારની લાંચ સ્વીકારવાના ગુનામાં ACBએ શનિવારે ટ્રેપ ગોઠવી રંગેહાથ ઝડપી પાડ્યો છે.

ACBના જણાવ્યા મુજબ, જાગૃત નાગરિકે ફરિયાદ કરી હતી કે તેમના વિરુદ્ધ માંજલપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનાની તપાસ દરમિયાન PSI મલ્લિકાબેન પરમારે તેમને હેરાનગતિ ન કરવા તેમજ જામીનની કાર્યવાહી ઝડપથી



પૂર્ણ કરવા માટે શરૂઆતમાં રૂ.25 હજારની લાંચ માંગી હતી. બાદમાં રકઝક થતાં રૂ.10 હજાર લેવાનું નક્કી થયું હતું.

આરોપી PSIએ લાંચની રકમ ASI જયકિશન ગામેતીને આપવાનું જણાવ્યુ હતું. ફરિયાદી લાંચ આપવા ઈચ્છતા ન હોવાથી તેમણે ACBનો સંપર્ક કર્યો હતો. ત્યારબાદ પોલીસ ઈન્સ્પેક્ટર એન.એમ. તલાટીના માર્ગદર્શન હેઠળ ટ્રેપ ગોઠવવામાં આવી હતી. ટ્રેપ દરમિયાન ફરિયાદીએ માંજલપુર પોલીસ સ્ટેશનની બાજુમાં ભાવના ઝેરોક્ષ સામે મુખ્ય માર્ગ પર ઉભેલી ASI જયકિશન ગામેતીની મારુતિ સ્વિફ્ટ કારમાં ડેશબોર્ડ પર રૂ.10 હજાર મૂક્યા હતા. લાંચની રકમ સ્વીકારતા જ ACBની ટીમે બંને આરોપીઓને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# આગેકૂચ માટે આતુર ભારત માટે ઓસ્ટ્રેલિયા સામે કપરો જંગ

## વિમેન્સ ટી20 વર્લ્ડ કપમાં ભારતીય વિમેન્સ ટીમે આજે ઓસી.ને હરાવવું જરૂરી



લંડન, તા.28

આઈસીસી વિમેન્સ ટી20 ક્રિકેટ વર્લ્ડ કપમાં રવિવારનો દિવસ ગ્રૂપ-A માટે અત્યંત રોમાંચક બની રહેશે. સેમિફાઈનલમાં પ્રવેશની રેસ જીવંત રાખવા માટે ભારતીય વિમેન્સ ટીમે રવિવારે છ વખતની ચેમ્પિયન ઓસ્ટ્રેલિયા સામેની અંતિમ લીગ મેચમાં પોતાનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરવું પડશે. ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે રવિવારે લોર્ડ્ઝ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે અંતિમ લીગ મેચ રમાશે. ભારતીય સમય મુજબ સાંજે 7.00 કલાકે મેચનો પ્રારંભ થશે.

વર્તમાન ટુર્નામેન્ટમાં આ ગ્રૂપમાં છમાંથી બે ટીમ (પાકિસ્તાન અને નેધરલેન્ડ્સ) અગાઉથી જ બહાર ફેંકાઈ ગઈ છે જ્યારે ભારત અને ઓસ્ટ્રેલિયા સિવાય સાઉથ આફ્રિકા અને બાંગ્લાદેશ પણ હજી રેસમાં છે જેઓ રવિવારે જ રમવાના છે અને આ ચારમાંથી બે ટીમ સેમિફાઈનલમાં પહોંચશે. આમ આ બે મેચ બાદ ગ્રૂપમાંથી કઈ ટીમ સેમિફાઈનલમાં રમશે તેનું ચિત્ર સ્પષ્ટ થશે. સાઉથ આફ્રિકા (છ પોઈન્ટ)ની ટીમ બાંગ્લાદેશ (ચાર પોઈન્ટ) સામે ટકરાશે, જ્યારે ભારત (છ પોઈન્ટ) અયાર સુધીની અજેય ઓસ્ટ્રેલિયા (આઠ પોઈન્ટ) સામે રમશે. જો સાઉથ આફ્રિકા અપેક્ષા મુજબ બાંગ્લાદેશને હરાવે તો ભારત માટે ઓસ્ટ્રેલિયા સામેની મેચ એક પ્રકારની 'ક્વાર્ટર ફાઈનલ' જેવી બની જશે. હારનો અર્થ છે કે વર્લ્ડ કપમાંથી ભારતની વિદાય નિશ્ચિત છે. જોકે, જો બાંગ્લાદેશ આફ્રિકાને હરાવવાની અકલ્પનીય કામગીરી કરે, તો ભારત હાર્યા પછી પણ નેટ રન રેટના આધારે સેમિફાઈનલમાં પ્રવેશ કરી શકે છે.

સમગ્ર વર્લ્ડ કપમાં ભારતીય ટીમ માટે સમસ્યાઓનો પહાડ રહ્યો છે. શરૂઆતમાં ઓપનર્સનું ફોર્મ ચિંતાનો વિષય હતું, પરંતુ સ્મૃતિ મંધાના (167 રન) અને શેફાલી વર્મા (145 રન) એ સારું ફોર્મ દાખવ્યું છે. જોકે, કેપ્ટન હરમનપ્રિત કૌર અને જેમિમાહ રોડ્રિગ્સના ફોર્મ અને મિડલ ઓર્ડરની નિષ્ફળતા ટીમ માટે મોટી ચિંતાનો વિષય છે.

સૌથી ગંભીર સમસ્યા ટીમની કંગાળ ફિલ્ડિંગ છે. છેલ્લી બે મેચમાં ભારતીય ખેલાડીઓએ છ કેચ છોડ્યા છે. રાધા યાદવ જેવી ઉત્તમ ફિલ્ડરે પણ ત્રણ કેચ ડ્રોપ કર્યા છે. કોચ અમોલ મઝુમદાર અને કેપ્ટન હરમનપ્રિત જાણે છે કે ઓસ્ટ્રેલિયા જેવી મજબૂત ટીમ સામે આવી ભૂલો કરવી એટલે હારને આમંત્રણ આપવા બરાબર બની શકે છે. ભારત માટે લેફ્ટ આર્મ સ્પિનર શ્રી ચરણી અત્યાર સુધી 12 વિકેટ ઝડપીને સૌથી મોટું હથિયાર સાબિત થઈ છે, પરંતુ ટીમને અન્ય બોલરોના સહકારની પણ જરૂર છે. બીજી તરફ ઓસ્ટ્રેલિયા માટે રાહતની બાબત એ છે કે ફોબી લિચફિલ્ડ ઈજામાંથી સાજી થઈને ટીમમાં પરત ફરી શકે છે, જે ખાસ કરીને ભારત સામે સારું રમવા માટે જાણીતી છે. ઓસ્ટ્રેલિયા પહેલેથી જ સેમિફાઈનલમાં સ્થાન નિશ્ચિત કરી ચૂક્યું છે, છતાં તેઓ પોતાની અજેય લય જાળવી રાખવા ઈચ્છશે.

# પ્રો હોકી લીગમાં ભારતે કટ્ટર હરીફ પાક.ને કચડી નાખ્યું....



લંડન, તા.28

ફેડરેશન ઈન્ટરનેશનલ હોકી (FIH)ની પ્રો લીગ હોકી ટુર્નામેન્ટમાં શનિવારે ભારતે પોતાનું વર્ચસ્વ પુરવાર કરતાં કટ્ટર હરીફ પાકિસ્તાનને 7-1થી કચડી નાખીને ટુર્નામેન્ટમાં આગેકૂચ કરી હતી. આ લીગમાં બંને વચ્ચે આ રિવર્સ લીગ મેચ હતી.

મેચની શરૂઆતમાં ભારત એક ગોલથી પાછળ હતું કેમ કે પાકિસ્તાને પહેલો ગોલ કરી નાખ્યો હતો પરતુ ત્યાર બાદ ભારતીય મેન્સ હોકી ટીમે જોરદાર આક્રમણ કર્યું હતું. લંડનના લી વેલી હોકી એન્ડ ટેનિસ સેન્ટર ખાતે રમાયેલી મેચમાં ભારત માટે સુખજિત સિંઘ (20મી મિનિટે), હરમનપ્રિત સિંઘ (26), હાર્દિક સિંઘ (34), જુગરાજસિંઘ (35), અભિષેક (41), રાજ કુમાર પાલ (44) અને દિલપ્રિત સિંઘે (54) ગોલ ફટકાર્યા હતા. મિડફિલ્ડર હાર્દિક સિંઘને મેન ઓફ ધ મેચ જાહેર કરાયો હતો. ભારતીય ટીમે તેના કટ્ટર હરીફ પાકિસ્તાન સામે એકતરફી અને પ્રભુત્વ ધરાવતી રમત દાખવી હતી. રમતની શરૂઆત પાકિસ્તાન માટે સારી રહી હતી પરંતુ ત્યારબાદ ભારતીય ખેલાડીઓએ મેદાન પર પોતાની તાકાત બતાવીને મેચને એકતરફી બનાવી દીધી હતી. મેચની શરૂઆત ખૂબ જ ઝડપી રહી હતી. પાકિસ્તાને 13મી મિનિટે પેનલ્ટી કોર્નર જીત્યો જેને કેપ્ટન અબુ બકર મહેમૂદે ગોલમાં ફેરવીને પોતાની ટીમને 1-0થી સરસાઈ અપાવી હતી. જોકે આ સરસાઈ લાંબો સમય ટકી ન હતી. બીજા ક્વાર્ટરમાં ભારતે આક્રમક વલણ અપનાવ્યું હતું. 20મી મિનિટે હરમનપ્રિત સિંહના શક્તિશાળી ડ્રેગ-ફ્લિકને સુખજિતે ગોલમાં ફેરવીને સ્કોર 1-1 થી બરાબર કર્યો હતો. ત્યારબાદ 26મી મિનિટે કેપ્ટન હરમનપ્રિતે વધુ એક સચોટ ડ્રેગ-ફ્લિક દ્વારા સ્કોર 2-1 કરી હાફ-ટાઈમ સુધીમાં ભારતને લીડ અપાવી હતી. ત્રીજા ક્વાર્ટરમાં ભારતીય ટીમ સંપૂર્ણ રીતે પાકિસ્તાન પર હાવી થઈ ગઈ હતી. 34મી મિનિટે હાર્દિકે પેનલ્ટી સ્ટ્રોક દ્વારા સ્કોર 3-1 કર્યો હતો. જેની એક મિનિટ પછી જ જુગરાજે શાનદાર ગોલ ફટકારી દીધો હતો.

# હાર્દિક-માહિકાએ ચૂપચાપ લગ્ન કરી લીધા!: પંડ્યાની ગર્લફ્રેન્ડનો લાલ ચાંલ્લો અને સેંથો પૂરેલો ફોટો વાઈરલ, સોશિયલ મીડિયામાં અટકળોએ જોર પકડ્યું



નવી દિલ્હી, તા.28

ટીમ ઈન્ડિયાના સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા IPL 2026 બાદ ક્રિકેટમાંથી બ્રેક પર છે. તે ભારતના આયર્લેન્ડ અને ઈંગ્લેન્ડ પ્રવાસનો ભાગ નથી. આ દરમિયાન તે પોતાની ગર્લફ્રેન્ડ માહિકા શર્મા સાથે ક્વોલિટી ટાઈમ વિતાવી રહ્યા છે. આ વચ્ચે સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહેલી કેટલીક તસવીરોએ ફેન્સનું ધ્યાન પોતાની તરફ ખેંચ્યું છે. એવા સમાચાર છે કે હાર્દિકે માહિકા સાથે લગ્ન કરી લીધા છે. આ કપલની જે તસવીરો સોશિયલ મીડિયામાં સતત વાઈરલ થઈ રહી છે.

તમને જણાવી દઈએ કે વાઈરલ થઈ રહેલી તસવીરમાં માહિકા શર્માના સેંથામાં સિંદૂર અને કપાળ પર લાલ રંગની બિંદી જોવા મળી રહી છે. તો વળી હાર્દિકના કપાળ પર પણ તિલક લગાવેલવું છે. એવી અટકળો છે કે તસવીરમાં બંને માહિકાની માતા સાથે પોઝ આપતા નજરે પડી રહ્યા છે. આ તસવીર સામે આવ્યા બાદ એવી અટકળો લગાવવામાં આવી રહી છે કે કપલે પ્રાઈવેટ સેરેમનીમાં લગ્ન કરી લીધા છે. જોકે, ન તો હાર્દિક કે ન તો માહિકા શર્માએ લગ્નના સમાચારને કન્ફર્મ કર્યા છે.

બીજી તરફ તસવીર વાઈરલ થયા બાદ સોશિયલ મીડિયા પર હલચલ મચી ગઈ છે અને તમામ યુઝર્સ આશ્ચર્ય વ્યક્ત કરી રહ્યા છે.

T20 વર્લ્ડ કપમાં શાનદાર પ્રદર્શન કરી ભારતે મેચ જીત્યા બાદ સ્ટેડિયમમાં જીતનું સેલિબ્રેશન ચાલી રહ્યું હતું. આ દરમિયાન માહિકાએ હાર્દિકને સ્ટેડિયમમાં કિસ કરી હતી. કપલ એકબીજાનો હાથ પકડીને સ્ટેડિયમ વચ્ચે ડાન્સ કરતા જોવા મળ્યું હતું. બાદમાં હાર્દિક-માહિકા બધાની ચિંતા છોડીને સ્ટેડિયમમાં બનેલા પોડિયમ પર રોમેન્ટિક થતા દેખાયા હતા. બંને પોડિયમ પર સૂતેલા હતા અને એકબીજા સાથે વાતો કરવામાં વ્યસ્ત હતા. આ ઘટનાના વીડિયો વાઈરલ થયા બાદ યુઝર્સે હાર્દિકને ખૂબ ટ્રોલ કર્યો હતો.

હાર્દિક પંડ્યાએ 19 ફેબ્રુઆરીના રોજ માહિકા શર્માનો 25મો જન્મદિવસ ઉજવ્યો હતો. હાર્દિકે ઈન્સ્ટાગ્રામ પર માહિકા સાથેની કેટલીક સુંદર પળોનો વીડિયો શેર કર્યો હતો. આ વીડિયોમાં બંને સાથે સમય વિતાવતા અને મસ્તી કરતા જોવા મળ્યા હતા. હાર્દિકે આ પોસ્ટ સાથે કેપ્શનમાં લખ્યું હતું, 'હેપી બર્થ-ડે માય પ્રિન્સેસ... 25 વર્ષ પહેલાં આ વર્લ્ડમાં જન્મ લેવા માટે થેન્ક યુ. તું ખૂબ જ અદભુત વ્યક્તિ છે..આઈ લવ યુ.'

થોડા મહિના પહેલા હાર્દિકે ગર્લફ્રેન્ડ મહિકા સાથેના પ્રેમ, ઓળખ અને રિલેશનશિપની વ્યક્તિગત વાર્તા દર્શાવતું ટેટુ બનાવડાવ્યું હતું. તેણે ગળા પર 'M' અક્ષરનો ટેટૂ બનાવ્યો છે, જેમાં બે ચિત્તા પણ છે. ટેટૂ બનાવનાર ટીમે ઈન્સ્ટાગ્રામ પર વીડિયો શેર કરીને લખ્યું હતું કે, 'હાર્દિક રાત્રે 2 વાગ્યે માહિકાને સાથે લઈને આવ્યો હતો. તે માહિકાને સરપ્રાઈઝ આપવામાં આવતો હતો. આ ટેટૂમાં બે ચિત્તા દર્શાવવામાં આવ્યા છે, જે ફક્ત પ્રાણીઓની ડિઝાઈન તરીકે જ નહીં, પરંતુ તેમના સંબંધનું પ્રતિનિધિત્વ કરવા માટે રચાયેલી છે.' નોંધનીય છે કે, હાર્દિક પંડ્યાએ અગાઉ 31 મે 2020ના રોજ 'ડીજે વાલે બાબુ' ગીત ફેમ એક્ટ્રેસ નતાશા સ્ટેનકોવિક સાથે લગ્ન કર્યા હતા. બંનેએ કોવિડ-19 દરમિયાન ઘરે સાદગીથી લગ્ન કર્યા હતા. એ જ વર્ષે 30 જુલાઈએ નતાશાએ દીકરા અગસ્ત્યને જન્મ આપ્યો હતો. બાદમાં બંનેએ બે વર્ષ પછી વેલેન્ટાઈન ડેના દિવસે રાજસ્થાનના ઉદયપુરમાં પરંપરાગત રીત-રિવાજો સાથે ભવ્ય લગ્ન કર્યા હતા. જોકે, બંને વચ્ચે અંતર વધતા જુલાઈ-2024માં છૂટાછેડા લઈ લીધા હતા. માહિકા શર્માનો જન્મ દિલ્હીમાં થયો હતો. તે માત્ર 24 વર્ષની છે. તે એક અભિનેત્રી, મોડલ અને ફિટનેસ કન્ટેન્ટ ક્રિએટર છે. તે સોશિયલ મીડિયા પર ખૂબ જ લોકપ્રિય છે. તેણે દિલ્હીમાં અભ્યાસ કર્યો છે અને અર્થશાસ્ત્ર અને ફાઈનાન્સમાં ગ્રેજ્યુએશન કર્યું છે. તેના મજબૂત વ્યક્તિત્વ અને આત્મવિશ્વાસથી માહિકા મનોરંજન જગતમાં નોંધપાત્ર સ્થાન બનાવી રહી છે.

# બોક્સ ઓફિસ પર પિતા સૈફ અને પુત્રી સારા વચ્ચે ટક્કર થશે

## અક્ષય કુમાર-સૈફ અલી ખાનની 'હૈવાન' અને 'ઉડતા તીર' 11 સપ્ટેમ્બરે રિલીઝ થશે



મુંબઈ, તા.28

અક્ષય કુમાર અને સૈફ અલી ખાનને ફરી એકવાર મોટા પડદા પર સાથે જોવા આતુર ચાહકો માટે ખુશખબર છે. તેમની પ્રિયદર્શન સાથેની સસ્પેન્સ થ્રિલર 'હૈવાન'ની રિલીઝ ડેટ જાહેર કરવામાં આવી છે. જ્યારથી પ્રિયદર્શન અને અક્ષય તેમજ સૈફ અલી ખાનની તસવીરો જાહેર થઈ ત્યારથી આ ફિલ્મ વિશે ચર્ચાઓ થતી રહી છે. કેવીએન પ્રોડક્શન્સ અને થેસ્પિયન ફિલ્મ્સના બેનર હેઠળ બનેલી આ ફિલ્મ 11 સપ્ટેમ્બર, 2026ના રોજ દુનિયાના થિએટર્સમાં એકસાથે રિલીઝ થશે. આ સાથે જ રસપ્રદ વાત એ છે કે આ દિવસે બોક્સ ઓફિસ પર પિતા-પુત્રીની ફિલ્મ વચ્ચે ટક્કર થશે. કારણ કે આયુષ્યમાન ખુરાના અને સારા અલી ખાનની ફિલ્મ 'ઉડતા તીર' પણ આ જ દિવસે રિલીઝ થવાની છે.

ફિલ્મની જાહેરાત સાથે નિર્માતાઓએ સોશિયલ મીડિયા પર એક આકર્ષક પોસ્ટર શેર કર્યું છે, જેના પર લખવામાં આવ્યું છે, "એક જ જનૂન. એક અથાગ પીછો. એક તારીખ જે તમારે યાદ રાખવી છે. પ્રિયદર્શનની હૈવાન જેમાં અક્ષય કુમાર અને સૈફ અલી ખાન ફરીથી સાથે આવે છે. 11 સપ્ટમ્બરે થિએટરમાં આવશે. કેલેન્ડરમાં તમારી તારીખ નોંધી લેજો." આ સાથે કેપ્શનમાં જણાવાયું કે 'હૈવાન' એક એવી થ્રિલર છે જે દર્શકોને અંત સુધી સસ્પેન્સમાં જકડી રાખશે.

'હૈવાન'ની સૌથી મોટી ખાસિયત એ છે કે તેમાં અક્ષય કુમાર અને સૈફ અલી ખાન લાંબા સમય બાદ ફરી એકવાર સાથે સ્ક્રીન શેર કરતા જોવા મળશે. બંને કલાકારો અગાઉ અનેક યાદગાર ફિલ્મોમાં સાથે કામ કરી ચૂક્યા છે અને તેમની ઓન-સ્ક્રીન કેમેસ્ટ્રીને દર્શકોએ ખૂબ પસંદ કરી છે. આ ફિલ્મ દ્વારા પ્રિયદર્શન પણ અક્ષય કુમાર સાથે ફરી જોડાયા છે. બંનેએ આ વર્ષે 'ભૂત બંગલા'માં પણ સાથે કામ કર્યું હતું. અક્ષય અને સૈફ ઉપરાંત ફિલ્મમાં શ્રિયા પિલગાંવકર અને સૈયામી ખેર પણ મહત્વપૂર્ણ પાત્રોમાં જોવા મળશે. જોકે ફિલ્મની વાર્તા અંગે નિર્માતાઓએ હજુ સુધી કોઈ વિગત જાહેર કરી નથી, પરંતુ પોસ્ટર અને ટેગલાઈન પરથી સ્પષ્ટ થાય છે કે ફિલ્મ લત, પીછો અને સસ્પેન્સ જેવા વિષયો પર આધારિત હશે. આ અંગેના અહેવાલોમાંથી માહિતી મુજબ, 'હૈવાન' પ્રિયદર્શનની 2016ની વખણાયેલી મલયાલમ ફિલ્મ 'ઓપ્પમ'ની અધિકૃત હિન્દી રિમેક છે. મૂળ ફિલ્મમાં મોહનલાલ મુખ્ય ભૂમિકામાં હતા.

ફિલ્મનું સંગીત પ્રીતમે આપ્યું છે, જ્યારે પ્રોડક્શન ડિઝાઈન સાબુ સિરિલે સંભાળી છે. દિવાકર મણિ સિનેમેટોગ્રાફર તરીકે જોડાયા છે. પરંતુ રસપ્રદ વાત એ છે કે 'હૈવાન'ની રિલીઝ સાથે જ બોક્સ ઓફિસ પર રસપ્રદ ટક્કર જોવા મળશે. આ જ દિવસે આયુષ્માન ખુરાના અને સારા અલી ખાન અભિનીત સ્પાય કોમેડી 'ઉડતા તીર' પણ રિલીઝ થવાની છે.ખાસ વાત એ છે કે આ ફિલ્મનું નિર્દેશન આકાશ એ. કૌશિકે કર્યું છે અને નિર્માણમાં કરણ જોહર, અદાર પૂનાવાલા, અપૂર્વ મહેતા, ગુનીત મોંગા કપૂર અને અચિન જૈન સહિતના નિર્માતાઓ જોડાયેલા છે. આથી 11 સપ્ટેમ્બર, 2026ના રોજ સિનેમાઘરોમાં બે મોટી સ્ટારકાસ્ટ ધરાવતી ફિલ્મો વચ્ચે જોરદાર બોક્સ ઓફિસ જંગ જોવા મળશે.

# ફ્રાન્સના પ્રતિષ્ઠિત બિયારિત્ઝ ફિલ્મ ફેસ્ટિવલની જ્યુરીમાં સામેલ થયો ઈશાન

## ક્રિસ્ટન સ્ટુઅર્ટ સાથે ઈશાન નિર્ણાયકની ભૂમિકા અદા કરશે



મુંબઈ, તા.28

યંગ એક્ટર ઈશાન ખટ્ટરે પોતાની આંતરરાષ્ટ્રીય કારકિર્દીમાં વધુ એક મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. ફ્રાન્સમાં યોજાનારા પ્રતિષ્ઠિત બિયારિત્ઝ ફિલ્મ ફેસ્ટિવલ - નુવેલ્સ વાગસની આંતરરાષ્ટ્રીય જ્યુરીમાં ઈશાનને સ્થાન મળ્યું છે. ખાસ વાત એ છે કે આ વર્ષની જ્યુરીનું નેતૃત્વ હોલિવૂડ અભિનેત્રી અને ફિલ્મમેકર ક્રિસ્ટન સ્ટુઅર્ટ કરશે. ફ્રાન્સના સુંદર બાસ્ક કિનારે યોજાયેલા આ છ દિવસના ફિલ્મ મહોત્સવની ભવ્ય શરૂઆત આંતરરાષ્ટ્રીય ફિલ્મી હસ્તીઓ અને યુરોપિયન ફિલ્મકારોની હાજરીમાં થઈ હતી. હાલમાં ચોથી આવૃત્તિમાં પ્રવેશેલા આ ફેસ્ટિવલનો મુખ્ય ઉદ્દેશ નવા ફિલ્મકારો અને નવી પેઢીની સર્જનાત્મક પ્રતિભાને વૈશ્વિક મંચ આપવાનો છે.આ વર્ષની જ્યુરીમાં ઈશાન ખટ્ટર ઉપરાંત કેનેડિયન અભિનેત્રી વિટની પીક, ફ્રેન્ચ અભિનેતા-દિગ્દર્શક રાફાયેલ ક્વેનાર્ડ, ફ્રેન્ચ ફિલ્મમેકર નાથન એમ્બ્રોસિયોની, અભિનેત્રી સુઝી બેમ્બા, ઈટાલિયન ફિલ્મમેકર કેરોલિના કાવલ્લી અને બ્રિટિશ અભિનેત્રી એસ્મે ક્રીડ-માઈલ્સનો પણ સમાવેશ થાય છે.

આ વર્ષની જ્યુરીમાં ઈશાન ખટ્ટર એકમાત્ર ભારતીય પ્રતિનિધિ છે. તાજેતરના આંતરરાષ્ટ્રીય પ્રોજેક્ટ્સમાં તેના અભિનયને મળેલી પ્રશંસા બાદ વૈશ્વિક ફિલ્મ જગતમાં તેની વધતી ઓળખનું આ વધુ એક મહત્વપૂર્ણ ચરણ માનવામાં આવી રહ્યું છે. ફિલ્મ ફેસ્ટિવલ દરમિયાન ઈશાન ઉભરતા ફિલ્મકારોની ફિલ્મોનું મૂલ્યાંકન કરશે અને નવીન વાર્તાઓ તેમજ કન્ટેમ્પરરી સિનેમાને પ્રોત્સાહન આપતી ચર્ચાઓમાં ભાગ લેશે. ક્રિસ્ટન સ્ટુઅર્ટ જેવી આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત અભિનેત્રી સાથે જ્યુરીમાં સ્થાન મળવું ઈશાન ખટ્ટર માટે મોટી સિદ્ધિ માનવામાં આવી રહી છે. આ નિમણૂક એ પણ દર્શાવે છે કે ભારતીય કલાકારોને હવે વિશ્વના પ્રતિષ્ઠિત ફિલ્મ મહોત્સવોમાં વધુને વધુ માન્યતા મળી રહી છે. બિયારિત્ઝ ફિલ્મ ફેસ્ટિવલ - નુવેલ્સ વાગસ 28 જૂન સુધી ચાલશે, જેમાં વિશ્વભરના નવા ફિલ્મકારોની ફિલ્મો, ચર્ચાસત્રો અને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. આ મહોત્સવ વૈશ્વિક સિનેમાના ભવિષ્યને પ્રોત્સાહન આપવાની સાથે ફિલ્મકારો અને દર્શકો વચ્ચે સાંસ્કૃતિક સંવાદને પણ મજબૂત બનાવવાનો પ્રયાસ કરે છે.

# 'પુષ્પા' બાદ અલ્લુ અર્જુન અને રશ્મિકા મંદાના ફરી સાથે દેખાશે



મુંબઈ, તા.28

'પુષ્પા' ફ્રેન્ચાઈઝીમાં શ્રિવલ્લી અને પુષ્પા રાજની લોકપ્રિય જોડી તરીકે દિલ જીતનાર રશ્મિકા મંદાના અને અલ્લુ અર્જુન હવે ફરી એકવાર મોટા પડદા પર સાથે જોવા મળી શકે છે. આ અંગેના અહેવાલો મુજબ, દિગ્દર્શક અટલીની મહત્ત્વાકાંક્ષી સાયન્સ-ફિક્શન ફેન્ટસી એક્શન ફિલ્મ 'રાકા'ના મુંબઈ શીડ્યુલમાં રશ્મિકા ટૂંક સમયમાં જોડાવાની છે.

અહેવાલો અનુસાર, 'પુષ્પા' બાદ આ બંને કલાકારોની એકબીજા સાથે પહેલી ફિલ્મ હશે. તેમની ઓન-સ્ક્રીન કેમિસ્ટ્રીને દર્શકોએ ભારે પસંદ કરી હતી અને હવે 'રાકા'માં તેમની જોડી ફરી એકવાર જોવા મળશે. સૌથી રસપ્રદ બાબત એ છે કે આ ફિલ્મમાં રશ્મિકા મંદાના નેગેટિવ પાત્ર ભજવતી જોવા મળી શકે છે. જો આ માહિતી સાચી સાબિત થશે તો મેઈનસ્ટ્રીમ કમર્શીયલ ફિલ્મમાં રશ્મિકાનો આ પહેલો વિલન અવતાર હશે. જોકે, નિર્માતાઓએ હજુ સુધી તેનાં પાત્ર અંગે કોઈ સત્તાવાર જાહેરાત કરી નથી. ફિલ્મનું ડિરેક્શન અટલી કરે છે, જ્યારે દીપિકા પાદુકોણ પણ તેમાં મહત્વપૂર્ણ ભૂમિકામાં જોવા મળશે. મોટા બજેટમાં બની રહેલી આ ફિલ્મ 2027ના અંતમાં થિએટર્સમાં રિલીઝ થાય તેવી શક્યતા છે, જોકે સ્ટારકાસ્ટ, કથાવસ્તુ અને રિલીઝ ડેટ અંગે સત્તાવાર જાહેરાત હજુ બાકી છે. તાજેતરના વર્ષોમાં રશ્મિકા મંદાનાએ તેલુગુ અને હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં સતત સફળતા મેળવી છે. 'પુષ્પા' ઉપરાંત 'એનિમલ' અને 'છાવા' જેવી ફિલ્મોમાં તેની ભૂમિકાઓને પણ પ્રશંસા મળી હતી. વર્ક ફ્રન્ટની વાત કરીએ તો 'રાકા' સિવાય રશ્મિકા પાસે 'માયસા', 'રણબલી', 'પુષ્પા 3' અને 'એનિમલ પાર્ક' જેવી ફિલ્મો પણ છે.

# 'અભિનેતા ન બન્યો હોત તો મેંગલોરમાં શિક્ષક હોત' : શાહરુખ




મુંબઈ, તા.28

બોલિવૂડના 'કિંગ ખાન' શાહરુખ ખાને ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પોતાનાં 34 વર્ષ પુરાં કર્યાં છે. આ ખાસ અવસરની ઉજવણી દરમિયાન તેણે ચાહકો સાથેની મુલાકાતમાં એક રસપ્રદ ખુલાસો કર્યો હતો. શાહરુખે જણાવ્યું કે જો તે અભિનેતા ન બન્યા હોત તો મેંગ્લોરમાં એક શિક્ષક તરીકે જીવન વિતાવ્યું હોત.

મેંગ્લોરમાં આયોજિત કાર્યક્રમ દરમિયાન શાહરુખે પોતાના બાળપણની યાદો તાજી કરી. તેણે જણાવ્યું કે જીવનના પ્રથમ પાંચ વર્ષ તેણે મેંગ્લોરમાં પોતાના દાદા ઈફ્તિખાર અહેમદ સાથે વિતાવ્યા હતા, જે મેંગ્લોર પોર્ટમાં ચીફ એન્જિનિયર હતા. ચાહકો સાથેની વાતચીત દરમિયાન જ્યારે તેને પૂછવામાં આવ્યું કે જો તે મેંગ્લોરમાં જ રહ્યો હોત તો કયો વ્યવસાય પસંદ કર્યો હોત, ત્યારે તેણે કહ્યું, "હું ચોક્કસ મેંગ્લોર જેવા શહેરમાં ખૂબ ખુશ હોત. હું શિક્ષક બન્યો હોત. કદાચ સેન્ટ એલોયસિયસ સ્કૂલ, શારદા વિદ્યાલય અથવા માઉન્ટ કાર્મેલ સ્કૂલમાં બાળકોને ભણાવતો હોત."

શાહરુખે વધુમાં ઉમેર્યું, "મને બાળકોને ભણાવવું ખૂબ ગમે છે. હું મારા બાળકોને પણ ભણાવું છું. તેથી હું મેંગ્લોરમાં એક શ્રેષ્ઠ શિક્ષક બનીને ખૂબ આનંદથી જીવન જીવતો હોત." તેના આ જવાબને સાંભળીને ઉપસ્થિત ચાહકોએ જોરદાર તાળીઓ પાડી હતી. કાર્યક્રમ દરમિયાન એક મહિલા પ્રશંસકે શાહરુખને કહ્યું કે તે પોતાના પતિ કરતાં તેને વધુ પ્રેમ કરે છે. તેના જવાબમાં શાહરુખે પોતાનાં જાણીતા હાસ્ય સાથે કહ્યું, "આવી વાતો એકાંતમાં કહેવી જોઈએ ને!" તેનો આ જવાબ સાંભળીને સમગ્ર હોલમાં હાસ્યનું મોજું ફરી વળ્યું.

ફિલ્મોની વાત કરીએ તો શાહરુખ ખાન હાલમાં પોતાની આગામી એક્શન ફિલ્મ 'કિંગ'ના શૂટિંગમાં વ્યસ્ત છે. આ ફિલ્મ ખાસ એટલા માટે પણ ચર્ચામાં છે કે તેમાં તેની પુત્રી સુહાના ખાન મોટા પડદા પર ડેબ્યુ કરી રહી છે. ફિલ્મમાં દીપિકા પાદુકોણ, અભિષેક બચ્ચન, અર્શદ વારસી, રાઘવ જુયાલ, અભય વર્મા, જયદીપ અહલાવત, અનિલ કપૂર, જેકી શ્રોફ અને રાની મુખર્જી પણ મહત્વપૂર્ણ ભૂમિકાઓમાં જોવા મળશે. ફિલ્મનું ડિરેકશન સિદ્ધાર્થ આનંદ કરી રહ્યા છે.

# જુલાઈમાં 12 દિવસ બેંકોમાં કામ નહીં થાય: 4 રવિવાર અને 2 શનિવાર ઉપરાંત અલગ-અલગ જગ્યાએ 6 દિવસ બેંક બંધ રહેશે

**નવી દિલ્હી, તા.28**




જુલાઈ મહિનામાં બેંકિંગ ક્ષેત્રે રજાઓનો મોટો ધમાકો: તહેવારો, પ્રાદેશિક ઉત્સવો અને સાપ્તાહિક રજાઓને કારણે દેશના જુદા જુદા રાજ્યો અને શહેરોમાં કુલ ૧૨ દિવસ બેંકો સંપૂર્ણપણે બંધ રહેશે, ગ્રાહકોએ કોઈપણ પ્રકારની નાણાકીય હાલાકી કે મુશ્કેલીથી બચવા માટે પોતાના જરૂરી વ્યવહારો, ચેક ક્લિયરન્સ અને અન્ય મહત્વપૂર્ણ કામકાજનું આયોજન અત્યારથી જ સમયસૂચકતા વાપરીને કરી લેવું પડશે. આવતા મહિને એટલે કે જુલાઈ મહિનાની શરૂઆત થતાં જ જો તમારે બેંક સંબંધિત કોઈ પણ નાનું-મોટું, વ્યક્તિગત કે વ્યાપારિક મહત્વપૂર્ણ કામ પતાવવાનું હોય, તો આ વિગતવાર સમાચાર તમારા માટે અત્યંત ઉપયોગી, મહત્વના અને સાવધ કરનારા સાબિત થઈ શકે છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા જાહેર કરવામાં આવેલી સત્તાવાર રજાઓની યાદી અનુસાર, જુલાઈ મહિનામાં દેશના જુદા જુદા રાજ્યો અને અગ્રણી શહેરોમાં અલગ-અલગ સ્થાનિક તહેવારો, સાંસ્કૃતિક પર્વો, રાષ્ટ્રીય દિવસો અને નિયમિત સાપ્તાહિક રજાઓને લીધે કુલ ૧૨ દિવસ સુધી બેંકોમાં કોઈ જ કામકાજ હાથ ધરવામાં આવશે નહીં. આ રજાઓની લાંબી યાદીમાં ચાર રવિવાર અને બીજા તથા ચોથા શનિવારની નિયમિત રજાઓનો તો સમાવેશ થાય જ છે, પરંતુ તેની સાથે સાથે દેશના વિવિધ ભૌગોલિક ભાગોમાં ઉજવાતા વિશિષ્ટ પ્રાદેશિક ઉત્સવોને કારણે બીજા ૬ દિવસ પણ બેંકની શાખાઓમાં સંપૂર્ણપણે રજા જાહેર કરવામાં આવી છે. આવી જટિલ સ્થિતિમાં સામાન્ય જનતા, વેપારીઓ અને નોકરીયાત વર્ગને કોઈ પણ પ્રકારની અગવડતા ન પડે, આર્થિક વ્યવહારો ખોરવાઈ ન જાય અથવા બેંકના ધક્કા ન ખાવા પડે તે માટે રજાના આ તમામ દિવસોની વિગતવાર માહિતી પહેલાથી જ જાણી લેવી ખૂબ જ અનિવાર્ય છે, જેથી તમે તમારા તમામ આર્થિક અને નાણાકીય કામકાજનું અગાઉથી યોગ્ય આયોજન ગોઠવી શકો.

જો આપણે શનિવારની સાપ્તાહિક રજાઓની વિગતવાર અને ઊંડાણપૂર્વક વાત કરીએ તો, આ વખતે ૧૧ જુલાઈના રોજ મહિનાનો બીજો શનિવાર આવતો હોવાથી દેશભરની તમામ સરકારી, ખાનગી, વિદેશી તેમજ સહકારી બેંકોમાં સત્તાવાર રીતે રજા રહેશે અને ત્યાં કોઈ પણ પ્રકારની ભૌતિક કામગીરી કે વહીવટી પ્રક્રિયા થઈ શકશે નહીં. ત્યારબાદ મહિનાના અંત ભાગમાં એટલે કે ૨૫ જુલાઈના રોજ મહિનાનો ચોથો શનિવાર હોવાને કારણે પણ દેશની તમામ નાની-મોટી બેંકોના કપાટ બંધ રહેશે અને ગ્રાહકો માટેની અર્જન્ટ કાઉન્ટર સર્વિસ સસ્પેન્ડ રહેશે. આ સિવાય રવિવારની નિયમિત સાપ્તાહિક રજાઓની વાત કરીએ તો, જુલાઈ મહિનામાં આવતા ચાર રવિવારના દિવસોમાં ૫ જુલાઈ, ૧૨ જુલાઈ, ૧૯ જુલાઈ અને ૨૬ જુલાઈના રોજ સમગ્ર દેશમાં એકસમાન રીતે નિયમિત રજાના કારણે તમામ બેંકોના શટર સંપૂર્ણપણે બંધ જ રહેવાના છે. આ તમામ શનિવાર અને રવિવારની નિર્ધારિત રજાઓ ઉપરાંત જુદા જુદા રાજ્યોની ભૌગોલિક, ધાર્મિક અને સાંસ્કૃતિક વિવિધતા તેમજ સ્થાનિક પરંપરાઓ અનુસાર અન્ય ૬ દિવસોમાં પણ જુદી જુદી જગ્યાએ જે-તે પ્રદેશ પૂરતી બેંકોમાં રજા જાહેર કરવામાં આવી છે, જેની સીધી અસર સ્થાનિક સ્તરે ચેક ક્લિયરિંગ, ડ્રાફ્ટ ઈશ્યુ કરવા જેવી બેંકિંગ કામગીરી પર જોવા મળશે.

જો કે આટલી લાંબી રજાઓની યાદી હોવા છતાં પણ સામાન્ય ગ્રાહકોએ કે મોટા વ્યાપારીઓએ બહુ ચિંતા કરવાની કે ગભરાવાની કોઈ જરૂર નથી, કારણ કે આજના અત્યંત આધુનિક, ગતિશીલ અને ડિજિટલ યુગમાં બેંકોની ઓનલાઈન ટેક્નોલોજી આધારિત સેવાઓ સતત ૨૪ કલાક અને સાતેય દિવસ અવિરતપણે કાર્યરત રહે છે. બેંકોની ભૌતિક શાખાઓમાં તાળાં લટકતા હોવા છતાં અને કર્મચારીઓ રજા પર હોવા છતાં, તમે ઈન્ટરનેટ બેન્કિંગ, મોબાઈલ બેન્કિંગ એપ્લિકેશન્સ, નેટ બેન્કિંગ, ડિજિટલ વોલેટ્સ અને યુપીઆઈ જેવા આધુનિક માધ્યમો દ્વારા કોઈપણ સમયે, ગમે ત્યાંથી દેશના ખૂણે-ખૂણામાં પૈસાની લેવડદેવડ ખૂબ જ સરળતાથી, સુરક્ષિત રીતે અને ઈન્સ્ટન્ટ કરી શકશો. આ સિવાય કટોકટીના સમયે તાત્કાલિક રોકડ રકમ ઉપાડવા માટે અથવા કેશ ડિપોઝિટ કરવા માટે તમામ રહેણાંક અને વ્યાપારી વિસ્તારોમાં આવેલા એટીએમ મશીનો તેમજ કેશ રિસાયકલર મશીનો પણ ચોવીસે કલાક ચાલુ રાખવામાં આવશે. આ વૈશ્વિક ડિજિટલ વ્યવસ્થાનો સીધો અર્થ એ થાય છે કે બેંકની ભૌતિક રજાઓની આ ઓનલાઈન ડિજિટલ સુવિધાઓ અને વૈકલ્પિક ચેનલો પર કોઈ પણ પ્રકારની નકારાત્મક અસર નહીં પડે અને દેશના નાગરિકોના રોજબરોજના વ્યાપારિક તેમજ વ્યક્તિગત આર્થિક વ્યવહારો કોઈપણ અડચણ કે રુકાવટ વગર સતત રાબેતા મુજબ ચાલુ રહેશે.

# એન્જિનિયરીંગ ગુડઝ ક્ષેત્રની નિકાસ ૧૨.૩૧ અબજ ડોલરની વિક્રમી સપાટીએ

## ■ ઈલેક્ટ્રિક મશીનરી, ઈક્વિપમેન્ટ, શિપ, બોટ્સ, મોટર સાઈકલ અને આર્યન અને સ્ટીલ પ્રોડક્ટસ થકી નિકાસમાં મોટી વૃદ્ધિ થઈ

મુંબઈ, તા.28




ભારતની એન્જિનિયરીંગ ગુડ્ઝની નિકાસો મે ૨૦૨૬ મહિનામાં રેકોર્ડ ૧૨.૩૧ અબજ ડોલરની નોંધાઈ છે. પશ્ચિમ એશિયામાં જીઓપોલિટીકલ ટેન્શન અને ઘર્ષણથી અવરોધો ઊભા થવા છતાં સૌથી વધુ નિકાસ નોંધાઈ હોવાનું ઈઈપીસી ઈન્ડિયા દ્વારા જારી કરાયેલા આંકડામાં જણાવાયું છે.

એન્જિનિયરીંગ નિકાસો મે ૨૦૨૫ મહિનાના ૯.૮૯ અબજ ડોલરની તુલનાએ આ વખતે ૨૪.૪૮ ટકા વધી છે. આ નિકાસનો હિસ્સો ભારતની કુલ મર્ચન્ડાઈઝ નિકાસોમાં ૨૭.૨ ટકા જેટલો રહ્યો હોવાના સરકારના ત્વિરત અંદાજોના આધાર પર જોવાયું છે. એન્જિનિયરીંગ નિકાસોમાં સૌથી મોટું શિપમેન્ટ ઈલેક્ટ્રિક મશીનરી અને ઈક્વિપમેન્ટ, શિપ અને બોટ્સ, મોટર સાઈકલ અને આર્યન અને સ્ટીલ પ્રોડક્ટસમાં વૃદ્ધિ થકી જોવાયું છે. મહિના દરમિયાન ૩૪ એન્જિનિયરીંગ પ્રોડક્ટસ પેનલો પૈકી ૨૮થી વધુમાં નિકાસ વૃદ્ધિ નોંધાઈ છે.

નિકાસ કામગીરી વિશે ઈઈપીસી ઈન્ડિયાના ચેરમેન પંકજ ચઢ્ઢાએ જણાવ્યું હતું કે, ક્ષેત્રની વૃદ્ધિ વૈશ્વિક બજારોમાં તેની સ્થિતિસ્થાપકતા અને વધતી જતી સ્પર્ધાત્મકતાને પ્રતિબિંબિત કરે છે. આ સાથે વૈશ્વિક કંપનીઓ પણ હવે સપ્લાય માટે કોઈ એક દેશ ચીન પર વધુ પડતાં નિર્ભર રહેવાને બદલે અન્ય દેશોનો વિકલ્પ અપનાવતી થઈ છે, જેને પરિણામે ભારતીય એન્જિનિયરીંગ કંપનીઓ માટે નવી તકો ઊભરી રહી છે.

આ ઉપરાંત તેમણે કહ્યું હતું કે, ભારતીય નિકાસકારોએ આ તકોનો લાભ લેવા માટે સ્કેલ, ઉત્પાદન ગુણવત્તા, લોજિસ્ટિક્સ અને ગંતવ્ય-દેશના ધોરણોનું પાલન સુધારવાની જરૂર પડશે. આ સંદર્ભમાં ઝડપી નીતિ રાહત, સસ્તું વ્યાપારી ધિરાણ અને મજબૂત જોખમ સુરક્ષાના સંદર્ભમાં વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયનો ટેકો પણ ખૂબ જ મહત્વપૂર્ણ રહેશે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે, આ ક્ષેત્ર તેની લાંબાગાળાની નિકાસ મહત્વાકાંક્ષાઓને પૂર્ણ કરી શકશે.

એકંદરે, ભારતની એન્જિનિયરીંગ નિકાસ સ્ટોરી સાવચેત આશાવાદની છે. ઉદ્યોગને ખાતરી છે કે, સરકારના યોગ્ય માર્ગદર્શનથી, ૨૦૩૦ સુધીમાં ૨૫૦ અબજ ડોલરની નિકાસના અપેક્ષિત લક્ષ્યાંકને પ્રાપ્ત કરી શકાશે.

નાણાકીય વર્ષ ૨૦૨૭ના પ્રથમ બે મહિનામાં એન્જિનિયરીંગ નિકાસ ૨૨.૬૬ અબજ ડોલરની રહી, જે પાછલા નાણાકીય વર્ષના સમાનગાળામાં ૧૯.૪૧ અબજ ડોલરની રહી હતી.

# ટેક ફંડિંગમાં ૧૨%નો વધારો, પરંતુ સોદાની સંખ્યા ઘટી

## સ્ટાર્ટઅપ્સને તેમના ભંડોળના પ્રથમ રાઉન્ડથી આઈપીઓ સુધી જવા માટેના સરેરાશ સમયમાં ઘટાડો

**અમદાવાદ, તા.28**



ભારતના ટેકનોલોજી સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમે કેલેન્ડર વર્ષ ૨૦૨૬ના પ્રથમ છ મહિનામાં ૭.૨ બિલિયન ડોલર એકત્ર કર્યા છે. જે પાછલા વર્ષની સરખામણીમાં ૧૨ ટકાનો સાધારણ વધારો દર્શાવે છે. માર્કેટ ઈન્ટેલિજન્સ પ્લેટફોર્મ ટ્રેક્સનના અહેવાલ મુજબ, ભંડોળ વધ્યું હોવા છતાં, સોદાઓની સંખ્યામાં તીવ્ર ઘટાડો નોંધાયો છે. અહેવાલ દર્શાવે છે કે ૧ જાન્યુઆરીથી ૨૪ જૂન દરમિયાન, કુલ સોદાઓની સંખ્યામાં ૪૩ ટકાનો ઘટાડો થયો છે, જેમાં રાઉન્ડની સંખ્યા ઘટીને ૬૫૨ થઈ ગઈ છે. આના કારણે ભંડોળ ઊભું કરવાના પ્રયાસો સતત સંકુચિત થયા છે, જે પસંદગીની કેટલીક કંપનીઓ સુધી મર્યાદિત છે.

૨૦૨૨ થી, ઓછા, મોટા ભંડોળ ઊભું કરવાના વલણને વેગ મળ્યો છે. આનું કારણ એ છે કે રોકાણકારોએ વધુ શિસ્તબદ્ધ નાણાકીય વાતાવરણ વચ્ચે વધુ આત્મવિશ્વાસપૂર્ણ દાવ પર ધ્યાન કેન્દ્રિત કરવાનું શરૂ કર્યું છે. નોંધનીય છે કે, આ સમયગાળા દરમિયાન એકત્ર કરાયેલી મૂડીનો મોટો હિસ્સો કેટલીક કંપનીઓમાં કેન્દ્રિત હતો. ટોચના ત્રણ ભંડોળ ઊભું કરવાના રાઉન્ડમાં ક્રેડિટ, ૯૦૦ મિલિયન ડોલર, નક્ષત્ર, ૭૧૦ મિલિયન ડોલર અને નેસા, ૬૦૦ મિલિયન ડોલરનો સમાવેશ થાય છે. આ ત્રણ રાઉન્ડમાં ૨.૨ બિલિયન ડોલર, અથવા આ સમયગાળા દરમિયાન એકત્ર કરાયેલી કુલ મૂડીના આશરે ૩૧ ટકાનો હિસ્સો હતો. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) એક મજબૂત થીમ તરીકે ઉભરી આવ્યું છે, કારણ કે એઆઈ-કેન્દ્રિત સ્ટાર્ટઅપ્સે અન્ય ક્ષેત્રો કરતાં વધુ ઝડપથી યુનિકોર્ન સ્ટેટસ પ્રાપ્ત કર્યું હતું. ૨૦૨૬ના પ્રથમ અર્ધવાર્ષિકમાં ૧ બિલિયન ડોલર મૂલ્યાંકનને પાર કરનાર પાંચ કંપનીઓમાંથી, એઆઈ સ્ટાર્ટઅપ્સ નેસા અને સર્વમે ત્રણ વર્ષથી ઓછા સમયમાં યુનિકોર્ન સ્ટેટસ પ્રાપ્ત કર્યું હતું. તેનાથી વિપરીત, અન્ય ત્રણ નવા યુનિકોર્ન - ક્રેડિટબી, સ્કાયરૂટ અને સ્ક્વેર યાર્ડ્સ એ અબજ ડોલર મૂલ્યાંકન સુધી પહોંચવામાં આઠથી બાર વર્ષ લગાડયા હતા. એક્ઝિટ એક્ટિવિટીની વાત કરીએ તો, ભારતમાં ૨૦૨૬ ના પહેલા ભાગમાં ૧૩ આઈપીઓ જોવા મળ્યા હતા, જે પાછલા વર્ષના ૧૨ થી વધુ હતા. ફ્રેક્ટલ એનાલિટિક્સ સ્ટોક એક્સચેન્જ પર સૌથી મોટી લિસ્ટિંગ હતી, જેનું માર્કેટ કેપિટલાઈઝેશન ૧.૭ બિલિયન ડોલર હતું, ત્યારબાદ અમાગી ૮૫૮ મિલિયન ડોલર અને શેડોફેક્સ ૭૮૨ મિલિયન ડોલર હતું. સ્ટાર્ટઅપ્સને તેમના ભંડોળના પ્રથમ રાઉન્ડથી આઈપીઓ સુધી જવા માટે લાગતો સરેરાશ સમય પણ નોંધપાત્ર રીતે ઘટીને ૮.૧ વર્ષ થયો છે, જે અગાઉના ૧૪.૫ વર્ષ હતો.

# કોટક બેંકના MD-CEOનું પદ છોડશે અશોક વાસવાણી: ડિસેમ્બર 2026 પછી ફરીથી તેમની નિમણૂક થશે નહીં, બોર્ડે નવા CEOની શોધ શરૂ કરી

**નવી દિલ્હી, તા.28**

ખાનગી ક્ષેત્રની અગ્રણી અને દેશની મોટી બેંકોમાં સ્થાન ધરાવતી કોટક મહિન્દ્રા બેંકના ટોચના નેતૃત્વને લઈને એક સૌથી મોટા સમાચાર સામે આવ્યા છે. બેંકના મેનેજિંગ ડિરેક્ટર (MD) અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર (CEO) અશોક વાસવાણી આગામી ૩૧ ડિસેમ્બર ૨૦૨૬ના રોજ તેમનો વર્તમાન કાર્યકાળ પૂરો થયા બાદ પોતાના પદ પરથી નિવૃત્ત થશે અને બેંકની કમાન છોડી દેશે. કોટક મહિન્દ્રા બેંકે સત્તાવાર રીતે સ્ટોક એક્સચેન્જને રેગ્યુલેટરી ફાઈલિંગ દ્વારા આ મહત્વપૂર્ણ નિર્ણય અંગે લેખિતમાં જાણ કરી દીધી છે. બેંક દ્વારા જાહેર કરવામાં આવેલી વિગતો અનુસાર, અશોક વાસવાણીએ સંપૂર્ણપણે પોતાના અંગત કારણોને આગળ ધરીને ભવિષ્યમાં ફરીથી આ પદ પર નિમણૂક ન લેવાનો સ્વેચ્છિક નિર્ણય કર્યો છે. બેંકના ગવર્નિંગ બોર્ડે પણ તેમના આ અંગત નિર્ણય અને ઈચ્છાનું પૂરા સન્માન સાથે સ્વીકાર કર્યો છે અને તેની સાથે જ સંસ્થાના હિતમાં આગામી સમય માટે નવા એમડી અને સીઈઓની પસંદગી માટેની સત્તાવાર પ્રક્રિયા પણ તાત્કાલિક ધોરણે શરૂ કરી દીધી છે જેથી નેતૃત્વનું પરિવર્તન સરળતાથી થઈ શકે.

અશોક વાસવાણીએ બોર્ડ ઓફ ડિરેક્ટર્સની યોજાયેલી બેઠકમાં પોતાના આ ભવિષ્યના આયોજન અને નિર્ણય વિશે વિગતવાર માહિતી આપી હતી. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે તેઓ તેમનો નિયત ત્રણ વર્ષનો વર્તમાન કાર્યકાળ પૂર્ણ થયા પછી આ જવાબદારીને આગળ વધારવા કે ફરીથી પદ પર રહેવા ઈચ્છતા નથી. બોર્ડે આજે મળેલી તેમની મહત્વની બેઠકમાં વ્યાપક ચર્ચા-વિચારણા કર્યા બાદ વાસવાણીના આ પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે અને ખાતરી આપી છે કે બેંકના નવા વડાની નિમણૂકની સમગ્ર પ્રક્રિયા નિર્ધારિત સમયમર્યાદામાં અને રિઝર્વ બેંકના નિયમો અનુસાર ખૂબ જ પારદર્શક રીતે પૂર્ણ કરી લેવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૨૩ના સપ્ટેમ્બર મહિનામાં અબજોપતિ બેંકર અને કોટક બેંકના સ્થાપક ઉદય કોટકે અચાનક પોતાના પદ પરથી રાજીનામું આપ્યું હતું, ત્યારબાદ બ્રિટિશ બેંક બાર્કલેઝના પૂર્વ વરિષ્ઠ એક્ઝિક્યુટિવ રહી ચૂકેલા અશોક વાસવાણીને આ પ્રતિષ્ઠિત પદ માટે પસંદ કરવામાં આવ્યા હતા. ભારતીય રિઝર્વ બેંક (RBI) દ્વારા ઓક્ટોબર ૨૦૨૩માં તેમની નિમણૂકને લીલી ઝંડી આપવામાં આવ્યા બાદ, વાસવાણીએ ૧ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ ઔપચારિક રીતે ત્રણ વર્ષ માટે બેંકની કમાન પોતાના હાથમાં સંભાળી હતી.




વૈશ્વિક બેંકિંગ અને ફાઈનાન્સિયલ સર્વિસિસ સેક્ટરમાં અશોક વાસવાણી એક બહુ મોટું અને આદરણીય નામ માનવામાં આવે છે, કારણ કે તેમની પાસે રિટેલ બેંકિંગ, કન્ઝ્યુમર ફાઈનાન્સ, કોર્પોરેટ બેંકિંગ અને પેમેન્ટ્સ બિઝનેસનો ૩૫ વર્ષ કરતાં પણ વધુ સમયનો બહોળો અને વૈવિધ્યસભર આંતરરાષ્ટ્રીય અનુભવ છે. કોટક મહિન્દ્રા બેંક સાથે જોડાતા પહેલા તેઓ પાગાયા ટેક્નોલોજીસના પ્રેસિડેન્ટ તરીકે ફરજ બજાવતા હતા, જ્યારે તે પૂર્વે તેમણે પોતાની વૈશ્વિક કારકિર્દી દરમિયાન સિટીગ્રુપ અને બાર્કલેઝ જેવી વિશ્વ વિખ્યાત નાણાકીય સંસ્થાઓમાં અનેક વરિષ્ઠ લીડરશિપ રોલ ખૂબ જ સફળતાપૂર્વક નિભાવ્યા હતા. બાર્કલેઝ બેંકમાં વિતેલા વર્ષો દરમિયાન તેમણે બાર્કલેઝ યુકેના સીઈઓ તરીકે શાનદાર કામગીરી કરી હતી અને ત્યારબાદ બેંકના ગ્લોબલ કન્ઝ્યુમર, પ્રાઈવેટ, કોર્પોરેટ અને પેમેન્ટ્સ બિઝનેસની સમગ્ર કમાન સંભાળીને બેંકના સમગ્ર ટેક્નોલોજી આર્કિટેક્ચરને રીડિઝાઈન કર્યું હતું, જેના કારણે તે બેંકનું ડિજિટલ ટ્રાન્સફોર્મેશન કરનારા અગ્રણી નેતા તરીકે ઉભરી આવ્યા હતા.

તેમની અદભુત કારકિર્દીના અન્ય પાસાઓ પર નજર કરીએ તો, સિટીગ્રુપમાં તેઓ એશિયા-પેસિફિક કન્ઝ્યુમર બેન્કિંગના સીઈઓ જેવી મહત્વની જવાબદારી સંભાળી ચૂક્યા છે, ઉપરાંત તેઓ લંડન સ્ટોક એક્સચેન્જ ગ્રુપ, વૈશ્વિક પેમેન્ટ કંપની વિઝા અને ભારતની પ્રતિષ્ઠિત એસપી જૈન ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ એન્ડ રિસર્ચના ગવર્નિંગ બોર્ડમાં પણ સક્રિય સભ્ય તરીકે સામેલ રહી ચૂક્યા છે. શૈક્ષણિક લાયકાતની દ્રષ્ટિએ પણ વાસવાણી અત્યંત સક્ષમ છે, તેઓ કોમર્સ ગ્રેજ્યુએટ હોવાની સાથે-સાથે એક ક્વોલિફાઈડ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (CA) અને કંપની સેક્રેટરી (CS) ની પદવી પણ ધરાવે છે, તેમજ તેમણે વિશ્વની ટોચની સ્ટેનફોર્ડ ગ્રેજ્યુએટ સ્કૂલ ઑફ બઝનેસમાંથી એક્ઝિક્યુટિવ એજ્યુકેશનનો વિશેષ અભ્યાસ પણ પૂર્ણ કરેલો છે. હાલના તબક્કે કોટક બેંકના આ આંતરિક નેતૃત્વ પરિવર્તનની પ્રક્રિયા વચ્ચે પણ બેંકનું સંચાલન મજબૂત હાથોમાં છે, કારણ કે વર્તમાન સમયમાં અશોક વાસવાણી ઉપરાંત બેંકની કોર સિનિયર લીડરશિપ ટીમમાં અન્ય ત્રણ અત્યંત અનુભવી હોલ ટાઈમ ડિરેક્ટર્સ અનૂપ કુમાર સાહા, જયદીપ હંસરાજ અને પરિતોષ કશ્યપ સામેલ છે જેઓ બેંકની કામગીરીને સતત સ્થિરતા પ્રદાન કરી રહ્યા છે.

# લંડનમાં સાગર અદાણીની મોટી જાહેરાત, 2030 સુધીમાં 50 GW ક્લિન એનર્જી અને 10 GW પરમાણુ ઊર્જા ક્ષમતા વિકસાવવાનું લક્ષ્ય

**લંડન, તા.28**




ઊર્જા સુરક્ષાને મજબૂત કરવા અને આર્થિક વિકાસને ટેકો આપવા માટે વૈશ્વિક સ્તરે ઝડપી વીજળીકરણ (ઈલેક્ટ્રિફિકેશન) અત્યંત અનિવાર્ય બન્યું છે. લંડન આબોહવા કાર્યવાહી સપ્તાહ (London Climate Action Week) ના ઉદ્‌ઘાટન પ્રસંગે લંડનના સાયન્સ મ્યુઝિયમ ખાતે 'ઊર્જા સંક્રમણ કમિશન' (ETC) અને 'અદાણી ગ્રીન એનર્જી લિમિટેડ' (AGEL) ના સંયુક્ત ઉપક્રમે એક ઉચ્ચ સ્તરીય વૈશ્વિક ઊર્જા સંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંવાદમાં અદાણી ગ્રીન એનર્જી લિ.ના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર સાગર અદાણીએ સંગ્રહ ક્ષમતા સાથેની સંકલિત નવીનીકરણીય ઊર્જા પર વિશેષ ભાર મૂક્યો હતો.

આંતરરાષ્ટ્રીય નીતિ નિર્માતાઓ, રોકાણકારો અને આબોહવા નિષ્ણાતોની ઉપસ્થિતિમાં સાગર અદાણીએ જણાવ્યું હતું કે, વર્તમાન સમયમાં ઊર્જા સુરક્ષા, પોષણક્ષમતા અને ટકાઉપણું એ મુખ્ય પડકારો છે, જેનો સૌથી અસરકારક ઉકેલ વીજળીકરણ છે. તેમણે ઉમેર્યું કે, જ્યારે નવીનીકરણીય ઊર્જાને બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ્સ (BESS) અને પમ્પ્ડ સ્ટોરેજ પ્રોજેક્ટ્સ (PSPs) જેવી ટેકનોલોજી સાથે જોડવામાં આવે છે, ત્યારે જ તે સંપૂર્ણ ક્ષમતા પ્રાપ્ત કરીને 24 કલાક સસ્તી અને વિશ્વસનીય ઊર્જા પૂરી પાડી શકે છે.

ગુજરાતના ખાવડા ખાતે વિશ્વના સૌથી મોટા નવીનીકરણીય ઊર્જા પ્લાન્ટ મારફત અદાણી ગ્રીન વર્ષ 2030 સુધીમાં 50 ગીગાવોટ (50 GW) ની ક્ષમતા હાસલ કરવા તરફ ઝડપથી આગળ વધી રહી છે, જેમાં સ્વચ્છ ઊર્જાને મોટા પાયે સ્ટોરેજ સાથે સંકલિત કરવામાં આવી રહી છે.

ETC ના સહ-અધ્યક્ષ લોર્ડ એડેર ટર્નર અને યુકે ક્લાઈમેટ ચેન્જ કમિટીના અધ્યક્ષ નિગેલ ટોપિંગની અધ્યક્ષતામાં બે ઉચ્ચ સ્તરીય સત્રો યોજાયા હતા. આ સત્રોમાં ઓક્ટોપસ એનર્જી, સ્નેડર ઈલેક્ટ્રિક, ક્લાઈમેટ બોન્ડ્સ ઈનિશિયેટિવ અને ગ્રીન ફાઈનાન્સ ઈન્સ્ટિટ્યૂટના અગ્રણીઓએ ભાગ લીધો હતો.

લોર્ડ ટર્નરે જણાવ્યું કે, ગ્લોબલ વોર્મિંગને મર્યાદિત કરવા માટે માર્ગ પરિવહન, બાંધકામ હીટિંગ અને ભારે ઉદ્યોગોમાં તકનીકી પ્રગતિ દ્વારા વીજળીકરણ કરવું અને વીજ ઉત્પાદનને કાર્બનમુક્ત (ડીકાર્બોનાઈઝ) કરવું ખૂબ જરૂરી છે. નિગેલ ટોપિંગે નોંધ્યું કે, આધુનિક ગ્રીડ પ્રણાલીમાં સુગમતા લાવવા અને ટેકનોલોજીનો ખર્ચ ઘટાડવાથી આ ક્ષેત્રમાં મોટું રોકાણ આકર્ષી શકાશે.

યુરોપ, એશિયા અને ઉત્તર અમેરિકામાં વધી રહેલા ગરમીના મોજા અને ડિજિટલ માળખા તેમજ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને ડેટા સેન્ટરોના કારણે વીજળીની વૈશ્વિક માંગ ખૂબ જ ઝડપથી વધવાની અપેક્ષા છે, જેને પહોંચી વળવા માટે લાંબા ગાળાની નીતિઓ જરૂરી છે.

ઊર્જા સંક્રમણ અને સંબંધિત માળખાગત સુવિધાઓ માટે અદાણી સમૂહે 100 બિલિયન યુએસ ડોલરથી વધુનું રોકાણ કર્યું છે. સમૂહ દ્વારા ટ્રાન્સમિશન, ગ્રીન હાઈડ્રોજન અને આગામી પેઢીના ઔદ્યોગિક ઈકોસિસ્ટમમાં રોકાણ ચાલુ રાખવામાં આવ્યું છે. તાજેતરમાં યોજાયેલી વાર્ષિક સામાન્ય સભા (AGM) માં અદાણી ગ્રૂપના ચેરમેન ગૌતમ અદાણીએ ભારતની ઊર્જા જરૂરિયાતો માટે પ્રતિબદ્ધતા દર્શાવતા એક મોટી જાહેરાત કરી હતી. અદાણી ગ્રૂપ પોતાના વૈવિધ્યસભર ઊર્જા પોર્ટફોલિયોના ભાગરૂપે 10 ગીગાવોટ (10 GW) ની પરમાણુ ઊર્જા (ન્યૂક્લિયર એનર્જી) ક્ષમતા વિકસાવવાની યોજના ધરાવે છે, જે સ્વચ્છ અને ઓછા કાર્બનવાળી વીજળી પૂરી પાડવામાં પૂરક બનશે. કાર્યક્રમના અંતે સહભાગીઓએ માર્ચ 2024 માં શરૂ થયેલી સાયન્સ મ્યુઝિયમની ઊર્જા ગેલેરીની મુલાકાત લીધી હતી, જેની અત્યાર સુધીમાં 10 લાખથી વધુ લોકો મુલાકાત લઈ ચૂક્યા છે.

# સોનું ફરી ઉછળી રૂ.દોઢ લાખ નજીક ચાંદીમાં પણ આગેકૂચ: ક્રૂડમાં વધુ ઘટાડો

## ઓપેક સંગઠનમાં વધુ ભંગાણની ભીતી: હવે ઈરાકે પણ છેડો ફાડવાની ચેતવણી આપતાં બજારમાં અજંપો

**મુંબઈ, તા.28**

મુંબઈ ઝવેરીબજારમાં આજે શનિવારના કારણે બુલીયન બજાર સત્તાવાર બંધ રહી હતી. જોકે બંધ બજારે પાછળ તેજી આગળ વધી હતી. વિશ્વબજારના ભાવ ઉંચકાતાં ઘરઆંગણે કિંમતી ધાતુઓની ઈમ્પોર્ટ કોસ્ટ વધી જતાં બજાર ભાવે ઉંચા જતા જોવા મળ્યા હતા. જોકે નવા વેપાર આજે ધીમા હતા. દરમિયાન, અમદાવાદ ઝવેરીબજારમાં આજે સોનાના ભાવ ૧૦ ગ્રામના વધુ રૂ.૨૦૦૦ વધ્યા હતા. જ્યારે અમદાવાદ ચાંદીના ભાવ કિલોના વધુ રૂ.૧૦૦૦ ઉંચકાયા હતા. વિશ્વબજારમાં સોનાના ભાવ ઔંશના ૪૦૪૫થી ૪૦૪૬ ડોલરવાળા વધી છેલ્લે સપ્તાહના અંતે ૪૦૮૮થી ૪૦૮૯ ડોલર રહ્યાના નિર્દેશો હતા. ડોલરનો ગ્લોબલ ઈન્ડેક્સ જોકે નીચામાં ૧૦૧.૦૫ થયા પછી આ ઈન્ડેક્સ ફરી વધી ઉંચામાં ૧૦૧.૫૭ થઈ છેલ્લે ૧૦૧.૩૭ રહ્યાના સમાચાર હતા. દરમિયાન, ઓમાનના દરીયામાં એક કાર્ગો જહાજ પર હુમલો થયાના સમાચાર વચ્ચે વિશ્વબજારમાં ફરી અજંપો વધ્યો હતો. ઈરાન પછી હવે ઈરાકે પણ ક્રૂડ ઉત્પાદનનો ક્વોટા વધારવા



ઓપેક સંગઠનમાં માગણી કરી હોવાના સમાચાર હતા. જે ક્વોટા વધારી આપવામાં નહિં આવે તો ઓપેક સંગઠનથી બહાર નિકળી જવાની ચેતવણી પણ ઈરાકે આપી હોવાના સમાચાર હતા. આપસી સમજૂતીમાં ભંડોળના વપરાશ વિશે ઈરાન તથા અમેરિકા વચ્ચે વિરોધાભાસ વધ્યાના સમાચાર પણ મળ્યા હતા. બ્રેન્ટ ક્રૂડના ભાવ બેરલના ૭૩.૨૧થી ઘટી ૭૧.૩૮ થઈ ૭૧.૯૯ ડોલર રહ્યા હતા જ્યારે યુએસ ક્રૂડના ભાવ ૭૦.૨૭ વાળા નીચામાં ભાવ ૬૮.૫૬ થઈ છેલ્લે ભાવ ૬૯.૨૩ ડોલર રહ્યા હતા. દરમિયાન, અમદાવાદ બજારમાં આજે સોનાના ભાવ વધી ૯૯૫ના રૂ.૧૪૮૭૦૦ તથા ૯૯૯ના રૂ.૧૪૯૦૦૦ રહ્યા હતા જ્યારે અમદાવાદ ચાંદીના ભાવ વધી રૂ.૨૨૮૦૦૦ રહ્યા હતા. વિશ્વબજારમાં સોના પાછળ ચાંદીના ભાવ ઔંશના ૫૮.૧૨થી ૫૮.૧૩ ડોલરથી વધી ૫૯.૧૪થી ૫૯.૧૫ ડોલર છેલ્લે રહ્યા હતા. મુંબઈ બુલીયન બજારમાં આજે સોનાના ભાવ જીએસટી વગર રૂ.૧૪૦૦ વધી ૯૯૫ના ભાવ રૂ.૧૪૨૭૦૦ તથા ૯૯૯ના ભાવમાં રૂ.૧૪૩૩૦૦ રહ્યા હતા જ્યારે મુંબઈ ચાંદીના ભાવ જીએસટી વગર આજે વધુ રૂ.૧૫૦૦ વધી રૂ.૨૨૪૫૦૦ રહ્યા હતા. વિશ્વાબજારમાં પ્લેટીનમના ભાવ ૧૬૨૬ ડોલર રહ્યા હતા. જ્યારે પેલેડીયમના ભાવ ૧૨૧૩ ડોલર રહ્યા હતા. મુંબઈ કરન્સી બજારમાં આજે બંધ બજારે રૂપિયા સામે ડોલરના ભાવ રૂ.૯૪.૪૦થી વધી રૂ.૯૪.૪૪ બોલાઈ રહ્યા હતા.

# શાળાઓમાં ફરજિયાત સ્કૂલ મેનેજમેન્ટ કમિટી બનાવવાની ગાઈડલાઈન

## SMCમાંથી ગ્રાન્ટેડ શાળાઓને મુક્તિ આપવા શાળા સંચાલક મહામંડળની માંગ, ભાસ્કર પટેલે કહ્યું દ્વિમુખી રાજ્ય પદ્ધતિ શાળામાં ન ચાલી શકે

**અમદાવાદ, તા.28**



દેશભરની શાળાઓમાં હવે મેનેજમેન્ટ કમિટી ફરજિયાત કરવામાં આવી છે. કેન્દ્ર સરકારની ગાઈડલાઈન મુજબ સરકારી ખાનગી શાળાઓમાં કમિટી બનાવવામાં આવશે. આ કમિટીમાં શાળાના વાલીઓ અને શિક્ષકો સહિતના લોકોને સામેલ કરવામાં આવશે. શાળાના સુચારુ આયોજન માટે સ્કૂલ મેનેજમેન્ટ કમિટી પણ બનાવવામાં આવશે.

પરંતુ રાજ્ય સરકાર દ્વારા ગ્રાન્ટેડ શાળાઓમાં પણ આ પ્રકારની કમિટી બનાવવાની ગાઈડલાઈન કરવામાં આવતા રાજ્ય શાળા સંચાલક મહામંડળ દ્વારા તેનો વિરોધ કરવામાં આવ્યો છે. ગ્રાન્ટેડ શાળાઓમાં નિયમ મુજબ ટ્રસ્ટીઓ અને સભ્યો હોય ત્યારે કમિટી બનાવીને દ્વિમુખી રાજ્ય પધ્ધતિ કોઈ સંજોગોમાં ચાલી શકે નહીં. જેથી ગ્રાન્ટેડ શાળાઓને મુક્તિ આપવા માટે માંગ કરી છે.

કેન્દ્ર સરકારની ગાઇડલાઇન મુજબ શાળાઓમાં વાલીઓ, શિક્ષકો સહિતના લોકોની એક કમિટી બનાવવા સૂચના આપવામાં આવી છે. જેમાં 100 વિદ્યાર્થી ધરાવતી શાળામાં 12થી 15 સભ્ય તો 500 વિદ્યાર્થીઓ સુધીમાં 15થી 20 સભ્યો રાખવામાં આવશે. 500થી વધુ વિદ્યાર્થી ધરાવતી શાળામાં 20થી 25 સભ્યો હશે. આ કમિટીમાં 70 ટકા વાલીઓ હશે તો 50 ટકા મહિલાઓ રાખવાનું નક્કી કરવામાં આવ્યું છે.

કમિટીના હેડ વાલીઓ દ્વારા નિમણૂક કરેલી હોવાનું પણ કહેવામાં આવ્યું છે. અગાઉ ધોરણ 1થી 8 અને 9થી 12માં અલગ અલગ કમિટી હતી. સરકારની ગાઈડ લાઈન મુજબ હવે ધોરણ 1થી 12માં કોમન એક જ કમિટી હશે.

આ કમિટી બનાવવાનો ઉદ્દેશ એ છે કે શાળાઓમાં જે પણ ગ્રાન્ટ આવે છે તેનું સ્વતંત્ર રીતે કોઈ કામ ન કરી શકે અને ઓરડા બાંધવાની, શૈક્ષણિક સાધનો ખરીદવાની ગ્રાન્ટ આવે તે બધી ગ્રાન્ટ પર કંટ્રોલ રહે અને કોઈ મોનીટરીંગ કરી શકે તે માટે કમિટી બનાવવામાં કહેવાયું છે. જો કે રાજ્ય સરકાર દ્વારા ગ્રાન્ટેડ શાળાઓને પણ કમિટી બનાવવામાં આવરી લેતા રાજ્ય શાળા સંચાલક મહામંડળ દ્વારા તેનો વિરોધ કરવામાં આવ્યો છે.

કારણ કે ગ્રાન્ટેડ શાળાઓમાં નિયમ મુજબ ટ્રસ્ટીઓ હોય અને સભ્યો હોય છે જે શાળાનું મેનેજમેન્ટ કરતા હોય છે. જેથી જો બીજી કમિટી બને તો દ્વિમુખી રાજ્ય પધ્ધતિ એક શાળામાં ચાલી શકે જ નહીં તેવું રાજ્ય શાળા સંચાલક મહામંડળનું માનવું છે. જેથી ગ્રાન્ટેડ શાળાઓને આમાંથી મુક્તિ આપવી જોઈએ.

ગુજરાત રાજ્ય શાળા સંચાલક મહામંડળના અધ્યક્ષ ભાસ્કર પટેલે જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારે શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC)ની જે ગાઈડલાઈન મોકલી છે તે મફત અને ફરજિયાત શિક્ષણ એટલે કે જે પ્રાથમિક શાળાઓ છે તેના સંદર્ભમાં કરવામાં આવ્યો છે. SMCની જરૂરિયાત તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, નગરપાલિકા અને મહાનગરપાલિકા સંચાલિત જે શાળાઓ છે ત્યાં ઉભી થાય છે. લોકોની ભાગીદારી વધે, વાલીઓ પોતાનો અવાજ ઉઠાવી શકે અને વિદ્યાર્થીઓને જે કહેવું હોય તે કહી શકે તે માટે SMCની રચના કરવામાં આવી હતી. પરંતુ ગુજરાતમાં તેનું અલગ સ્વરૂપ આપીને ગ્રાન્ટેડ શાળાઓને પણ તેમાં આવરી લેવામાં આવી છે.

વધુમાં ભાસ્કર પટેલે જણાવ્યું હતું કે, ગ્રાન્ટેડ જે શાળાઓ છે તે માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા મંજૂરી મેળવેલી શાળાઓ છે. અમારા ત્યાં સાત મિનિમમ અને વધુમાં વધુ 31 ટ્રસ્ટીઓ કામ કરતા હોય છે. જેથી આ દ્વિમુખી રાજ્ય પધ્ધતિ કોઈ સંજોગોમાં ચલાવી લેવામાં આવે નહીં.

અમારા સંચાલકોનો સમાવેશ SMCમાં પણ કરવામાં આવ્યો નથી. જ્યારે એક તરફ પગાર ગ્રાન્ટ કે નિભાવ ગ્રાન્ટ હોય તો તેના માટે અમે જવાબદેહી છીએ અને જવાબ અમારે આપવાનો હોય છે SMC ને આપવાનો હોતો નથી. SMCમાં કેન્દ્રના કાયદામાં કોઈ જોગવાઈ ન હોવાથી ગ્રાન્ટેડ શાળાઓને મુક્તિ આપવી જોઈએ.

# વટવા GIDCમાં કેમિકલ ફેક્ટરીમાં ભીષણ આગ: કાચું ઓઈલ-કેમિકલ હોવાથી વધારે પ્રસરી

## ફાયર વિભાગે 22 ગાડીઓ દોડાવી 4 કલાકે કાબૂમાં લીધી

**અમદાવાદ, તા.28**

અમદાવાદ શહેરના વટવા જીઆઇડીસી વિસ્તારમાં ફેઝ 2માં મોડી રાતે કેમિકલની ફેક્ટરીમાં આગ લાગવાની ઘટના બની હતી. ફાયર બ્રિગેડના ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓ સહિત 22 ગાડીઓ સ્થળ પર પહોંચી હતી અને પાણી તેમજ ફોમનો મારો ચલાવી આગને ચાર કલાકે કાબૂમાં લીધી હતી. ઘટનામાં કોઈપણ પ્રકારની જાનહાનિ થઈ નથી, કાચું ઓઈલ અને અન્ય કેમિકલ હોવાના કારણે આગ વધારે પ્રસરી ગઈ હતી. આખી ફેક્ટરી આગમાં સપડાઈ હતી. જોકે ફાયરની ટીમે સમગ્ર આગને કાબૂમાં લઈ લીધી હતી.

ફાયરબ્રિગેડ પાસેથી મળતી માહિતી મુજબ શહેરના વટવા જીઆઇડીસી વિસ્તારમાં ફેઝ 2માં અર્પણ એરોનોટિકલ કેમિકલ નામની કંપનીમાં આગ લાગી હોવા અંગેનો રાત્રે 1:30 વાગ્યાની આસપાસ મેસેજ મળ્યો હતો. જેના પગલે ફાયરબ્રિગેડની ગાડીઓ સ્થળ ઉપર દોડાવવામાં આવી હતી. કેમિકલ અને કાચું ઓઈલ હોવાને લઈ આગ ખૂબ જ વધારે પ્રસરી ગઈ હતી. આખી ફેક્ટરી



આગની ઝપેટમાં આવી હતી જેથી ફાયરબ્રિગેડ દ્વારા વધારે ગાડીઓ બોલાવવામાં આવી હતી. ચીફ ફાયર ઓફિસર અમિત ડોંગરે સહિતના ફાયરના અધિકારીઓ પણ સ્થળ પર પહોંચ્યા હતા.

રાત્રે 1:30 વાગ્યે લાગેલી આગને કાબૂમાં લેતા ફાયરબ્રિગેડના અધિકારીઓને કર્મચારીઓને સવારે સાડા પાંચ વાગ્યા હતા અને ભારે જહેમત બાદ આગને સંપૂર્ણપણે કાબુમાં લઈ લેવામાં આવી હતી. કોઈપણ પ્રકારની જાનહાનિ આ ઘટનામાં થઈ નથી. જીઆઇડીસીમાં લાગેલી આગ સંપૂર્ણપણે કાબૂમાં આવી ગઈ છે. જોકે આગ લાગવાનું ચોક્કસ કારણ હજી જાણવા મળ્યું નથી.

ઉલ્લેખનીય છે કે હવે જીઆઈડીસી વિસ્તારમાં આગ લાગવાના બનાવો વધી રહ્યા છે. નરોડા જીઆઈડીસી બાદ ઓઢવ જીઆઈડીસી અને હવે વટવા જીઆઈડીસીમાં પણ આગ લાગવાના બનાવો વધી રહ્યા છે ત્યારે જીઆઈડીસી વિસ્તારમાં ફાયર સેફ્ટીને લઈને અનેક સવાલો ઊભા થઈ રહ્યા છે. ફાયર સેફ્ટીના નિયમોનું પાલન થઈ રહ્યું છે કે કેમ તે અંગે કોઈ પણ ચકાસણી કરવામાં આવતી નથી. જીઆઈડીસી વિસ્તાર હોવાથી ફાયર બ્રિગેડ ત્યાં તપાસ કરી શકતી નથી, પરંતુ ફેક્ટરી ઈન્સ્પેક્ટરો અને જીઆઈડીસીના હોદ્દેદારો આ બાબતે ગંભીર ન હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે.

# અમદાવાદ એરપોર્ટ પરથી 11 કરોડના ગાંજા સાથે જુનાગઢનો શખસ ઝડપાયો

## બેગમાં 5 ચાંદીના રંગના પોલીથીન પેકેટ છૂપાવ્યા, બેંગકોકથી આવ્યો હતો, ડોગે પ્રથમ કેસમાં જ કમાલ કર્યો

**અમદાવાદ, તા.28**

અમદાવાદ ઇન્ટરનેશનલ એરપોર્ટ પર કસ્ટમ્સ વિભાગે આજે 28 જૂને કાર્યવાહી કરીને બેંગકોકથી આવેલા જુનાગઢના એક શખસને 11 કરોડના હાઈડ્રોપોનીક ગાંજા સાથે ઝડપી પાડ્યો હતો. આરોપીએ તેની બેગમાં ચાંદીના રંગના 5 પોલીથીન પેકેટમાં આ નશીલો પદાર્થ છૂપાવ્યો હતો.

આ સમગ્ર સફળ ઓપરેશનમાં કસ્ટમ્સના એક વર્ષના સ્નિફર ડોગે(કેનાઈન) તેના પ્રથમ કેસમાં જ કમાલ કરી બતાવીને આ કરોડો રૂપિયાનું ડ્રગ્સ પકડી પાડવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી, જેના પગલે એરપોર્ટ પર સુરક્ષા એજન્સીઓ વધુ સતર્ક બની ગઈ છે. અમદાવાદ આંતર રાષ્ટ્રીય એરપોર્ટ પર કસ્ટમ વિભાગની બાજ નજરના કારણે અવારનવાર ગાંજાની દાણચોરી તથા સોનાનો જથ્થો પકડે છે. ચેક-ઇન કરેલા સામાનની તપાસ દરમિયાન,




સ્નિફર ડોગ (કેનાઈન) એ માદક દ્રવ્યોની હાજરીનો સકારાત્મક સંકેત આપ્યો હતો. બેગેજ ટેગના આધારે, મુસાફરની ઓળખ કરવામાં આવી હતી.

એર ઇન્ટેલિજન્સ યુનિટ (AIU) અમદાવાદ કસ્ટમ્સના અધિકારીઓએ 28 જૂન 2026ના રોજ ફ્લાઈટ નંબર TG-343 દ્વારા બેંગકોકથી આવેલા એક પુરુષ મુસાફરને અટકાવ્યો હતો. મુસાફરની ચેક-ઇન કરેલી ટ્રોલી બેગની સંપૂર્ણ તપાસના પરિણામે સામાનની અંદર છુપાયેલા લીલા રંગના છોડના પદાર્થો ધરાવતા 5 ચાંદીના રંગના પોલીથીન પેકેટ મળી આવ્યા હતા.

# અમદાવાદમાં હિટ એન્ડ રનના ભયાનક: કારની ટક્કરે યુવાનો હવામાં ઊછળ્યા, એકનું મોત, કારચાલક પાસે લાયસન્સ ન હોવાનો ઘટસ્ફોટ

**અમદાવાદ, તા.28**

અમદાવાદના વ્યાસવાડી ચાર રસ્તા પાસે 28 જૂનની મોડીરાત્રે હિટ એન્ડ રનનો બનાવ સામે આવ્યો છે. રોડ ક્રોસ કરતા સમયે એક સફેદ કલરની કાર અને બાઈક વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે, બાઈક પર જતા ત્રણ યુવકમાંથી બે હવામાં ઉછળીને નીચે પટકાયા હતા. ભયાનક ટક્કરનો અવાજ સાંભળીને દોડી આવેલા લોકોએ ત્રણેય ઈજાગ્રસ્તોને સારવામાં ખસેડ્યા હતાં, જ્યાં એકનું મોત નીપજ્યું છે. આ અકસ્માતના દૃશ્યો નજીકમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થયા છે. પોલીસ તપાસમાં કાર ડ્રાઈવર નરેન્દ્ર વાઘેલા પાસે ડ્રાઈવિંગ લાયસન્સ ન હોવાનો ખુલાસો થયો છે. હાલ તો સમગ્ર મામલે બી ડિવિઝન ટ્રાફિક પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. મળતી માહિતી મુજબ, શહેરના વ્યાસવાડી ચાર રસ્તા પાસે રાત્રે 2.15 વાગ્યાની આસપાસ ગંભીર અકસ્માતો સર્જાયો હતો.



અખબારનગરથી સુભાષબ્રિજ તરફ બાઈક લઈને ત્રણ યુવક જઇ રહ્યા હતા, ત્યારે ભીમજીપુરા તરફથી આવી રહેલી સફેદ કલરની કારના ચાલકે બાઈક ચાલકને જોરદાર ટક્કર મારી હતી. આ ટક્કર વાગતા બાઈક ચલાવનાર શખ્સ અને અન્ય એક ઉછળીને કારની બીજી તરફ પડ્યો હતો, જ્યારે એક યુવક નીચે પડ્યા હતા. અકસ્માત બાદ કારચાલક ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. અકસ્માત એટલો ગંભીર હતો કે, ત્રણેય યુવક ઊભા પણ થઈ શક્યા નહોંતા અને રોડ ઉપર પડખા ફરી રહ્યાં હતા. આ સમયે ત્યાંથી પસાર થતાં રાહદારીઓ તાત્કાલિક દોડી આવ્યા હતા અને ત્રણેય યુવકને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. બી ડિવિઝન ટ્રાફિક પોલીસ સ્ટેશનના પીઆઇ આર.એસ. પટેલે દિવ્ય ભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું કે, અકસ્માત કેસમાં બાઈકચાલકનું સારવાર દરમિયાન મૃત્યુ થયું છે. કાર ચલાવનાર ફરિયાદી પોતે જ છે. કારચાલક દ્વારા પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે અને બાઈકચાલક દારૂ પીધેલી હાલતમાં હોવા અંગેની શક્યતા છે તે અંગે તપાસ કરવામાં આવશે. રાણીપ વિસ્તારમાં ગીતા એપાર્ટમેન્ટમાં રહેતા નરેન્દ્રભાઈ વાઘેલાએ બાઈકચાલક વિરુદ્ધ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, તેઓ પોતે ગુરુકુળ મેમનગર ખાતે હની સુજ નામની દુકાન ધરાવી વેપાર કરે છે અને તેમના મિત્રની ગાડી બહાર જવા માટે ઉપયોગ કરે છે અને તેમની પાસે ડ્રાઈવિંગ લાઈસન્સ નથી. 28 જૂનના રોજ તેમના મિત્ર જીગ્નેશ ગુપ્તા તેમના મોટાભાઈ ચેતન વાઘેલા અને તેમની ભાભી સાથે ગાડી લઈને રાત્રે 1:30 વાગ્યાની આસપાસ ફરવા માટે નીકળ્યા હતાં. ફરતા-ફરતા પાલડી થઈને ઘરે પરત આવી રહ્યા હતાં. સવા બે વાગ્યાની આસપાસ ભીમજીપુરાથી વ્યાસવાડી ચાર રસ્તેથી શ્રીનાથ એપાર્ટમેન્ટ તરફ જતા હતા, ત્યારે અખબાર નગરસર્કલ તરફથી એક બાઈકચાલક ત્રણ સવારીમાં બેદરકારી અને ગફલત ભરી રીતે ચલાવીને ફોર-વ્હીલના આગળના બોનેટના ભાગે અથડાવી હતી.

બાઈકની ટક્કરથી કાર ફંગોળાઈને રોડની સાઈડમાં જતી રહી હતી અને આગળના ભાગને નુકસાન થયું હતું. બાઈક પર સવાર ચાલક અને બે શખસ નીચે પડેલા હતાં. બાઈકનું આગળનું વ્હીલ તૂટી ગયું હતું અને બાઈકના ચાલકને ગંભીર ઈજાઓ થઈ હતી. તેમજ બે માણસોને નાની-મોટી ઈજા થઈ હતી. બાઈકચાલક દારૂ પીધેલો હોવા અંગેની આશંકા જણાય છે. કાર ચલાવનાર ફરિયાદી નરેન્દ્રભાઈ દ્વારા જ બાઈક ચાલકે અકસ્માત સર્જ્યો હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

# મોટેરામાં જાહેર રોડ પર બર્થ-ડે સેલિબ્રેશન: નંબર પ્લેટ વગરની ગાડીઓ રસ્તામાં ઊભી રાખી ટ્રાફિકજામ કર્યો

**અમદાવાદ, તા.28**

અમદાવાદમાં કાયદા અને પોલીસના ડર વિના જાહેર રોડ ઉપર ગાડીઓ ઊભી રાખીને રસ્તાઓ બ્લોક કરીને જન્મદિવસ મનાવવાનો ક્રેઝ સતત વધી રહ્યો છે. આવો જ એક તાજો કિસ્સો મોટેરા વિસ્તારમાંથી સામે આવ્યો છે, જ્યાં જાહેર રોડ ઉપર ટ્રાફિકને અડચણરૂપ થાય તે રીતે નંબર પ્લેટ વિનાની ગાડીઓ પાર્ક કરીને બર્થ-ડે સેલિબ્રેશન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઇરલ થયા બાદ એલ ડિવિઝન ટ્રાફિક પોલીસે ત્રણ અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિતી મુજબ, વાઇરલ થયેલા વીડિયોમાં સાબરમતીના મોટેરા વિસ્તારમાં ત્રણ અજાણ્યા શખ્સો નંબર પ્લેટ વગરની ત્રણ લક્ઝુરિયસ ગાડીઓ રોડની વચ્ચોવચ ઊભી રાખીને જન્મદિવસ ઉજવી રહ્યા હોવાનું દેખાય છે. ગાડીઓ એવી રીતે પાર્ક કરવામાં આવી હતી, જેથી ત્યાંથી પસાર થતા અન્ય વાહનચાલકોને ભારે હાલાકી ભોગવવી પડી હતી અને ટ્રાફિકજામની સ્થિતિ સર્જાઈ હતી. વીડિયો ઉચ્ચ પોલીસ અધિકારીઓના ધ્યાને આવતા જ



તાત્કાલિક તપાસના આદેશ આપવામાં આવ્યા હતા.

શહેરમાં મોડી રાત્રે બનતી આવી ઘટનાઓને પગલે પોલીસના નાઈટ પેટ્રોલિંગ સામે પણ સવાલો ઊભા થઈ રહ્યા છે. સ્થાનિકોમાં ચર્ચા છે કે આવી જોખમી ઉજવણીઓ વખતે જ પોલીસ કેમ હાજર નથી હોતી? દર વખતે સોશિયલ મીડિયામાં વીડિયો વાઈરલ થયા બાદ જ પોલીસ કેમ જાગે છે અને કાર્યવાહી કરે છે? આવા તત્વો સામે પહેલેથી જ કડક પગલાં લેવાવા જોઈએ.

# ગુજરાતના 11 જિલ્લામાં ગાજવીજ સાથે વરસાદની આગાહી

## જુલાઈની શરૂઆતથી દક્ષિણ ગુજરાતમાં મેઘરાજા જમાવટ કરશે, દરિયાકાંઠે 60 કિમી પ્રતિ કલાકે પવન ફૂંકાશે, માછીમારોને ચેતવણી

**અમદાવાદ, તા.28**

ગુજરાતમાં આજે 28 જૂને રાજ્યના 11 જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે, જ્યારે 1 જૂલાઈથી વાવાઝોડા અને તેજ પવનો સાથે દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે. છેલ્લા 24 કલાકમાં ઉત્તર ગુજરાતમાં સાબરકાંઠા, મહીસાગર, અરવલ્લી અને નર્મદા જિલ્લામાં પણ સારો વરસાદ નોંધાયો હતો.

એકતરફ રાજ્યના 54 તાલુકાઓ હજુ પણ સંપૂર્ણપણે કોરા ધાકોડ છે, તો બીજી તરફ અમદાવાદ અને ગાંધીનગર જેવા મોટા શહેરોમાં મહતમ તાપમાન 40 ડિગ્રીને પાર રહેતા અસહ્ય ગરમી અને બફારાનો માહોલ યથાવત્ રહ્યો હતો.

માછીમારો માટે 1 જુલાઈના રોજ સમગ્ર ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં ખરાબ હવામાનને કારણે ચેતવણી આપવામાં આવી છે, જ્યાં પવનની ગતિ 40થી 50 કિમી અને વધીને 60 કિમી પ્રતિ કલાક સુધી પહોંચી શકે છે. આગામી 2થી 3 દિવસમાં



ગુજરાતના કેટલાક ભાગોમાં ચોમાસું આગળ વધવાની સંભાવના છે, કારણ કે હાલમાં ઉત્તર ગુજરાત અને તેની આસપાસ એક સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય છે અને આંધ્રપ્રદેશથી મધ્ય મહારાષ્ટ્ર સુધીની ટ્રફ લાઇન પણ હજુ યથાવત છે. હવામાન વિભાગ દ્વારા આજે દક્ષિણ ગુજરાતના વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, સુરત, ડાંગ, તાપી, નવસારી અને વલસાડ જિલ્લાઓ તેમજ દમણ અને દાદરા અને નગર હવેલીમાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ અથવા ગાજવીજ સાથે વરસાદ પડવાની શક્યતા વ્યક્ત કરી છે. તેમજ સૌરાષ્ટ્રના અમરેલી, ભાવનગર અને ગીર સોમનાથ જિલ્લાઓ તેમજ દીવમાં પણ છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ અથવા ગાજવીજ સાથે વરસાદ પડવાની આગાહી કરી છે. જ્યારે રાજ્યના બાકીના તમામ જિલ્લાઓમાં હવામાન સુકું રહેવાની શક્યતા છે. 28 જૂન: અમરેલી, ગીર સોમનાથ, દીવ, ભાવનગર, દાહોદ, છોટાઉદેપુર, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, દમણ, દાદરા નગર હવેલીમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી.

29 અને 30 જૂન: અમરેલી, ગીર સોમનાથ, દીવ, ભાવનગર, વડોદરા, ભરૂચ, છોટાઉદેપુર, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, દમણ, દાદરા નગર હવેલીમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી. 1 જુલાઈ: વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડ તેમજ દમણ અને દાદરા અને નગર હવેલી ખાતે છૂટાછવાયા સ્થળોએ વીજળીના કડાકા સાથે મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. જેમાં 40-50 કિમી પ્રતિ કલાકની ઝડપે પવનની ગતિ રહેવાની શક્યતા છે. 2 જુલાઈ:દક્ષિણ ગુજરાતના સુરત, ડાંગ, નવસારી, વલસાડ જિલ્લાઓ તેમજ દમણ અને દાદરા અને નગર હવેલી ખાતે છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદ પડવાની ખૂબ શક્યતા છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599

